અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 29 ઓક્ટોબર 2026 ગુરુવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, આસો સુદ - 19 | અંક : 120 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 ઇઝરાયલમાં ગેમ ચેન્જ, વલણોમાં નેતન્યાહૂનું ગઠબંધન આગળ: ઓપિનિયન પોલમાં હારનું અનુમાન હતું

4 100% ઈથેનોલ : ઊર્જા આત્મનિર્ભરતાનું વરદાન કે આકરી પરીક્ષા!

6  ICC T20 રેન્કિંગમાં ઉથલપાથલ, ઈશાન કિશનને પછાડી અભિષેક શર્મા દુનિયાનો નંબર-1 બેટર

7  અદાણી પોર્ટ્સનો નફો 18% વધીને ₹3,682 કરોડ થયો: બીજા ત્રિમાસિક ગાળામાં આવક 24% વધી

હવે મોંઘવારી ભથ્થું વધીને 63% થયું

કેન્દ્રીય કર્મચારીઓની દિવાળી સુધરી : DAમાં 3% નો વધારો

આ વધારો 1 જુલાઈથી અમલી ગણાશે : આ સમયગાળાની બાકી રકમ (એરિયર્સ) ઓક્ટોબરના પગારમાં ઉમેરીને નવેમ્બરમાં ચૂકવવામાં આવશે

નવી દિલ્હી, તા.28

દિવાળી પહેલાં, સરકારે ૧ કરોડથી વધુ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને મોટી રાહત આપી છે. કેબિનેટે મોંઘવારી ભથ્થામાં ૩ %નો વધારો મંજૂર કર્યો છે, જેનાથી કુલ DA વધીને ૬૩ % થયો છે. વિગતો અનુસાર, આ વધારો ૧ જુલાઈથી અમલી ગણાશે. આ સમયગાળાની બાકી રકમ (એરિયર્સ) ઓક્ટોબરના પગારમાં ઉમેરીને નવેમ્બરમાં ચૂકવવામાં આવશે. DAમાં થયેલા આ વધારાને કારણે કેન્દ્ર સરકાર પર રૂપિયા ૧૦,૦૧૬ કરોડનો વધારાનો નાણાકીય બોજ પડશે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો દશેરાથી જ આ વધારાની રાહ જોઈ રહ્યા હતા. અગાઉની બે સાપ્તાહિક કેબિનેટ બેઠકોમાં કોઈ જાહેરાત ન થતાં, આ વધારાની માંગ વધુ પ્રબળ બની હતી.

મોંઘવારી ભથ્થું મૂળ પગારના (બેઝિક પે) ટકાવારી તરીકે ગણવામાં આવે છે. તેથી, DAમાં વધારો થવાથી કર્મચારીના પગારમાં પણ વધારો થાય છે. પરિવહન ભથ્થું (Transport Allowance - TPTA) જે પગારનો એક ભાગ છે અને DA સાથે જોડાયેલું છે. તેમાં પણ વધારો થાય છે. DA ૬૦ % થી વધીને ૬૩% થવાથી, 'લેવલ ૫' પરના કેન્દ્ર સરકારના કર્મચારી કે જેમનો મૂળ પગાર રૂપિયા ૨૯,૨૦૦ છે. તેમના પગારમાં નોંધપાત્ર વધારો જોવા મળી શકે છે. નિષ્ણાતોના અંદાજ મુજબ, DAના હિસ્સામાં માસિક રૂપિયા ૮૭૬ નો વધારો થશે. આ ઉપરાંત, પરિવહન ભથ્થામાં (TPTA) પણ આશરે રૂપિયા ૧૦૮નો વધારો થશે.

DAમાં આ વધારો ૭મા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના આધારે નક્કી કરાયેલા સૂત્ર મુજબ લાગુ કરવામાં આવ્યો છે. છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચ (CPC) હેઠળ આવતા કર્મચારીઓ માટે, મોંઘવારી ભથ્થું/મોંઘવારી રાહત (DA/DR) મૂળ પગારના ૨૬૨% થી વધીને ૨૬૯ % થશે. જેમાં ૭ % નો વધારો છે. આ ફેરફાર ૧ જુલાઈ, ૨૦૨૬ થી અમલી બનશે. જ્યારે, પાંચમા કેન્દ્રીય પગાર પંચ (CPC) હેઠળ આવતા કર્મચારીઓ માટે, (DA/DR) મૂળ પગારના ૪૮૩ % થી વધીને ૪૯૭ % થશે. જેમાં ૧૪% નો વધારો છે. આ વધારો પણ ૧ જુલાઈ, ૨૦૨૬ થી અમલી થશે. કેન્દ્રની મોદી સરકારે આપેલ અન્ય મહત્વપૂર્ણ મંજૂરીઓમાં રુપિયા ૧૦,૦૦૦ કરોડની ફાળવણી સાથે 'કન્ટેનર મેન્યુફેક્ચરિંગ પ્રમોશન સ્કીમ' (કન્ટેનર ઉત્પાદન પ્રોત્સાહન યોજના), રૂ.૧,૮૫૬ કરોડના ખર્ચ સાથે 'ખેલો ઈન્ડિયા સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ' (ખેલો ઈન્ડિયા રમતગમત સામગ્રી ઉત્પાદન યોજના), અને રૂ.૭,૩૯૫ કરોડની ફાળવણી સાથે 'પ્રધાનમંત્રી વિકસિત ગ્રામ સ્વરાજ યોજના'નો સમાવેશ થાય છે. 'ખેલો ઈન્ડિયા સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ' આઠ વર્ષના સમયગાળા માટે (નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી નાણાકીય વર્ષ ૨૦૩૩-૩૪ સુધી) અમલમાં રહેશે. તેમાં બે મુખ્ય ઘટકો છે. ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહનો અને એક વ્યાપક ઈકોસિસ્ટમ (પરિસ્થિતિકી તંત્ર) વિકસાવવા માટેના પગલાં. આ યોજના હેઠળના પ્રોત્સાહનોમાં સમર્પિત ઉત્પાદન ઝોનની રચના, મુખ્ય રોકાણો (એન્કર ઈન્વેસ્ટમેન્ટ્સ) માટે સહાય, ટર્નઓવર આધારિત સહાય અને હાલના ક્લસ્ટરો (ઉદ્યોગ સમૂહો) માટે મદદનો સમાવેશ થાય છે. ઈકોસિસ્ટમ વિકસાવવાના પગલાંમાં પ્રમાણપત્ર અને પરીક્ષણ, સંશોધન અને કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ્સ માટે સહાય, તેમજ બ્રાન્ડિંગ અને પહોંચ વધારવાની પહેલોનો સમાવેશ થાય છે.

મોંઘવારી ભથ્થું કેન્દ્ર સરકારના કર્મચારીઓને અપાતું વધારાનું ભથ્થું છે. તેનો ઉદ્દેશ્ય મોંઘવારીને કારણે કર્મચારીઓની ખરીદી ક્ષમતા પર પડનાર અસરને ઘટાડવાનો છે. તેની ગણતરી કર્મચારીના મૂળ પગારના ટકાના આધારે કરવામાં આવે છે. ડીએમાં વધારો થવા પર કર્મચારીઓની કુલ માસિક આવકમાં વધારો થાય છે. તો પેન્શનરોને મોંઘવારી રાહતનો લાભ મળે છે. નવો દર લાગૂ થવાની તારીખના આધાર પર કર્મચારીઓને એરિયરનો લાભ પણ મળશે.

PM મોદીએ પૂછ્યું- કોંગ્રેસ કેટલી MLC બેઠકો જીતી: ચૂંટણી બેલેટ પેપરથી યોજાઈ

મુંબઈ, તા.28

MLC ચૂંટણીના પરિણામો પર PM મોદીએ કોંગ્રેસ પર કટાક્ષ કર્યો છે. તેમણે કહ્યું, '4 મોટા રાજ્યો- ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર અને કર્ણાટકમાં 28 બેઠકો પર MLC ચૂંટણી યોજાઈ. ચૂંટણી બેલેટ પેપરથી યોજાઈ. અંદાજ લગાવો કે કોંગ્રેસે કેટલી બેઠકો જીતી.' આ 28 બેઠકોમાંથી કોંગ્રેસ પાસે 4 બેઠકો હતી. પાર્ટી આ ચૂંટણીઓમાં એક પણ બેઠક જીતી શકી નથી. ભાજપને 10 બેઠકો મળી, જ્યારે સહયોગી પાર્ટીઓ JDU-JDSને એક-એક બેઠક પર જીત મળી છે. કોંગ્રેસ સહિત સમગ્ર વિપક્ષનો આરોપ છે કે ભાજપ EVMમાં હેરફેર કરીને ચૂંટણી જીતતું આવ્યું છે. તાજેતરના

SIRના વિરોધ દરમિયાન પણ વિપક્ષે ભાજપ અને ચૂંટણી પંચ પર મતચોરી કરીને ચૂંટણી જીતવાનો આરોપ લગાવ્યો હતો. લોકસભા અને વિધાનસભાની ચૂંટણી પણ EVMને બદલે બેલેટ પેપરથી કરાવવાની માગ કરવામાં આવી રહી છે. યુપીના ગોરખપુરમાં ભાજપના ઉમેદવાર ધ્રુવ ત્રિપાઠીની સરસાઈ સતત ઘટી રહી છે. અપક્ષ ઉમેદવાર રાજીવ યાદવ તેમને ટક્કર આપી રહ્યા છે.

આગ્રામાં ઈસ્લામ ધર્મ સ્વીકારવાની ધમકી આપનાર સપાના ઉમેદવાર આકાશ અગ્રવાલ જીતી ગયા છે. શિક્ષક બેઠક પર તેમણે ભાજપના ઉમેદવાર હરિ કિશોર તિવારીને હરાવ્યા. આગ્રા ગ્રેજ્યુએટ બેઠક પર ભાજપના માનવેન્દ્ર પ્રતાપ સિંહ અને ઝાંસી ગ્રેજ્યુએટ બેઠક પર સપાના ડૉ. માન સિંહ યાદવે જીતનો દાવો કર્યો છે. જોકે, સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે. બિહાર વિધાન પરિષદની 8 બેઠકોમાંથી 4 શિક્ષક મતવિસ્તારની બેઠકોનું પરિણામ જાહેર થઈ ગયું છે. પટના શિક્ષક બેઠક પર 30 વર્ષ બાદ ભાજપની હાર થઈ છે. આરજેડીના ડૉ. સંજીવે નૌવલ કિશોરને 1057 મતોથી હરાવ્યા છે. તિરહુત શિક્ષક બેઠક પરથી ભાજપના નરેન્દ્ર સિંહ 600 મતોથી જીત્યા. સારણ શિક્ષક બેઠક પરથી ભાજપના બળવાખોર અને અપક્ષ રાહુલ રાજે 1815 મતોથી જીત નોંધાવી છે. દરભંગામાં જનસુરાજના સુરેશ પ્રસાદ રાયે જીત નોંધાવી છે. તિરહુત સ્નાતક બેઠક પરથી વંશીધર સતત આગળ ચાલી રહ્યા છે. કર્ણાટકમાં MLCની ચાર બેઠકો પર કોંગ્રેસને હારનો સામનો કરવો પડ્યો. વિપક્ષી જનતા દળ (સેક્યુલર) એટલે કે જેડીએસે કોંગ્રેસ પાસેથી એક બેઠક છીનવી લીધી, જ્યારે તેની સહયોગી ભાજપે પોતાની ત્રણેય બેઠકો જાળવી રાખી. બેંગલુરુ શિક્ષક બેઠક પર ભાજપના સમર્થનથી ચૂંટણી લડી રહેલા જેડીએસ ઉમેદવાર એપી રંગનાથે કોંગ્રેસના વર્તમાન એમએલસી પુટ્ટન્નાને 908 મતોથી હરાવ્યા.

ચૂંટણી પંચ ફોર્મ 6, 7, 8માં ફેરફાર કરી શકતું નથી:દિલ્હી SIR અંગે સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.28

દિલ્હીમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનને લઈને સુપ્રીમ કોર્ટે બુધવારે ચૂંટણી પંચને પ્રશ્નો કર્યા. કોર્ટે પૂછ્યું કે ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બહાર રહેલા આશરે 43 લાખ મતદારોમાંથી જેમના નામ 'સ્થળાંતરિત અથવા ગેરહાજર' શ્રેણીમાં નોંધાયેલા છે, તેમને ફરીથી નામ જોડાવવા માટે Form-6 ભરવા માટે કેમ કહેવામાં આવી રહ્યું છે.

આ ફોર્મ નવા મતદારોની નોંધણી માટે હોય છે, જ્યારે આ લોકો પહેલેથી જ મતદાર યાદીમાં સામેલ હતા. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કહ્યું કે ફોર્મ 6, 7 અને 8માં ફેરફાર કરી શકાય નહીં.

દિલ્હીમાં SIR પહેલાં આશરે 1.45 કરોડ મતદારો હતા. 31 ઑગસ્ટે જાહેર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં આશરે 97.53 લાખ નામ સામેલ કરવામાં આવ્યાં. આ રીતે લગભગ 47.57 લાખ નામ ડ્રાફ્ટ યાદીમાંથી બહાર રહ્યાં.

ફોર્મ 6નો વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે ગયા મહિને 'ઇન્ડિયન એક્સપ્રેસ'એ અહેવાલ આપ્યો કે બે ચૂંટણી કમિશનરોએ SIRના ફોર્મ 6માં કરાયેલા ફેરફારો સામે વાંધો ઉઠાવ્યો હતો. આ આધારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી.

ફોર્મ-6ને લઈને વિપક્ષનો મુખ્ય આરોપ છે કે ચૂંટણી પંચે નવા મતદારોના ફોર્મમાં SIR સંબંધિત વધારાની ઘોષણા ઉમેરીને નિયમોનું ઉલ્લંઘન કર્યું અને પ્રથમ વખત મતદાર બનનારાઓ માટે બિનજરૂરી અડચણ ઊભી કરી.

નીતિન નબીન બોલ્યા- વિપક્ષ ઘોસ્ટ મતદારોની યાદી ઇચ્છતો હતો: જેથી તેમની રાજનીતિ ચાલતી રહે

નવી દિલ્હી, તા.28

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને બુધવારે દિલ્હીમાં જણાવ્યું કે, SIRના માધ્યમથી મતદારોની યાદીમાં સુધારો કરવામાં આવ્યો છે. આવા મતદારો છે જેમનું અવસાન થઈ ચૂક્યું છે, પરંતુ તેમનાં નામ મતદાર યાદીમાં હજુ પણ નોંધાયેલા છે. કેટલાક લોકોનાં નામ બે અલગ-અલગ સ્થળોની મતદાર યાદીમાં નોંધાયેલા છે. આવા કરોડો મતદારો છે જેમનાં નામ એકથી વધુ વખત નોંધાયેલા છે, જ્યારે અન્ય ઘણા લોકોનું કોઈ સરનામું મળી શકતું નથી. આને જ 'ઘોસ્ટ વોટર્સ લિસ્ટ'

કહેવામાં આવે છે. તેઓ (વિપક્ષ) ઈચ્છતા હતા કે આવી મતદાર યાદી યથાવત રહે, જેથી તેમના રાજકીય હિતો પૂરા થતા રહે. પરંતુ અમે વ્યવસ્થાને સ્વચ્છ કરવામાં વિશ્વાસ રાખનારા લોકો છીએ. ભાજપ દ્વારા આજે દિલ્હીમાં ગૌરી શંકર મંદિરથી શરૂ થઈને ટાઉન હોલ સુધી લગભગ 1.5 કિલોમીટર લાંબી પદયાત્રા કાઢવામાં આવી. નિતિન નવીન ઉપરાંત મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને અન્ય નેતાઓ પણ તેમાં જોડાયા. સાંજે 5 વાગ્યા સુધી રસ્તાઓ પર વાહનોની અવરજવર મર્યાદિત રહેશે. આ દરમિયાન નેતાજી સુભાષ માર્ગ અને નિષાદ રાજ માર્ગ પર વાહનોની અવરજવર પ્રતિબંધિત અથવા નિયંત્રિત રહેશે. રેલ ચોક, હનુમાન સેતુની નીચે, રાજા રામ કોહલી માર્ગ, સુભાષ માર્ગના ટી-પોઈન્ટ, દિલ્હી ગેટ અને શાંતિ વન ચોક પર વાહનોને અન્ય માર્ગો પરથી મોકલવામાં આવશે.

ટાટા ગ્રૂપને બરબાદ કરાઈ રહ્યું છે અને ઉદ્યોગપતિઓમાં બોલવાની હિંમત નથી: રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.28

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે ટાટા જૂથને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ટાટા જૂથને સુનિયોજિત રીતે બરબાદ કરવામાં આવી રહ્યું છે અને દેશનો કોઈ પણ ઉદ્યોગપતિ આ મુદ્દે ખુલીને બોલવાની હિંમત દાખવી રહ્યો નથી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'x' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, 'ભારતીય વ્યાપાર કે ઉદ્યોગો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું કોઈ અંગત રમકડું નથી. ભલે ઉદ્યોગપતિઓમાં બોલવાની હિંમત ન હોય, પરંતુ કોંગ્રેસમાં છે અને આ કથિત અપરાધો માટે ન્યાય સુનિશ્ચિત કરવામાં આવશે.

ટાટા જૂથની મુખ્ય કંપની 'ટાટા સન્સ'માં અત્યારે લીડરશીપ અંગે મોટો આંતરિક વિવાદ ચાલી રહ્યો છે. 17 સપ્ટેમ્બરના રોજ બોર્ડ બેઠકમાં એન. ચંદ્રશેખરનને ફરીથી ચેરમેન બનાવવાનો પ્રસ્તાવ પાસ કરાયો હતો. જોકે, ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટાએ આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે અને તેને પડકાર્યો છે. બંને ટોચના પદો વચ્ચેનો આ મતભેદ હવે બોર્ડ ઑફ ડિરેક્ટર્સ સુધી પહોંચી ગયો છે, જેના કારણે દેશના કોર્પોરેટ જગતમાં ભારે ચર્ચા જાગી છે.

રાહુલ ગાંધીએ દેશના ઉદ્યોગપતિઓ સામે સવાલ ઉઠાવ્યો

છે કે તેઓ ક્યાં સુધી આમને આમ શાંત બેસી રહેશે? શું તેઓ ત્યારે જ અવાજ ઉઠાવશે જ્યારે બધું જ તેમના હાથમાંથી નીકળી જશે? રાહુલ ગાંધીના આ ગંભીર આરોપો અને ટાટા સન્સના નેતૃત્વ સંબંધિત વિવાદ પર હજુ સુધી કેન્દ્ર સરકાર કે ટાટા ગ્રૂપ તરફથી કોઈ સત્તાવાર નિવેદન કે જવાબ આવ્યો નથી. આ સમગ્ર ઘટનાને કારણે દેશના રાજકારણ અને વેપાર ક્ષેત્રમાં મોટી ચર્ચા શરુ કરી દીધી છે.

રાહુલ ગાંધીને બુધવારે કહ્યું કે- ટાટાને ગુનાહિત રીતે બરબાદ કરવામાં આવી રહ્યા છે, અને કોઈપણ બિઝનેસ લીડર એક શબ્દ પણ કહેવાની હિંમત કરી રહ્યો નથી. તેમણે X પર લખ્યું- ભારતીય બિઝનેસ સરકારનું રમકડું નથી. અમે આ ગુનાઓનો ન્યાય કરીશું.

આના જવાબમાં નાણાં મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે રાહુલ અવિશ્વાસ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે દરેક મુદ્દાનું રાજકીયકરણ કરવાથી બચવું જોઈએ. તેમણે કહ્યું કે મોદી સરકાર ભારતીય ઉદ્યોગને રોજગાર આપનાર અને આર્થિક વિકાસનો આધાર માને છે. સરકારની નીતિઓ વ્યવસાયને પ્રોત્સાહન આપવા, ઉદ્યોગને ટેકો આપવા અને રોકાણને પ્રોત્સાહિત કરવા માટે બનાવવામાં આવી છે.

સીતારમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ દાયકાઓ સુધી 'લાઈસન્સ-કોટા રાજ' દ્વારા ભારતીય ઉદ્યોગસાહસિકોની ભાવનાને દબાવી રાખી. તેમણે આરોપ મૂક્યો કે કોંગ્રેસે કરોડો ભારતીયોને ગરીબીમાં ધકેલી દીધા. તેમણે કહ્યું કે રાજકીય પક્ષો, નેતાઓ, સરકારો અને સંસ્થાઓની જવાબદારી સમાન છે. સૌએ ઉદ્યોગને ટેકો આપવો, ખેડૂતોને મજબૂત બનાવવા અને યુવાનોનું ભવિષ્ય સુરક્ષિત કરવું જોઈએ.

સુરતના મોટા વરાછામાં ગાર્ડન વેસ્ટના ઢગલામાં ભીષણ આગ, 10 કલાકની જહેમત બાદ કાબૂ મેળવાયો

સુરત, તા.29

સુરત મહાનગરપાલિકાના વરાછા 'બી' ઝોન વિસ્તારમાં ગાર્ડન વેસ્ટના વૈજ્ઞાનિક નિકાલની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. મોટા વરાછા સ્થિત દુખિયાના દરબાર રોડ પર આવેલા ખુલ્લા પ્લોટમાં મધરાતે કચરાના વિશાળ ઢગલામાં ભીષણ આગ ભભૂકી ઊઠતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પ્લોટમાં એકત્ર કરવામાં આવેલા સૂકાં પાંદડાં, વૃક્ષોની ડાળીઓ અને અન્ય ગાર્ડન વેસ્ટમાં આગ લાગતાં જોતજોતામાં જ્વાળાઓએ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી ભયાનક હતી કે તેને કાબૂમાં લેવા માટે સુરત ફાયર વિભાગનાં છ ફાયર સ્ટેશનોની ટીમોને કામે લગાડવી પડી હતી. અંદાજે 40થી 50 ફાયર જવાનોએ આખી રાત ભારે જહેમત ઉઠાવી હતી અને આશરે અઢીથી ત્રણ લાખ લિટર પાણીનો ઉપયોગ કરીને 10 કલાકથી વધુ સમય બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આ કામગીરી દરમિયાન ફાયર વિભાગના પાંચ કર્મચારીઓ લપસી પડતાં ઈજાગ્રસ્ત થયા હતા. તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાએ માત્ર આગ લાગવાની સમસ્યા જ નહીં, પરંતુ ગાર્ડન વેસ્ટના નિકાલ માટે કરવામાં આવતી વ્યવસ્થા અંગે પણ અનેક સવાલો ઊભા કર્યા છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, છેલ્લા બે મહિનામાં આ જ સ્થળે ત્રણથી ચાર વખત આગ લાગવાની ઘટનાઓ બની છે. વારંવાર એક જ સ્થળે કચરાના ઢગલામાં આગ લાગતાં ગાર્ડન વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ થાય છે કે નહીં તે અંગે શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. કેટલાક સ્થાનિકો દ્વારા એવી આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે કે કચરાના નિકાલના ખર્ચ અને પ્રોસેસિંગની કામગીરી અંગે તપાસ થવી જોઈએ. જોકે, ગાર્ડન વેસ્ટ જાણીજોઈને સળગાવવામાં આવ્યો હોવાના આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. આથી સમગ્ર મામલે વાસ્તવિક હકીકત જાણવા માટે તપાસ જરૂરી બની છે.

ફાયર વિભાગના કંટ્રોલ રૂમમાંથી મળેલી વિગતો મુજબ, મોડી રાત્રે આશરે દોઢ વાગ્યાના

અરસામાં મોટા વરાછા વિસ્તારમાં કર્માનંદ બંગલો પાસે આવેલા દુખિયાના દરબાર રોડ પરના ખુલ્લા પ્લોટમાં આગ લાગ્યાનો કોલ મળ્યો હતો. પ્લોટમાં મોટા પ્રમાણમાં સૂકાં પાંદડાં, ઝાડની ડાળીઓ અને અન્ય ગાર્ડન વેસ્ટ એકત્રિત કરવામાં આવ્યો હતો. સૂકો અને જ્વલનશીલ કચરો હોવાથી આગ ઝડપથી ફેલાઈ હતી. આગની જ્વાળાઓ ઊંચે સુધી દેખાવા લાગી હતી, જ્યારે ધુમાડાના ગોટેગોટા આસપાસના વિસ્તારમાં ફેલાતાં સ્થાનિક લોકોમાં ચિંતા પ્રસરી હતી. રાત્રિના સમયે બનેલી આ ઘટનાને કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં પણ લોકોનું ધ્યાન આગ તરફ ખેંચાયું હતું.

ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. આગની ગંભીરતા અને પ્લોટમાં રહેલા કચરાના વિશાળ જથ્થાને ધ્યાનમાં રાખીને મોટા વરાછા, કોસાડ, વરિયાવ, અશ્વિનીકુમાર અને સરથાણા સહિતનાં ફાયર સ્ટેશનોમાંથી ટીમોને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. કુલ છ જેટલાં ફાયર ટેન્ડરો અને 40થી 50 જેટલા ફાયર જવાનો આગ ઓલવવાની કામગીરીમાં જોડાયા હતા. ફાયર ઓફિસર રાકેશ ગાવિત સહિતની ટીમે સતત પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવવાના પ્રયાસો કર્યા હતા. જોકે, ગાર્ડન વેસ્ટનો ઢગલો મોટો હોવાને કારણે આગના અંદરના ભાગ સુધી પહોંચવું અને સંપૂર્ણપણે આગ બુઝાવવી પડકારજનક બની હતી.

ફાયર વિભાગના જવાનોએ રાતભર કામગીરી ચાલુ રાખી હતી. સૂકાં પાંદડાં અને વૃક્ષોની ડાળીઓના ઢગલામાં આગ અંદર સુધી ફેલાઈ ગઈ હોવાથી માત્ર ઉપરથી પાણીનો મારો ચલાવવાથી આગ સંપૂર્ણપણે બુઝાવવી મુશ્કેલ બની હતી. આ કારણે લાંબા સમય સુધી પાણીનો ઉપયોગ કરવો પડ્યો હતો. મળતી માહિતી મુજબ, આગ પર કાબૂ મેળવવા માટે અંદાજે અઢીથી ત્રણ લાખ લિટર પાણીનો વપરાશ થયો હતો. સતત પ્રયાસો બાદ સવારે આશરે 10:30 વાગ્યે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી શકાયો હતો. ત્યારબાદ પણ કચરાના ઢગલામાં ફરી આગ ન ભભૂકે તે માટે બપોર સુધી કૂલિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન ફાયર જવાનોએ સાવચેતી રાખીને આગના સ્થળની તપાસ પણ કરી હતી. આગ બુઝાવવાની કામગીરી દરમિયાન ફાયર વિભાગના પાંચ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા હોવાની વિગતો સામે આવી છે. પ્લોટની સપાટી અસમતલ હોવાથી તેમાં ખાડા-ટેકરા અને કચરાના ઢગલા વચ્ચે અવરજવર કરવી મુશ્કેલ બની હતી. આગ ઓલવવા માટે સતત દોડધામ કરતી વખતે પાંચ જવાનો લપસી પડ્યા હતા, જેના કારણે તેમને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. જોકે, સદનસીબે કોઈ કર્મચારી આગમાં દાઝ્યો હોવાની માહિતી સામે આવી નથી. ઈજાગ્રસ્ત તમામ પાંચ જવાનોને તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અમદાવાદમાં ફટાકડા ઉત્પાદનના તમામ લાયસન્સ રદ, શહેરમાં હવે એકપણ મેન્યુફેક્ચરિંગ યુનિટ ચાલુ નહીં રહે

અમદાવાદ, તા.29

દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેરમાં ફટાકડાના ગેરકાયદે ઉત્પાદન અને વેચાણ સામે પોલીસ વિભાગ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. શહેરમાં અગાઉ ફટાકડા ઉત્પાદન માટે આપવામાં આવેલા તમામ 6 પરવાના રદ અને મોકૂફ કરી દેવામાં આવ્યા છે, જેથી હાલ અમદાવાદ શહેરમાં એકપણ કાયમી ફટાકડા ઉત્પાદન એકમ કાર્યરત નથી.

આ ઉપરાંત, કાયમી ધોરણે ફટાકડા વેચાણ કરતા 145 દુકાનદારો પૈકી નિયમોનું ઉલ્લંઘન કરનારા 9 એકમોના લાયસન્સ રદ કરી 7 મોકૂફ કરાયા છે, જ્યારે બાંધકામના નિયમો ન જાળવનારા 17 વેપારીઓને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. તહેવારો દરમિયાન હંગામી ધોરણે સ્ટોલ કે વેચાણ માટે અત્યાર સુધીમાં મળેલી 96 અરજીઓ પૈકી યોગ્ય અભિપ્રાય ધરાવતી 14 અરજીઓને તાકીદે મંજૂરી આપવામાં આવી છે.

શહેરમાં ફટાકડાના ઉત્પાદન અને વેચાણ માટે કાયમી તેમજ હંગામી ધોરણે અલગ-અલગ લાયસન્સ ઈશ્યૂ કરવામાં આવતા હોય છે. શહેરમાં ફટાકડા ઉત્પાદન માટે અગાઉ 6 પરવાના હતા, જે તમામ રામોલ વિસ્તારમાં આવેલા

એકમો હતા. તાજેતરમાં બનેલી ઘટના બાદ આ 6 પૈકી 4 એકમોના લાયસન્સ કાયમી ધોરણે રદ કરી દેવાયા છે અને 2 એકમોના પરવાના મોકૂફ કરાયા છે. પરિણામે, હવે અમદાવાદ શહેરમાં ફટાકડા બનાવવાની એક પણ મંજૂરી અસ્તિત્વમાં નથી.

વેચાણ પરવાના અંગે તેમણે સ્પષ્ટતા કરી હતી કે, શહેરમાં કુલ 145 કાયમી વેચાણ પરવાનામાંથી 105 લાયસન્સ રિન્યૂ કરાયા છે, જ્યારે 9 લાયસન્સ રદ અને 7 મોકૂફ રખાયા છે. બાકી રહેલા 24 પૈકી ફાયર બ્રિગેડ સહિતની વિવિધ એજન્સીઓના અભિપ્રાય હેઠળ 7 પરવાનાની પ્રક્રિયા ચાલુ છે, જ્યારે નિયમ અનુસારનું બાંધકામ ન હોવાનું સામે આવતાં 17 દુકાનદારોને લાયસન્સ રદ કરવા અંગેની નોટિસ આપવામાં આવી છે.

હંગામી લાયસન્સ બાબતે પોલીસ અધિકારીએ ઉમેર્યું કે, 30 દિ વ સની મુદત માટે અપાતા હં ગામી લાયસન્સ માટે અત્યાર સુ ધીમાં 96 અરજીઓ આવી છે, જેમાંથી સંબંધિત પોલીસ મથકોના હકારાત્મક અભિપ્રાય આવતાં 14 લાયસન્સ મંજૂર કરાયા છે. બાકીની અરજીઓ તેમજ મંગળવારે આવેલી નવી 3 અરજીઓ અંગે સ્થાનિક પો લીસ સ્ટેશનનો રિપોર્ટ આવ્યા બાદ ત્વરિત નિર્ણય લેવાશે. ફટાક ડાના વેચાણ દરમિયાન બે દુકા નો વચ્ચે ઓછામાં ઓછું 15 મીટરનું અંતર જાળવવું ફરજિયાત છે. ત મામ પોલીસ સ્ટેશનના પીઆઈ ને તેમના વિસ્તારમાં લાયસન્સ વિના ગેરકાયદે ફટાકડાનું વેચાણ ન થાય તે માટે દુકાનોનું સતત અને આકસ્મિક ચેકિંગ કરવા કડક આદેશો અપાયા છે.

કોળી મહોલ્લામાં 15 દિવસથી પીળા-દુર્ગંધ યુક્ત પાણીનું વિતરણ: નાના બાળકોને સ્કિન એલર્જી અને ઝાડા-ઊલટીની સમસ્યા

સુરત, તા.29

સુરતના અડાજણ વિસ્તારમાં આવેલા કોળી મહોલ્લામાં છેલ્લા 15 દિવસથી પીળું, વાસ મારતું અને અત્યંત ગંદુ પાણી સપ્લાય થઈ રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સવારે પાણી આવે ત્યારે 8 વાગ્યા સુધી એટલું દૂષિત પાણી હોય છે કે ડોલમાં હાથ નાખવો પણ અસહ્ય બની જાય છે. સ્થાનિક મહિલાએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, અમે વારંવાર રજૂઆત કરી હોવા છતાં કોઈ કોર્પોરેટર કે અધિકારી સ્થિતિ જોવા આવ્યા નથી. માત્ર પાણી ગરમ કરીને પીવાની સલાહ આપવામાં આવે છે. દૂષિત પાણીના સતત વપરાશના કારણે વિસ્તારના નાના બાળકોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. સ્થાનિક બાળકીના હાથ પર ચામડીના રોગની ગંભીર અસર જોવા મળી છે. પરિવારજનોએ જણાવ્યું કે, બાળકીને ડૉક્ટર પાસે લઈ જતાં ડૉક્ટરે સ્પષ્ટ કહ્યું છે કે આ બધું ગંદા પાણીના સંપર્કથી થયેલી સ્કિન એલર્જી છે. બાળકોમાં ચામડીની તકલીફો ઉપરાંત ઝાડા, ઊલટી અને પેટના દર્દની ફરિયાદો વકરી રહી છે. દૂષિત પાણીના સતત વપરાશના કારણે વિસ્તારના નાના બાળકોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. સ્થાનિક

બાળકીના હાથ પર ચામડીના રોગની ગંભીર અસર જોવા મળી છે. પરિવારજનોએ જણાવ્યું કે, બાળકીને ડૉક્ટર પાસે લઈ જતાં ડૉક્ટરે સ્પષ્ટ કહ્યું છે કે આ બધું ગંદા પાણીના સંપર્કથી થયેલી સ્કિન એલર્જી છે. બાળકોમાં ચામડીની તકલીફો ઉપરાંત ઝાડા, ઊલટી અને પેટના દર્દની ફરિયાદો વકરી રહી છે.

તહેવારોની સિઝનમાં ગંદા પાણીની સમસ્યા સર્જાતા ગૃહિણીઓની હાલાકી બેવડાઈ ગઈ છે. સ્થાનિક મહિલાઓએ વ્યથા ઠાલવતા કહ્યું કે, દિવાળીના તહેવારમાં ઘરની સાફ-સફાઈ અને કપડાં ધોવા માટે પાણીની સૌથી વધુ જરૂર હોય છે, પરંતુ નળમાંથી ભારે દુર્ગંધ મારતું પાણી આવે છે. વાસણો સાફ કરવા છતાં તેમાંથી વાસ આવતી હોવાથી ઘરકામ કરવું મુશ્કેલ બન્યું છે. પીવાલાયક પાણી ન હોવાથી રહીશો અન્ય વિકલ્પો શોધવા મજબૂર બન્યા છે.

સુરત મહાનગરપાલિકા કરોડો રૂપિયાનું બજેટ ધરાવે છે અને નાગરિકોને શુદ્ધ પાણી આપવાના દાવા કરે છે, પરંતુ વાસ્તવિકતા ચિંતાજનક છે. માત્ર અડાજણ જ નહીં, પરંતુ સચિન, ભેસ્તાન અને ઉધનાના અનેક વિસ્તારોમાં પણ લોકોના ઘરે આવું જ ગંદુ પાણી પહોંચી રહ્યું છે. કોઝવેમાં પાણીનું લેવલ ઘટવા વચ્ચે લોકો બીમારીના ભોગ બની રહ્યા છે. ગંદકીયુક્ત પાણીથી મોટો રોગચાળો ફેલાય તે પહેલાં પાલિકા તંત્ર તાત્કાલિક ઉકેલ લાવે તેવી લોકમાંગ ઉઠી છે.

ગુજરાતમાં આગામી બે દિવસ હળવા વરસાદની આગાહી, દિવસમાં ગરમી અને રાત્રે ઠંડીથી ત્રેવડી ઋતુનો અનુભવ

અમદાવાદ, તા.29

ગુજરાતમાં હાલ હવામાનમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. રાજ્યમાં દિવસ દરમિયાન આકરો તાપ અને ગરમીનો અનુભવ થઈ રહ્યો છે, જ્યારે મોડી રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં ઠંડક પ્રસરી રહી છે. આ વચ્ચે હવે હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. ગરમી, ઠંડક અને વરસાદ એમ ત્રણેય પ્રકારની હવામાન સ્થિતિ એકસાથે જોવા મળવાની શક્યતા હોવાથી રાજ્યમાં ત્રેવડી ઋતુનો અનુભવ થઈ શકે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલી ઉપરાંત અમરેલી અને ભાવનગરમાં હળવો વરસાદ પડી શકે છે.

રાજ્યમાં હાલ દિવસ દરમિયાન તાપમાન ઊંચું રહેતું હોવાથી લોકોને ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ, સૂર્યાસ્ત બાદ તાપમાનમાં ઘટાડો થતાં રાત્રિના સમયે વાતાવરણ થોડું ઠંડું બની જાય છે. આ બદલાતી હવામાન સ્થિતિ વચ્ચે વરસાદની આગાહી થતાં આગામી દિવસોમાં વાતાવરણ વધુ અસ્થિર બની શકે છે. દિવસ દરમિયાન ગરમી, રાત્રે ગુલાબી ઠંડી અને કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ જોવા મળે તેવી શક્યતા છે. જોકે, વરસાદની અસર કયા વિસ્તારમાં કેટલી રહેશે તે સ્થાનિક હવામાન પરિસ્થિતિ પર આધારિત રહેશે. વરસાદની આગાહી ધરાવતા વિસ્તારોના લોકોએ હવામાન વિભાગની નવીનતમ સૂચનાઓ પર નજર રાખવી જરૂરી છે.

રાજ્યમાં તાપમાનની વાત કરીએ તો ગત રાત્રે નલિયામાં 18.6 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ઓછું લઘુતમ તાપમાન નોંધાયું હતું. બીજી તરફ, રાજકોટમાં 39.3 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. આ આંકડા રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં તાપમાનનો મોટો તફાવત દર્શાવે છે. એક તરફ કચ્છના નલિયામાં રાત્રે ઠંડક અનુભવાઈ રહી છે, તો બીજી તરફ રાજકોટમાં ગરમીનો પારો ઊંચો રહ્યો હતો. દિવસ અને રાત્રિના તાપમાન વચ્ચેનો આ તફાવત હવામાનમાં બદલાતી સ્થિતિને

સ્પષ્ટ કરે છે.

અમદાવાદમાં પણ દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થયો હતો. શહેરમાં મહત્તમ તાપમાન 36.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુતમ તાપમાન 22.4 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. દિવસ દરમિયાન સૂર્યપ્રકાશને કારણે ગરમી અનુભવાઈ રહી છે, જ્યારે રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં પ્રમાણમાં ઠંડક રહે છે. હવામાનના આ ફેરફાર વચ્ચે અમદાવાદના લોકોને હાલ દિવસમાં ગરમી અને રાત્રે હળવી ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. હવામાનની સ્થિતિ અંગે મળેલી માહિતી પ્રમાણે, 31 ઓક્ટોબર બાદ શહેરમાં લઘુતમ તાપમાનનો પારો તબક્કાવાર ઘટવાની સંભાવના છે. જો લઘુતમ તાપમાનમાં ઘટાડો થશે, તો રાત્રિ અને વહેલી સવારના સમયે ઠંડકમાં વધારો અનુભવાઈ શકે છે.

રાજ્યના અન્ય શહેરોમાં પણ મહત્તમ તાપમાન ઊંચું નોંધાયું હતું. ભુજમાં 38 ડિગ્રી સેલ્સિયસ, સુરતમાં 37.5 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 37.3 ડિગ્રી, ગાંધીનગરમાં 36.5 ડિગ્રી, વડોદરામાં 36.2 ડિગ્રી અને ભાવનગરમાં 35.8 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. આ આંકડાઓ દર્શાવે છે કે રાજ્યના અનેક વિસ્તારોમાં દિવસ દરમિયાન ગરમીનું પ્રમાણ યથાવત્ છે. ખાસ કરીને કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ઊંચા તાપમાનને કારણે બપોરના સમયે ગરમ વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. જોકે, આગામી બે દિવસ દરમિયાન કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની આગાહીને કારણે સ્થાનિક સ્તરે વાતાવરણમાં ફેરફાર થઈ શકે છે.

આ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં વહેલી સવારે ધુમ્મસની ચાદર છવાઈ હોવાની સ્થિતિ પણ જોવા મળી હતી. સવારે ધુમ્મસને કારણે કેટલીક જગ્યાએ દૃશ્યતા ઘટી શકે છે, જેના કારણે વાહનચાલકોએ સાવચેતી રાખવી જરૂરી છે. ખાસ કરીને હાઈવે અને ખુલ્લા વિસ્તારોમાં વહેલી સવારે વાહન ચલાવતી વખતે યોગ્ય અંતર જાળવવું અને વાહનની ગતિ નિયંત્રિત રાખવી હિતાવહ છે. દિવસ દરમિયાન તાપમાન ઊંચું રહેતું હોવા છતાં વહેલી સવારે ધુમ્મસ અને રાત્રે ઠંડકનો અનુભવ થવો રાજ્યમાં હાલની બદલાતી હવામાન સ્થિતિનો એક ભાગ છે.

હવામાનમાં આવી વધઘટને કારણે નાગરિકોએ પણ પોતાની દિનચર્યામાં જરૂરી સાવચેતી રાખવી જોઈએ. દિવસ દરમિયાન ગરમી વધુ હોય ત્યારે પૂરતું પાણી પીવું અને લાંબા સમય સુધી સીધા તડકામાં રહેવાનું ટાળવું ઉપયોગી બની શકે છે. બીજી તરફ, રાત્રે અને વહેલી સવારે તાપમાનમાં ઘટાડો અનુભવાય તો ખાસ કરીને બાળકો અને વૃદ્ધોએ પોતાની અનુકૂળતા મુજબ કપડાં પહેરવા જોઈએ. જે વિસ્તારોમાં વરસાદની આગાહી છે ત્યાં બહાર નીકળતા પહેલાં હવામાનની તાજી માહિતી મેળવી લેવી યોગ્ય રહેશે.

હાલ ગુજરાતમાં દિવસ દરમિયાન ગરમી, રાત્રે ઠંડક અને કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની સંભાવનાને કારણે હવામાનનું મિશ્ર ચિત્ર જોવા મળી રહ્યું છે. આગામી બે દિવસ દરમિયાન નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલી, અમરેલી તથા ભાવનગરમાં હળવો વરસાદ પડી શકે છે.

સુરતના VR મોલના જાણીતા બોનઝાઇ કેફેના સિઝલરમાંથી જીવાત નીકળ્યાનો આક્ષેપ, વીડિયો વાયરલ થતાં ફૂડ વિભાગ તપાસ કરશે

સુરત, તા.29

સુરત શહેરમાં હોટલ અને રેસ્ટોરન્ટમાં પીરસવામાં આવતી ખાણીપીણીની ગુણવત્તા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરના જાણીતા VR મોલમાં આવેલા પ્રખ્યાત બોનઝાઈ કેફેમાં ગ્રાહકને પીરસવામાં આવેલા સિઝલરમાંથી જીવાત મળી હોવાનો મામલો સામે આવ્યો છે. પરિવાર સાથે જમવા ગયેલા ગ્રાહકને ભોજનની વચ્ચે જીવાત દેખાતાં સમગ્ર ઘટનાને લઈને વિવાદ સર્જાયો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સુરતના ખાણીપીણીના વ્યવસાયમાં સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના નિયમોના પાલન અંગે ચર્ચા શરૂ થઈ ગઈ છે. મામલો સામે આવ્યા બાદ સુરત મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી વિભાગે પણ ધ્યાન આપ્યું છે. ફૂડ સેફ્ટી ઓફિસર ભાવેશ બ્રહ્મભટ્ટે વાયરલ વીડિયો અંગે જાણકારી મળ્યાનું જણાવી સ્થળ તપાસ કરીને સમગ્ર મામલાની વિગતો એકત્રિત કર્યા બાદ જરૂરી કાર્યવાહી કરવાની વાત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, એક ગ્રાહક પોતાના પરિવાર સાથે સુરતના VR મોલમાં આવેલા બોનઝાઈ કેફેમાં જમવા માટે ગયા હતા. કેફે જાણીતું હોવાથી પરિવારને ત્યાં વિવિધ વાનગીઓનો સ્વાદ માણવાની અપેક્ષા હતી. શરૂઆતમાં ભોજન સામાન્ય લાગ્યું હતું અને ગ્રાહકો આરામથી જમતા હતા. જોકે, જ્યારે તેઓ સિઝલર ખાઈ રહ્યા હતા ત્યારે વાનગીમાં જીવાત જોવા મળી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ગ્રાહકોના જણાવ્યા મુજબ, ભોજનનો અડધો ભાગ ખાઈ લીધા બાદ આ બાબત તેમના ધ્યાનમાં આવી હતી. ખાવાનું શરૂ કર્યા પછી આ પ્રકારની વસ્તુ નજરે પડતાં પરિવારના સભ્યો ચોંકી ગયા હતા અને ભોજનની સ્વચ્છતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

ગ્રાહકો માટે આ અનુભવ માત્ર અણગમતો જ નહીં, પરંતુ સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ ચિંતાજનક હતો. રેસ્ટોરન્ટમાં ભોજન લેવા જતા લોકો સામાન્ય રીતે ખોરાકની

ગુણવત્તા, રસોડાની સ્વચ્છતા અને ખાદ્ય સામગ્રીની સુરક્ષાની અપેક્ષા રાખે છે. ખાસ કરીને પરિવાર સાથે બહાર જમવા જતા લોકો માટે સ્વચ્છ અને સુરક્ષિત ભોજન મળવું અત્યંત જરૂરી છે. આવા સંજોગોમાં વાનગીમાંથી જીવાત મળી હોવાનો આક્ષેપ સામે આવે ત્યારે રેસ્ટોરન્ટની સફાઈ અને ભોજન તૈયાર કરવાની પ્રક્રિયા અંગે સવાલો ઊભા થાય છે. જોકે, જીવાત કેવી રીતે વાનગીમાં આવી અને આ ઘટના પાછળનું ચોક્કસ કારણ શું હતું તે તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે.

ઘટનાની જાણ થતાં જ ગ્રાહકોએ કેફેના મેનેજરને બોલાવીને પૂછપરછ કરી હતી. ગ્રાહકના જણાવ્યા અનુસાર, તેમણે મેનેજરને સિઝલરમાંથી જીવાત મળવા અંગે સવાલ કર્યો હતો. આ અંગે મેનેજરે ભૂલ થઈ ગઈ હોવાનું કહીને સ્ટાફ તરફથી અજાણતાં ભૂલ થઈ હોઈ શકે તેવી વાત કરી હોવાનું ગ્રાહકે જણાવ્યું હતું. જોકે, ગ્રાહકનું કહેવું હતું કે જીવાત ભોજનમાં પહેલેથી જ હાજર હોવાની તેમને શંકા હતી, કારણ કે તેઓ વાનગીનો અડધો ભાગ ખાઈ ચૂક્યા હતા. આ મુદ્દે ગ્રાહક અને કેફેના સંચાલકો વચ્ચે વાતચીત થઈ હતી. ગ્રાહકના નિવેદન મુજબ, મેનેજરે માફી માગતાં ભૂલ સ્વીકારી હોય તેવી પ્રતિક્રિયા આપી હતી, પરંતુ ઘટનાની હકીકત અને જવાબદારી અંગે સત્તાવાર તપાસ થવી જરૂરી છે.

આ સમગ્ર ઘટનાનો વીડિયો ઉતારવામાં આવ્યો હતો, જે બાદમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ગ્રાહકના જણાવ્યા પ્રમાણે, કેફેના સંચાલકો દ્વારા વીડિયો ઉતારતા અટકાવવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ગ્રાહકોને વીડિયો ઉતારવાની સત્તા અંગે સવાલ કરવામાં આવ્યો હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. આ બાબતને કારણે ઘટનાએ વધુ ચર્ચા જગાવી હતી. જોકે, વીડિયો ઉતારવા અંગેની સમગ્ર વાતચીત અને કેફેના સંચાલકોનો પક્ષ સ્વતંત્ર રીતે ચકાસવામાં આવ્યો હોવાની માહિતી ઉપલબ્ધ નથી. તેથી આ અંગેના દાવાઓને ગ્રાહકના નિવેદન તરીકે જ જોવાની જરૂર છે.

સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા બાદ સુરતના નાગરિકોમાં ખાણીપીણીની સ્વચ્છતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. લોકોનો સવાલ છે કે જો જાણીતા મોલમાં આવેલી રેસ્ટોરન્ટમાં પણ ભોજનની ગુણવત્તા અંગે આવી ફરિયાદ સામે આવે, તો અન્ય સ્થળોએ ખોરાકની સુરક્ષા અને સ્વચ્છતા માટે કઈ વ્યવસ્થા કરવામાં આવે છે? જોકે, એક ઘટનાના આધારે સમગ્ર રેસ્ટોરન્ટ ઉદ્યોગ અંગે નિષ્કર્ષ કાઢવો યોગ્ય નથી, પરંતુ આવી ફરિયાદો સામે આવે ત્યારે સંબંધિત વિભાગ દ્વારા નિષ્પક્ષ તપાસ કરીને હકીકત જાહેર કરવી જરૂરી બને છે.

સુરતના વરાછા મેઈન રોડ પર એમ્બ્રોઈડરી મશીનોથી ભરેલું કન્ટેનર પલટી ગયું, મોપેડ પર સવાર દંપતીનો ચમત્કારિક બચાવ

સુરત, તા.29

સુરત શ હેરના સતત વાહનવ્યવહારથી ધમધમતા વરાછા મેઈન રોડ પર ચીકુવાડી બ્રિજ નજીક એમ્બ્રોઈડરી મશીનરીથી ભરેલું એક કન્ટેનર અચાનક પલટી જ તાં અ ફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રસ્તા પર જ કન્ટેનર પલટી જવાની આ ઘટનાને પગલે આસપા સ ના વાહનચાલકોમાં દોડ ધા મ મચી ગઈ હતી. અક સ્મા તની સૌથી ચિંતાજનક બાબત એ હતી કે કન્ટેનરની એકદમ નજીકથી એક દંપતી મોપેડ પર પસાર થઈ રહ્યું હતું. કન્ટેનર પલટી માર્યું ત્યારે દંપતી તેના અડફેટે આવતાં સહેજમાં બચી ગયું હતું. સદનસીબે પતિ-પત્નીનો આબાદ બચાવ થતાં મોટી જાનહાનિ ટળી હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં કન્ટેનર પલટી જવાની અને તેની નજીકથી પસાર થઈ રહેલા દંપતીના બચાવની ઘટના જોવા મળી રહી છે.

મળતી માહિતી મુજબ, કન્ટેનરમાં એમ્બ્રોઈડરીનાં મશીનો અને અન્ય મશીનરી લોડ કરીને લઈ જવામાં આવી રહી હતી. કન્ટેનરની અંદર ભારે મશીનરી ભરેલી હોવાથી તેને યોગ્ય રીતે ગોઠવવી અને મજબૂત રીતે બાંધવી



જરૂરી હતી. જોકે, પ્રાથમિક માહિતી અનુસાર, કન્ટેનરની અંદર મશીનરી યોગ્ય રીતે બાંધવામાં આવી ન હોવાને કારણે વાહન ચાલતી વખતે તેનું વજન એક તરફ ખસી ગયું હતું. વળાંક અથવા વાહનની ગતિ દરમિયાન મશીનરી એક બાજુ સરકી જતાં કન્ટેનરની અંદર વજનનું સંતુલન બગડ્યું હતું. પરિણામે ચાલક કન્ટેનર પરનો કાબૂ જાળવી શક્યો નહોતો અને આખું કન્ટેનર રસ્તા પર પલટી મારી ગયું હતું. જોકે, અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ જરૂરી છે.

કન્ટેનર પલટી જવાની ઘટના સમયે તેની બાજુમાંથી એક દંપતી મોપેડ પર પસાર થઈ રહ્યું હતું. કન્ટેનર અચાનક એક તરફ નમીને રસ્તા પર પડતાં દંપતી માટે પણ જોખમ ઊભું થયું હતું. પરંતુ પતિ-પત્ની અને પલટી રહેલા કન્ટેનર વચ્ચે સહેજ અંતર રહી જતાં બંનેનો જીવ બચી ગયો હતો. જો કન્ટેનર તેમની ઉપર પડ્યું હોત અથવા મોપેડ તેની અડફેટે આવ્યું હોત તો ગંભીર અકસ્માત સર્જાવાની શક્યતા હતી. સીસીટીવી ફૂટેજ સામે આવ્યા બાદ આ ઘટનામાં દંપતીનો બચાવ કેવી રીતે થયો તે મુદ્દો ચર્ચામાં આવ્યો છે.

વરાછા મેઈન રોડ સુરતના વ્યસ્ત માર્ગોમાંથી એક છે. આ વિસ્તારમાં દિવસ દરમિયાન મોટી સંખ્યામાં ટુ-વ્હીલર, કાર, રિક્ષા અને ભારે વાહનોની અવરજવર રહે છે. ખાસ કરીને ચીકુવાડી બ્રિજ આસપાસ વાહનવ્યવહાર સતત ચાલુ રહેતો હોવાથી રસ્તા પર કોઈ મોટું વાહન પલટી જાય તો તેની અસર અન્ય વાહનચાલકો પર પણ પડી શકે છે. આ ઘટનામાં કન્ટેનર રસ્તા પર પલટી જવા છતાં તેની નજીક અન્ય કોઈ વાહન કે રાહદારી ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. જો તે સમયે કન્ટેનરની બાજુમાં કોઈ ટુ-વ્હીલર, કાર કે રાહદારી હોત તો જાનમાલને મોટું નુકસાન થઈ શક્યું હોત. ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર મામલે જરૂરી તપાસ હાથ ધરી હતી. અકસ્માતમાં કોઈ ગંભીર ઈજા કે જાનહાનિ થઈ ન હોવાથી કાપોદ્રા પોલીસ મથકમાં હાલ જાણવા જોગ નોંધ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ઇઝરાયલમાં ગેમચેન્જ, વલણોમાં નેતન્યાહૂનું ગઠબંધન આગળ: ઓપિનિયન પોલમાં હારનું અનુમાન હતું

તેલ અવીવ, તા.28

ઈઝરાયલમાં સંસદીય ચૂંટણી પછી મતગણતરી ચાલુ છે. અત્યાર સુધીના 84.5% મતોની ગણતરીમાં નેતન્યાહુ ગઠબંધન 54 બેઠકો સાથે આગળ છે.

જ્યારે, ગાદી આઈઝેનકોટના નેતૃત્વવાળા વિપક્ષી ગઠબંધનને 49 બેઠકો મળતી દેખાઈ રહી છે. અરબ પક્ષોની જોઈન્ટ લિસ્ટ અને રાઅમ પાર્ટીને મળીને 17 બેઠકો મળવાનું અનુમાન છે.

ઈઝરાયલી સંસદમાં કુલ 120 બેઠકો છે અને સરકાર બનાવવા માટે 61 બેઠકો જરૂરી છે. ચૂંટણી પહેલાં ઓપિનિયન પૉલમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની હારનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું હતું.

ચૂંટણી વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે નેતન્યાહુને મળેલી સરસાઈનો શ્રેય લીધો. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું કે તેમના સમર્થન પછી ચૂંટણીનું વાતાવરણ બદલાઈ ગયું.

ટ્રમ્પના મતે, પહેલાં નેતન્યાહુની હારનું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું, પરંતુ હવે મુકાબલો બરાબરીનો થઈ ગયો છે અને તેઓ જીતી પણ શકે છે.

કેન્દ્રીય ચૂંટણી સમિતિએ તમામ સામાન્ય મતોની ગણતરી પૂર્ણ કરી લીધી છે. સમિતિએ જણાવ્યું કે થોડા જ સમયમાં ચૂંટણીના સંપૂર્ણ પરિણામો જાહેર કરવામાં આવશે.

આ પરિણામોમાં તમામ સામાન્ય મતોની ગણતરી સામેલ હશે. જોકે, ડબલ પરબીડિયામાં આવતા મતોની ગણતરી હજુ બાકી છે. આ ગણતરી આજે રાત્રે શરૂ થશે. ઈઝરાયલના રાષ્ટ્રપતિ ઈસાક હરઝોગની ભૂમિકા સામાન્ય રીતે ઔપચારિક હોય છે. પરંતુ સામાન્ય ચૂંટણી પછી તેમની જવાબદારી વધી જાય છે. તેમણે નક્કી કરવાનું હોય છે કે કયા નેતાને સરકાર બનાવવાની તક આપવામાં આવે.

રાષ્ટ્રપતિ માટે એ જરૂરી નથી કે તે સૌથી વધુ મત મેળવનાર પક્ષના નેતાને જ પસંદ કરે. તે એ નેતાને પણ તક આપી શકે છે, જેની પાસે અન્ય પક્ષોનું સમર્થન મેળવીને સંસદમાં બહુમત સાબિત કરવાની વધુ સંભાવના હોય.

2009માં રાષ્ટ્રપતિ શિમોન પેરેજે બેન્જામિન નેતન્યાહુને સરકાર બનાવવાની તક આપી હતી, જ્યારે તેમના લિકુડ પક્ષને કદીમા પક્ષ કરતા ઓછા મત મળ્યા હતા. બુધવારે આવેલા પ્રારંભિક એક્ઝિટ પૉલમાં નેતન્યાહુ ગઠબંધન અને વિપક્ષી ગઠબંધન વચ્ચે કટોકટીનો મુકાબલો જોવા મળ્યો. જોકે, પ્રારંભિક પરિણામોમાં નેતન્યાહુના લિકુડ પક્ષને સૌથી વધુ મત મળતા દેખાઈ રહ્યા છે. આવી



સ્થિતિમાં નેતન્યાહુ દાવો કરી શકે છે કે સરકાર બનાવવાની પહેલી તક તેમને મળવી જોઈએ.

જોકે ચૂંટણીમાં સૌથી વધુ બેઠકો મેળવવી જ વડાપ્રધાન બનવા માટે પૂરતી નથી. રાષ્ટ્રપતિએ એ જોવાનું રહેશે કે કયો નેતા અલગ-અલગ પક્ષોનું સમર્થન મેળવીને સંસદમાં બહુમત સાબિત કરી શકે છે.

ઈઝરાયલમાં ચૂંટણીના પ્રારંભિક પરિણામોમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની પાર્ટી લિકુડ એ શહેરોમાં પણ આગળ છે, જ્યાં યુદ્ધ દરમિયાન સૌથી વધુ નુકસાન થયું હતું. તેમાં લેબનોનની સરહદ નજીક આવેલું કિરયાત શમોના અને દક્ષિણ ઈઝરાયલના સ્દેરોત તથા ઓફાકિમ શહેરો સામેલ છે.

કિરયાત શમોનામાં બપોરે 12:30 વાગ્યા સુધીમાં લગભગ 48% મત નેતન્યાહૂની પાર્ટીને મળ્યા. જ્યારે સ્દેરોતમાં લગભગ 39% લોકોએ તેમની પાર્ટીને મત આપ્યો.

યુદ્ધ દરમિયાન આ શહેરો પર રોકેટ અને ડ્રોનથી હુમલા થયા હતા. ઘણા લોકોને પોતાનું ઘર છોડીને અન્ય સ્થળે રહેવું પડ્યું હતું.

ઈઝરાયલની ચૂંટણીની અસર વેસ્ટ બેંકમાં રહેતા પેલેસ્ટિનિયનની જિંદગી પર પણ પડે છે, પરંતુ તેમને આ ચૂંટણીઓમાં મત આપવાનો અધિકાર નથી. ઘણા પેલેસ્ટિનિયને આના પર નારાજગી વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે વેસ્ટ બેંક પર ઈઝરાયલનો કબજો સતત મજબૂત થતો જાય છે અને ત્યાં તેમની જિંદગી સાથે જોડાયેલા નિર્ણયો ઈઝરાયલી સરકાર લે છે.

વેસ્ટ બેંકમાં દુકાન ચલાવતા 32 વર્ષીય મોંટાસેર અમરોએ 'ન્યૂ યોર્ક ટાઈમ્સ'ને કહ્યું, "ઈઝરાયલી સરકારનું અમારી જિંદગી પર ખૂબ મોટું નિયંત્રણ છે. તે નક્કી કરે છે કે રસ્તા પર લાગેલા બેરિકેડ ક્યારે ખુલશે અને ક્યારે બંધ થશે. સરહદો પર તેનું નિયંત્રણ છે અને તે એ પણ નક્કી કરે છે કે આપણી અર્થવ્યવસ્થાનો કેટલો ભાગ કામ કરી શકશે."

અમરોએ સવાલ ઉઠાવ્યો, "જ્યારે થોડા સો મીટર દૂર રહેતા યહૂદી વસાહતોના લોકો મત આપી શકે છે, તો આપણે કેમ નહીં?"

ઈઝરાયલે 1967માં વેસ્ટ બેંક પર કબજો કરી લીધો હતો. 1990ના દાયકામાં તેણે પેલેસ્ટાઈનની મુક્તિ સંગઠન સાથે સમજૂતી કરી, જેની હેઠળ પેલેસ્ટિનિયન ઓથોરિટી બનાવવામાં આવી. આ વેસ્ટ બેંકના કેટલાક ભાગોનું વહીવટી કામકાજ સંભાળે છે. જોકે, પેલેસ્ટિનિયન ઓથોરિટીમાં લગભગ 20 વર્ષથી સંસદીય કે રાષ્ટ્રપતિ ચૂંટણીઓ થઈ નથી.

ઘણા પેલેસ્ટિનિયન લાંબા સમયથી આશા રાખતા રહ્યા છે કે પેલેસ્ટિનિયન ઓથોરિટી આગળ ચાલીને એક સ્વતંત્ર પેલેસ્ટાઈન દેશનું સ્વરૂપ લેશે. પરંતુ તાજેતરના વર્ષોમાં આ આશા નબળી પડી છે.

ઈઝરાયલમાં સરકાર બનાવવા માટે ચૂંટાયેલા નેતાને શરૂઆતમાં 28 દિવસનો સમય મળે છે. જરૂર પડ્યે રાષ્ટ્રપતિ તેને 14 દિવસ વધુ વધારી શકે છે. એટલે કે સરકાર બનાવવા માટે કુલ 42 દિવસ મળી શકે છે. આ દરમિયાન નેતાએ અન્ય પક્ષો સાથે વાતચીત કરીને સમર્થન મેળવવાનું હોય છે. આ માટે પક્ષો વચ્ચે નીતિઓ અને મંત્રીપદોને લઈને સમજૂતી થઈ શકે છે. સરકાર બનાવવા માટે સામાન્ય રીતે સંસદમાં 61 બેઠકોનું સમર્થન જરૂરી હોય છે. જો નેતા 61 બેઠકોનું સમર્થન નથી મેળવી શકતા, તો તે નાના પક્ષોના સહયોગથી અલ્પમત સરકાર બનાવવાનો અથવા બે નેતાઓ વચ્ચે વારાફરતી વડાપ્રધાન બનવાનો સમજૂતી કરવાનો પ્રયાસ પણ કરી શકે છે.

સ્પેનમાં 200 કિમીની ઝડપે જતી હાઈ-સ્પીડ ટ્રેન વચ્ચે ભયાનક ટક્કર: 39 લોકોના મોત

મેડ્રિડ, તા.28

સ્પેનના ટોલેડો પ્રાંતમાં બુધવારે બે હાઈ સ્પીડ ટ્રેનો અથડાઈ હતી. ન્યૂઝ એજન્સી રોયટર્સના જણાવ્યા મુજબ, અકસ્માતમાં 39 લોકોનાં મોત થયા છે. અકસ્માતમાં અનેક લોકો ઘાયલ થયા છે. ઘટનાસ્થળે ઈમરજન્સી મેડિકલ ટીમો પહોંચી ગઈ છે.

સ્પેનિશ અહેવાલો અનુસાર, અકસ્માત સ્થાનિક સમય મુજબ સવારે 9 વાગ્યે થયો. એક ટ્રેને બીજી ટ્રેનને પાછળથી ટક્કર મારી. અનેક ડબ્બા કાટમાળમાં ફેરવાઈ ગયા છે.

અકસમાત બાદ રાજધાની મેડ્રિડને સ્પેનના દક્ષિણ આંદાલુસિયા વિસ્તાર સાથે જોડતી રેલવે લાઈન બંધ કરી દેવામાં આવી છે. ટક્કર સ્પેનની સરકારી ટ્રેન Renfe AVE 2080 અને ખાનગી ટ્રેન Iryo 6076 વચ્ચે થઈ છે. તેમની સરેરાશ ઝડપ 200 કિમી પ્રતિ કલાકથી વધુ હોય છે.

એક ટ્રેન સવારે 8 વાગ્યે મેડ્રિડથી સેવિલ માટે રવાના થઈ હતી. તે દરમિયાન બીજી ટ્રેન તેની સાથે અથડાઈ ગઈ. રેલવે નેટવર્કનું સંચાલન કરતી કંપની અડિફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ અંગે માહિતી આપી હતી.

સ્પેનના વડાપ્રધાન પેદ્રો સાંચેઝે અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે X પર લખ્યું કે ટ્રેન અકસ્માતના સમાચાર સાંભળીને તેઓ આઘાતમાં છે. તેમણે જણાવ્યું

કે રાહત અને બચાવ ટુકડીઓ ઘટનાસ્થળે હાજર છે અને અકસ્માતથી અસરગ્રસ્ત લોકોને મદદ કરી રહી છે.

ટોલેડો નજીક આવેલા ઉર્દા શહેરના મેયર મેન્યુઅલ ગાલાને જણાવ્યું કે બચાવ ટુકડીએ તેમને ઘાયલોની સારવાર અને સંભાળ માટે એક સ્પોર્ટ્સ હોલ તૈયાર રાખવા કહ્યું છે.

આ દુર્ઘટના કયા કારણોસર થઈ તે સ્પષ્ટ નથી. ટ્રેન સમયસર શા માટે રોકાઈ નહીં તેની તપાસ કરવામાં આવશે. સિગ્નલ સિસ્ટમમાં ખામી હતી કે ડ્રાઈવર બ્રેક લગાવવામાં ચૂકી ગયો, તેની પણ તપાસ થશે.

ટક્કર પહેલાં આ સિસ્ટમો કામ કરી રહી હતી કે નહીં, તે પણ તપાસમાં જોવામાં આવશે. અહેવાલ મુજબ, રેનફે ટ્રેનનો ડ્રાઈવર ગુમ છે. ટ્રેન ડ્રાઈવરોના સંગઠનોએ આ દુર્ઘટનાને અસામાન્ય ગણાવી છે.

રાજધાની મેડ્રિડને જોડતી ટ્રેન સેવા બંધ હોવાથી મુસાફરોને લાંબા સમય સુધી રાહ જોવી પડી રહી છે. મેડ્રિડના સ્ટેશનો પર મુસાફરો ટ્રેનોની રાહ જોઈને ઊભા છે.

સ્પેનમાં આ જ વર્ષે જાન્યુઆરીમાં પણ આ બંને કંપનીઓની ટ્રેનો ટકરાઈ હતી. આ અકસ્માત આંદાલુસિયાના અદામુઝ પાસે થયો હતો. તેમાં 46 લોકોનાં મોત થયા હતાં. Iryo કંપનીની હાઈ-સ્પીડ ટ્રેન માલાગાથી મેડ્રિડ જઈ રહી હતી.

ટ્રેનના કેટલાક ડબ્બા પાટા પરથી ઉતરીને બીજી લાઈન પર જતા રહ્યા હતા અને સામેથી આવી રહેલી ટ્રેન સાથે અથડાઈ ગયા હતા. લોકોએ જણાવ્યું હતું કે ટક્કર એટલી જોરદાર હતી કે તેમને ભૂકંપ જેવો આંચકો અનુભવાયો હતો.

કેપ્ટન સ્મિત મચ્છરને UAEનું સન્માન, રાષ્ટ્રપતિ ભેટ્યાં:દુબઈના રાજકુમારે કહ્યું- તેઓ અમારી ઓળખ છે

અબુ ધાબી, તા.28

યુએઈએ ભારતીય પાયલટ સ્મિત મચ્છરને મંગળવારે પોતાના સૌથી મોટા સન્માનોમાંના એક 'ઝાયેદ II- ફર્સ્ટ ક્લાસ'થી સન્માનિત કર્યા. આ દરમિયાન યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયેદ અલ નાહ્યાને કેપ્ટન મચ્છરને ભેટ્યાં.

ફ્લાયદુબઈ ફ્લાઈટના પાયલટ મચ્છરે 30 સપ્ટેમ્બરના રોજ વિમાનને ક્રેશ કરાવવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. આ વિમાન દુબઈથી તેલ અવીવ જઈ રહ્યું હતું. આ દરમિયાન સહ-પાયલટે તેમના પર હુમલો કર્યો હતો.

રાષ્ટ્રપતિ બિન ઝાયદે મંગળવારે ફ્લાઈટના ક્રૂના સભ્યો સાથે પણ મુલાકાત કરી. આ દરમિયાન UAEના ઉપપ્રમુખ, વડાપ્રધાન અને દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મકતૂમ પણ હાજર હતા.

UAEના નેતાઓએ કેપ્ટન મચ્છર અને ક્રૂના સભ્યોની હિંમત તથા જવાબદારીની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ક્રૂએ મુસાફરોની સુરક્ષાને સૌથી વધુ પ્રાધાન્ય આપ્યું.

કેપ્ટન મચ્છર જ્યારે ઈજાઓની સારવાર કરાવી રહ્યા હતા, ત્યારે શેખ હમદાન તેમની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે કેપ્ટનની હિંમત અને લોકોના જીવ બચાવવાના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

30 સપ્ટેમ્બરે ફ્લાયદુબઈની ફ્લાઈટ FZ1073 દુબઈથી તેલ અવીવ જઈ રહી હતી. આ દરમિયાન વિમાનના કો-પાઈલટે કોકપિટમાં કેપ્ટન મચ્છર પર હુમલો કરી દીધો. હુમલામાં કેપ્ટન ઘાયલ થઈ ગયા. તેમણે જણાવ્યું કે કો-પાઈલટે તેમના માથા પર અનેક વાર કર્યા.

વિમાનને તોડી પાડવાનો પ્રયાસ કરતાં કો-પાઈલટે કોકપિટમાં જ રાખેલી ઈમરજન્સી કુહાડી વડે કેપ્ટન પર હુમલો કર્યો હતો. આ દરમિયાન મચ્છરે વિમાનમાંથી હાઈજેકનો સંકેત પણ મોકલ્યો હતો.

કેપ્ટન મચ્છરે કોઈક રીતે કોકપિટનો દરવાજો ખોલ્યો. ત્યારબાદ વિમાનમાં હાજર મુસાફરો અને ક્રૂએ અંદર પહોંચીને હુમલાખોરને કાબૂમાં લીધો.

હુમલા દરમિયાન વિમાન લગભગ 17 હજાર ફૂટ નીચે આવી ગયું. ત્યારબાદ વિમાનમાં હાજર ઑફ-ડ્યુટી પાઈલટોએ માર્ગ બદલીને સાઉદી અરેબિયાના તાબુક શહેરમાં ઈમર્જન્સી લેન્ડિંગ કરાવી. અહીં તમામ 180 લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા.

કેપ્ટન મચ્છરે UAEના સરકારી અખબાર 'ધ નેશનલ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં હુમલા વિશે જણાવ્યું. તેમણે કહ્યું કે જ્યારે પહેલી વાર તેમના માથા પર પ્રહાર થયો, ત્યારે તેમને લાગ્યું કે વિમાનનો કોઈ ભાગ તૂટીને તેમના માથા પર પડ્યો છે. કેપ્ટને જણાવ્યું કે તેમણે સૌથી પહેલાં સીટ બેલ્ટ ખોલીને પોતાને મુક્ત કરવાનો પ્રયાસ કર્યો. ત્યાર બાદ તેઓ માથા પર થઈ રહેલા પ્રહારોથી પોતાને બચાવવા લાગ્યા. હુમલા દરમિયાન તેમને યોગ્ય રીતે દેખાવાનું પણ બંધ થઈ ગયું હતું.

કેપ્ટન સ્મિત મચ્છર પર હુમલો કરનાર કો-પાઈલટની ઓળખ હમામ અલ-હમામી તરીકે થઈ છે. તે ઓમાનનો રહેવાસી છે.

મીડિયા અહેવાલો અનુસાર, તપાસમાં તેના અલકાયદાની વિચારધારાથી પ્રભાવિત હોવાના પુરાવા મળ્યા છે. પૂછપરછ દરમિયાન અલ-હમામીએ જણાવ્યું કે તે વિમાનને ઈઝરાયેલમાં ક્રેશ કરાવવા માગતો હતો.

હુમલા પહેલાં પણ તેના વલણ પર સવાલો ઉઠ્યા હતા. 2024માં કટ્ટરપંથી વિચારસરણીને કારણે તેને ઓમાનની રાષ્ટ્રીય એરલાઈનની પાઈલટ તાલીમમાંથી હટાવી દેવામાં આવ્યો હતો. બાદમાં તેને એરલાઈનમાં બીજી જવાબદારી સોંપવામાં આવી હતી. આશરે 8 મહિના પહેલાં તે ફ્લાયદુબઈ સાથે જોડાયો હતો.

ઇઝરાયલની ચૂંટણીમાં 1999 પછી સૌથી વધુ 77.7% મતદાન: નેતન્યાહૂએ મહિલાઓનો ફોટો પોસ્ટ કરતા કહ્યું- મુસ્લિમ વિસ્તારોમાં વધુ મતદાન

તેલ અવીવ, તા.28

ઈઝરાયલમાં મંગળવારે સંસદીય ચૂંટણી દરમિયાન બમ્પર વોટિંગ થયું છે. ચૂંટણી પંચ અનુસાર, રાત્રે 10 વાગ્યા સુધી (સ્થાનિક સમય મુજબ) લગભગ 77.7% મતદાન નોંધાયું હતું. આ 1999 પછીનો સૌથી વધુ મતદાન છે. ઈઝરાયલમાં સૌથી વધુ મતદાનનો રેકોર્ડ 79.9% છે, જે 1988ની ચૂંટણીમાં બન્યો હતો. જોકે હજુ પણ કેટલીક જગ્યાએ મતગણતરી ચાલુ છે. વધુ મતદાનને જોતા આ વખતે આ રેકોર્ડ તૂટવાની શક્યતા દર્શાવવામાં આવી રહી છે.

બમ્પર વોટિંગ વચ્ચે નેતન્યાહૂએ મુસ્લિમ મહિલાઓનો ફોટો પોસ્ટ કરીને સમર્થકોને વધુમાં વધુ વોટ કરવાની અપીલ કરી. તેમણે X પર ચેનલ-14નું એક ફૂટેજ શેર કર્યું. તેમાં બે પોલિંગ બૂથની સરખામણી કરવામાં આવી છે.

આ વખતે નેતન્યાહૂના બદલે પૂર્વ સેના પ્રમુખ ગાદી આઈઝેનકોટના વડાપ્રધાન બનવાની શક્યતા સૌથી વધુ છે. છમાંથી ચાર ઓપિનિયન પોલમાં આઈઝેનકોટના ગઠબંધનને વધુ સીટો આપવામાં આવી છે. બીજી તરફ નેતન્યાહૂના ગઠબંધનને એક પોલમાં લીડ અને એક પોલમાં બહુમતી મળી છે.

ઈઝરાયલની સંસદમાં કુલ 120 બેઠકો છે. સરકાર બનાવવા માટે ઓછામાં ઓછી 61 બેઠકોની જરૂર

હોય છે. ઈઝરાયલના 76 વર્ષના ઈતિહાસમાં આજ સુધી કોઈ પણ રાજકીય પાર્ટીએ એકલા હાથે બહુમતી મેળવી નથી.

ઈઝરાયલમાં લોકો કોઈ નેતાને નહીં, પરંતુ તેની પાર્ટીને મત આપે છે. ચૂંટણી પહેલાં દરેક પાર્ટી પોતાના ઉમેદવારોની એક યાદી બનાવે છે. સમગ્ર દેશમાં પાર્ટીને મળેલા મતોના આધારે નક્કી થાય છે કે તેને સંસદમાં કેટલી બેઠકો મળશે.

પરંતુ સંસદમાં બેઠક મેળવવા માટે એક શરત છે. કોઈ પાર્ટીએ કુલ માન્ય મતોમાંથી ઓછામાં ઓછા 3.25% મત મેળવવા જરૂરી છે. તેનાથી ઓછા મત મળવા પર પાર્ટીને સંસદમાં કોઈ બેઠક મળતી નથી. પાર્ટીના કયા ઉમેદવારો સાંસદ બનશે, તેનો નિર્ણય ઉમેદવારોની યાદી પરથી થાય છે.

દરેક પાર્ટી ચૂંટણી પહેલાં પોતાના ઉમેદવારોની એક યાદી જાહેર કરે છે. જો કોઈ પાર્ટીને 20 બેઠકો મળે, તો યાદીમાં પ્રથમ 20 ક્રમે રહેલા ઉમેદવારો સાંસદ બની જાય છે.

1. 7 ઑક્ટોબરના હમાસ હુમલાની તપાસ: 7 ઑક્ટોબર 2023ના રોજ હમાસે ઈઝરાયલ પર હુમલો કર્યો હતો. આ હુમલાને રોકવામાં ઈઝરાયલી સેના અને ગુપ્તચર એજન્સીઓ નિષ્ફળ રહી હતી.

ત્રણ વર્ષ બાદ પણ સરકારે આટલી મોટી ચૂક કેવી રીતે થઈ તેની તપાસ કરવા માટે આયોગ બનાવ્યો નથી. વિપક્ષનો આરોપ છે કે સરકાર આ હુમલાને રોકવામાં નિષ્ફળ રહી અને તેણે તેની જવાબદારી લેવી જોઈએ.

2. સેનામાં ભરતીને લઈને વિવાદ: ઈઝરાયલમાં મોટાભાગના યહૂદીઓ માટે સેનામાં સેવા આપવી ફરજિયાત છે. 1948માં ઈઝરાયલની સ્થાપના થયા બાદ, હરેદી સમુદાયના 400 લોકોને યહૂદી સંસ્થાઓમાં અભ્યાસ કરવા માટે સેનામાં ભરતી થવામાં છૂટ આપવામાં આવી હતી.

આનો હેતુ ધાર્મિક વિદ્વાનોના અભ્યાસ અને પરંપરાને જાળવી રાખવાનો હતો. પરંતુ ધીમે-ધીમે આ છૂટનો વ્યાપ વધતો ગયો. આ જ છૂટને લઈને આજે ઈઝરાયલમાં વિવાદ છે.

અન્ય સમુદાયોના લોકોનું કહેવું છે કે જ્યારે દેશ યુદ્ધમાં છે, ત્યારે સૌએ સેનામાં સેવા આપવી જોઈએ. નેતન્યાહૂને હરે સમુદાયના લોકોના મત મળે છે. આવી સ્થિતિમાં તેઓ આ છૂટ જાળવી રાખવા માંગે છે.

બીજી તરફ, ગાદી આઈઝેનકોટનું વલણ નેતન્યાહૂથી અલગ છે. તેઓ ઈચ્છે છે કે હરે સમુદાયના લોકોને પણ સેના અથવા નાગરિક સેવામાં સામેલ કરવા જોઈએ.

3. સુપ્રીમ કોર્ટની સત્તા ઘટાડવાનો પ્રયાસ: ગાઝામાં યુદ્ધ શરૂ થવા પહેલાં નેતન્યાહૂ સરકારે સુપ્રીમ કોર્ટની સત્તા ઘટાડવાનો પ્રયાસ કર્યો હતો. આ મુદ્દો આજે પણ નેતન્યાહૂ સરકાર અને તેના વિરોધીઓ વચ્ચેના ટકરાવનું મોટું કારણ છે.

4. દેશની સુરક્ષા અને યુદ્ધ ક્યારે પૂરું થશે: નેતન્યાહૂએ હમાસ સામે સંપૂર્ણ જીતનું વચન આપ્યું હતું, પરંતુ હમાસ અને લેબનોનનો હિઝબુલ્લાહ હજુ પણ સક્રિય છે.

નેતન્યાહૂ 1967માં ઈઝરાયેલી સેનામાં ભરતી થયા હતા. તેમણે સેનાના એલિટ સ્પેશિયલ ફોર્સ યુનિટ 'સાયરેત મતકલ'માં સેવા આપી હતી. આ યુનિટ ગુપ્તચર અભિયાનો અને બંધકોને છોડાવવા જેવા વિશેષ સૈન્ય ઓપરેશન્સ માટે જાણીતી છે.

નેતન્યાહૂ 1972માં સબેના એરલાઈન્સના વિમાનનું હાઈજેક થયા બાદ બંધકોને છોડાવવાના અભિયાનમાં પણ સામેલ હતા.

નેતન્યાહૂના મોટા ભાઈ યોનાતન 1976માં યુગાન્ડાના એન્ટેબેમાં બંધકોને છોડાવવાના અભિયાન દરમિયાન માર્યા ગયા હતા. તેઓ આ અભિયાનનું નેતૃત્વ કરી રહ્યા હતા.

બ્રાઝિલમાં લુલા સામે હાર ન પચાવી શક્યા ફ્લાવિયો: પત્ની અને બે દીકરી સાથે ટ્રમ્પના શરણે જવા રાતોરાત દેશ છોડી ભાગ્યા

બ્રાઝિલિયા, તા.28

બ્રાઝિલમાં રાષ્ટ્રપતિની ચૂંટણી હાર્યા બાદ દક્ષિણપંથી નેતા ફ્લાવિયો બોલ્સોનારો અમેરિકા જવા રવાના થઈ ગયા છે. સમાચાર એજન્સી રોયટર્સ અનુસાર, ફ્લાવિયોના એક સહયોગીએ મંગળવારે તેની પુષ્ટિ કરી હતી.

એક અમેરિકી અધિકારીએ પણ રોયટર્સને જણાવ્યું કે ફ્લાવિયો અમેરિકા આવી રહ્યા છે. તેમની પત્ની અને બે પુત્રીઓ પણ તેમની સાથે છે. તેઓ અમેરિકામાં રાજકીય આશ્રય માંગી શકે છે.

ફ્લાવિયો રવિવારે યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વર્તમાન રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વા સામે હારી ગયા હતા. તેમને બીજા તબક્કામાં 48% મત મળ્યા, જ્યારે લુલાને 52% મત મળ્યા હતા. ચૂંટણીમાં હાર્યા બાદ ફ્લાવિયોએ પરિણામો સ્વીકાર્યા નહોતા.

ફ્લાવિયોને સોમવારે બ્રાઝિલની સુપ્રીમ કોર્ટે 24 કલાકની અંદર પાસપોર્ટ જમા કરાવવાનો આદેશ આપ્યો હતો. તેમની સામે ભ્રષ્ટાચાર, મની લોન્ડરિંગ અને કરચોરીના કેસોમાં તપાસ ચાલી રહી છે. પોલીસને આશંકા હતી કે તેઓ તપાસથી બચવા માટે દેશ છોડી શકે છે.

મંગળવારે સવારે 11 વાગ્યા સુધી ફ્લાવિયોએ પાસપોર્ટ જમા કરાવ્યા નહોતા. પોલીસને તેમના દેશ છોડીને ભાગી જવાની શંકા થઈ, ત્યારબાદ તેમની શોધખોળ શરૂ કરી દેવામાં આવી. મંગળવાર સાંજ સુધી પાસપોર્ટ જમા ન કરાવતા અધિકારીઓએ તેમના પાસપોર્ટ રદ કરી દીધા.

ફ્લાવિયો અમેરિકા જવાના અહેવાલો વચ્ચે એવું પણ કહેવામાં આવ્યું કે તેઓ પહેલા આર્જેન્ટિના પહોંચ્યા હતા. આર્જેન્ટિનામાં તેમના નજીકના સહયોગી અને

દક્ષિણપંથી રાષ્ટ્રપતિ જાવિયર મિલેઈની સરકાર છે.

મીડિયા અહેવાલો મુજબ, બ્રાઝિલ-આર્જેન્ટિના સરહદ નજીક ઈગુઆઝુ એરપોર્ટ પર એક ખાનગી વિમાન ઊતર્યું હતું. અધિકારીઓએ વિમાન અને તેના ક્રૂની તપાસ કરી, પરંતુ ઉડાન સાથે જોડાયેલા દસ્તાવેજોમાં બોલ્સોનારો પરિવારના કોઈ સભ્યનું નામ મળ્યું નહીં.

આર્જેન્ટિના સરકારે પણ કહ્યું કે ફ્લાવિયો દેશમા આવ્યા હોવાનો કોઈ રેકોર્ડ નથી. બીજી તરફ, બ્રાઝિલની પોલીસનું કહેવું છે કે ફ્લાવિયો કોઈ અધિકૃત બોર્ડર ચેકપોસ્ટ પરથી દેશ છોડીને ગયા નથી.

ફ્લાવિયોના પિતા અને બ્રાઝિલના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જાયર બોલ્સોનારોએ પણ 2022માં લુલા સામે ચૂંટણી હાર્યા બાદ પરિણામ સ્વીકાર્યું નહોતું. તેઓ અમેરિકા ચાલ્યા ગયા હતા અને લાંબા સમય સુધી ત્યાં રહ્યા હતા. બાદમાં બ્રાઝિલ પરત ફર્યા ત્યારે તેમને તખ્તાપલટનું કાવતરું રચવાના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી અને 27 વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી હતી.

ફ્લાવિયોના નાના ભાઈ એડુઆર્ડો બોલ્સોનારો પણ અમેરિકામાં રહે છે. તેમણે ચૂંટણી પહેલાં કહ્યું હતું કે જો ફ્લાવિયો ચૂંટણી હારી જાય, તો તેમણે બ્રાઝિલ છોડી દેવું જોઈએ.

ફ્લાવિયો વિરુદ્ધ ભ્રષ્ટાચાર, મની લોન્ડરિંગ અને કરચોરી સહિતના અનેક કેસોમાં તપાસ ચાલી રહી છે. તેમાં તેમના પિતાના જીવન પર ફિલ્મ બનાવવા માટે નાણાં એકત્ર કરવા સાથે જોડાયેલો કેસ પણ સામેલ છે.

ફ્લાવિયોએ સ્વીકાર્યું હતું કે તેમણે ભૂતપૂર્વ બેંકર ડેનિયલ વોરકારો પાસેથી ફિલ્મ માટે આશરે 1.2 કરોડ ડોલર એકત્ર કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તેમણે કોઈપણ ખોટા કૃત્યનો ઈનકાર કર્યો છે. ફ્લાવિયોએ સોમવારે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કરીને કહ્યું હતું કે તેમણે ક્યારેય દેશ છોડવા વિશે વિચાર્યું નથી. તેમણે પાસપોર્ટ જમા કરાવવાની અને પોતાના વિરુદ્ધ લગાવવામાં આવેલા આરોપોનો સામનો કરવાની વાત પણ કહી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રાઝિલની ચૂંટણીનાં પરિણામો પર સવાલ ઉઠાવ્યા હતા.

સર્બિયામાં ઇઝરાયલી દૂતાવાસની બહાર પોલીસકર્મી પર હુમલો: સગીર છરી લઈને પહોંચ્યો, 'અલ્લાહુ અકબર'ના નારા લગાવીને હુમલો કર્યો

બેલગ્રેડ, તા.28

સર્બિયાની રાજધાની બેલગ્રેડમાં બુધવારે ઈઝરાયલી દૂતાવાસની બહાર એક સગીરે બે છરી લઈને પોલીસકર્મી પર હુમલો કરી દીધો.

તેણે 'અલ્લાહુ અકબર'ના નારા લગાવ્યા. જવાબમાં પોલીસકર્મીએ ગોળી ચલાવી, જેના કારણે હુમલાખોરનું મોત થયું. ઘટનાના પગલે સર્બિયામાં સુરક્ષાનું સ્તર વધારીને રેડ કરી દેવામાં આવ્યું, જે દેશમાં ખતરાનું સૌથી ઊંચું સ્તર છે.

સર્બિયાના કાર્યકારી ગૃહમંત્રી ઈવિકા ડાચિચે જણાવ્યું કે હુમલામાં પોલીસકર્મીના માથા પર સામાન્ય ઈજા થઈ છે. તેમણે કહ્યું કે ઘટના બાદ મહત્વપૂર્ણ સ્થળોએ પોલીસની તૈનાતી વધારવામાં આવશે.

AP મુજબ, સુરક્ષા એજન્સીઓ પહેલેથી જ હુમલાખોર પર નજર રાખી રહી હતી. તેના પર આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ (ISIS)નો સમર્થક હોવાની શંકા હતી. આરોપ છે કે તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર ISISનો

કાળો ધ્વજ પણ દર્શાવ્યો હતો.

અધિકારીઓએ આ ઘટનાની તપાસ આતંકવાદી હુમલા તરીકે શરૂ કરી છે. ગૃહમંત્રીના જણાવ્યા અનુસાર, હુમલાખોર સગીર હતો અને તેની ઓળખ હજુ સુધી થઈ શકી નથી.

બેલગ્રેડમાં ઈઝરાયલી દૂતાવાસની બહાર સુરક્ષા કર્મચારીઓ પર હુમલાની આ બે વર્ષમાં બનેલી બીજી ઘટના છે.

આ પહેલાં જૂન 2024માં એક હુમલાખોરે ક્રોસબો એટલે કે તીર ચલાવવાના હથિયારથી સર્બિયાના પોલીસ અધિકારીની ગરદન પર હુમલો કર્યો હતો.

ઈઝરાયલનું દૂતાવાસ બેલગ્રેડના એક મોંઘા વિસ્તારમાં આવેલું છે. તેની નજીક જ અમેરિકાનું દૂતાવાસ પણ છે. ઈઝરાયલી દૂતાવાસની સુરક્ષા માટે પોલીસની એક વિશેષ યુનિટ તહેનાત રહે છે. તેના જવાનો પાસે આપોઆપ ચાલતી બંદૂકો હોય છે.

સર્બિયામાં રવિવારે સંસદીય ચૂંટણી યોજાઈ હતી. લગભગ બે વર્ષથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો બાદ યુવાનોના નેતૃત્વવાળા આંદોલને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અલેક્ઝાન્ડર વુચિચના જૂથને હરાવી દીધું.

જોકે, હજુ નવી સરકાર બની નથી. આવી સ્થિતિમાં વુચિચ અને તેમના સહયોગીઓનું પોલીસ પર નિયંત્રણ યથાવત્ છે. વિદ્યાર્થી ગઠબંધન 'સ્ટુડન્ટ લિસ્ટ, સ્ટુડન્ટ્સ વિન' પાર્ટીને ચૂંટણીના માત્ર 40 દિવસ પહેલાં જ માન્યતા મળી હતી. તેમ છતાં પાર્ટીએ જીત મેળવી. જોકે, જીતેલા 141 ઉમેદવારોમાં એક પણ વિદ્યાર્થી નથી. પાર્ટીએ વિદ્યાર્થીઓને બદલે રમતવીરો, ખેડૂતો અને સામાન્ય લોકોને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા. આ ઉમેદવારોની પસંદગી વિદ્યાર્થીઓએ પોતે કરી હતી.

તંત્રી લેખ

સ્વતંત્ર ભારતમાં માત્ર એક મહિલા સહિત 750 ગુનેગારોને ફાંસી અપાઇ છે

જ્યારે ભારતની કોર્ટમાં કોઇ ગુના હેઠળ મહિલાને ફાંસીની સજા સંભળાવાય ત્યારે લોકોમાં સેન્સેશન ઉભું થાય છે. મેરઠની બે કોર્ટે ઉપરા છાપરી બે મહિલાને ફાંસીનો ચુકાદો આપીને ઈતિહાસ સર્જ્યો છે. પંદરેક દિવસ અગાઉ મેરઠની જિલ્લા અને સેશન કોર્ટે મુસ્કાન રસ્તોગી અને તેના સાથી સાહિલ શુક્લાને તેના પતિ સૌરભ રાજપૂતની હત્યા કરી અને તેના શરીરના ટુકડા કરીને સિમેન્ટ ભરેલા લીલા પ્લાસ્ટિકના ડ્રમમાં છુપાવવા બદલ ફાંસીની સજા ફટકારી હતી. ત્યારબાદ એક દિવસ પછી ૧૬ ઓક્ટોબરે, મેરઠની અન્ય એક કોર્ટે રવિતા કશ્યપ અને તેના સાથી અમરદીપને તેના પતિ અમિત કશ્યપની હત્યા કરવા અને તેની મૃત્યુને સાપ કરડયા જેવું દર્શાવવા બદલ ફાંસીની સજા સંભળાવી.

આ બેક-ટુ-બેક ફેસલાઓએ ભારતમાં મહિલાઓ પર મૃત્યુદંડના ઉપયોગ અંગે નવી ચર્ચા જગાવી છે. જોકે, મહિલાઓ માટે ફાંસીની સજા બહુ ઓછા કેસમાં જોવા મળી છે. અહીં મહત્વનું એ પણ છેકે ટ્રાયલ કોર્ટના ફેસલાનો અર્થ એ નથી કે ફાંસી આપવામાં આવશે જ.

ભારતમાં અત્યારે લગભગ ૫૭૪ કેદીઓ ફાંસીની સજાની રાહ જોઇ રહ્યા છે. રાજ્યવાર જોઈએ તો ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ કેદીઓ સજા ભોગવી રહ્યા છે, ત્યારબાદ ગુજરાત અને અન્ય રાજ્યોનો ક્રમ આવે છે. સેશન્સ કોર્ટો દ્વારા ફાંસીની સજા આપવામાં આવે છે, પરંતુ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં અપીલ, ક્યુરેટિવ પિટિશન અને દયાની અરજીઓની લાંબી કાનૂની પ્રક્રિયાને કારણે અમલ થવામાં વર્ષો નીકળી જાય છે અને ઘણીવાર સજા રદ પણ થાય છે.

ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલો મૃત્યુદંડ આપમેળે ફાંસીમાં પરિણમતો નથી. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૪૦૭ હેઠળ, સેશન કોર્ટના મૃત્યુદંડની પુષ્ટિ માટે હાઈકોર્ટમાં મોકલવું ફરજિયાત છે.

દાયકાઓ દરમિયાનના કેસો પર નજર કરીયે તો હાઈકોર્ટો દ્વારા નક્કી કરાયેલા ૧,૦૮૫ ફાંસીના કેસોમાંથી ૧૦૬, અથવા ૯.૭૭ ટકાની ફાંસીની સજા કાયમ કરવામાં આવી હતી. હાઈકોર્ટોએ ૩૭૬ લોકોને નિર્દોષ જાહેર કર્યા અને ૫૧૫ મૃત્યુદંડની સજાને આજીવન કેદ જેવી ઓછી સજાઓમાં બદલી નાખી હતી. એક અહેવાલમાં જણાવ્યા અનુસાર ભારતમાં આઝાદી પછી ૭૫૦ જેટલી ફાંસી અપાઇ છે. ભારતમાં કેટલાક સમયથી ફાંસી આપવાનો વિરોધ પણ થઇ રહ્યો છે. કાયદા અનુસાર સજા પામનારને દરેક સ્તરે મુક્તિની રજૂઆત કરવાની છૂટ અપાય છે.

સુપ્રીમ કોર્ટનો રેકોર્ડ પણ હાઇકોર્ટ જેવો જ છે. સુપ્રિમ કોર્ટે ૨૦૨૩ અને ૨૦૨૫ની વચ્ચે કોઈપણ ફાંસીની સજાને કાયમ નથી કરી. ૨૦૨૫માં ફાંસીની સજા પામેલા ૧૦ લોકોને નિર્દોષ જાહેર કર્યા, જે ૨૦૧૬ પછી આવા નિર્દોષ જાહેર કરવાની સૌથી વધુ વાર્ષિક સંખ્યા હતી. આ આંકડા એકલા મહિલાઓ માટેના નહીં, પરંતુ એકંદરે મૃત્યુદંડના કેસોને આવરી લે છે. રતન બાઈ જૈન, જેને આઝાદી પછી ભારતમાં ફાંસી આપવામાં આવેલી એકમાત્ર મહિલા તરીકે ઓળખવામાં આવે છે, તેને ત્રણ યુવતીઓની હત્યાના દોષી સાબિત થયા બાદ ૩ જાન્યુઆરી ૧૯૫૫ના રોજ તિહાર જેલમાં ફાંસી આપવામાં આવી હતી. ત્યાર બાદ ભારતમાં અન્ય કોઈ મહિલાને ફાંસી આપવામાં આવી નથી.

કોઇને પણ ફાંસીની સજા થાય પછી તે ચુકાદો અનેક કાનૂની તબક્કાઓમાંથી પસાર થાય છે. પહેલાં કેસનો ચુકાદો હાઈકોર્ટ પાસે જાય છે તેની તપાસ કરે છે અને તેની પુષ્ટિ કરી શકે છે, તેને હળવી કરી શકે છે, આરોપીને નિર્દોષ જાહેર કરી શકે છે અથવા વધુ કાર્યવાહીનો આદેશ આપી શકે છે. ત્યારબાદ કેસ સુપ્રીમ કોર્ટમાં અપીલ થાય છે. જ્યાં સજા પામેલ દોષિત વ્યક્તિ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં ચુકાદો પડકારી શકે છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી તેની પાસે દયાની અરજીનો વિકલ્પ ઉભો હોય છે. મેરઠની કોર્ટે બે મહિલાઓને ફાંસીની સજા કરી છે પરંતુ અહીં ઉલ્લેખનીય છે કે આઝાદી પછી ભારતમાં માત્ર એક મહિલાને ફાંસી અપાઈ છે.

આપણો દેશ જ્યારે ૧૦૦ ટકા સ્વદેશી ઈંધણ તરફ ડગ માંડે ત્યારે કાગળ પર આ યોજના સ્વર્ગ જેવી લાગે છે. ક્રૂડ આયાતનું બિલ ઘટશે, વિદેશી હૂંડિયામણ બચશે અને ખેડૂતો ઊર્જાદાતા બનશે એવા સુવર્ણ દાવાઓ ચારેબાજુ ગૂંજી રહ્યા છે. પરંતુ ચમકતી તસવીરની પાછળ રહેલી કડવી વાસ્તવિકતા એ છે કે શું ભારત આ અતિ-મહત્ત્વાકાંક્ષી પ્રયોગ માટે જમીની સ્તરે ખરેખર તૈયાર છે?

100% ઈથેનોલ : ઊર્જા આત્મનિર્ભરતાનું વરદાન કે આકરી પરીક્ષા!

ક્રૂડ આયાતમાં ઘટાડો કરવા લેવાયેલો રાજકીય નિર્ણય હાલ પૂરતો સારો પણ ભવિષ્યમાં ક્યાંક પ્રજા ઉપર આર્થિક બોજો વધારી ન દે તે જોવું પડશે

આપણો દેશ જ્યારે ૧૦૦ ટકા સ્વદેશી ઈંધણ તરફ ડગ માંડે ત્યારે કાગળ પર આ યોજના સ્વર્ગ જેવી લાગે છે. ક્રૂડ આયાતનું બિલ ઘટશે, વિદેશી હૂંડિયામણ બચશે અને ખેડૂતો ઊર્જાદાતા બનશે એવા સુવર્ણ દાવાઓ ચારેબાજુ ગૂંજી રહ્યા છે. પરંતુ ચમકતી તસવીરની પાછળ રહેલી કડવી વાસ્તવિકતા એ છે કે શું ભારત આ અતિ-મહત્ત્વાકાંક્ષી પ્રયોગ માટે જમીની સ્તરે ખરેખર તૈયાર છે? : હાલમાં દેશભરમાં પેટ્રોલ પંપો પર ઈ૨૦ ઇંધણ પહોંચાડવાના ફાંફા પડી રહ્યા છે, ત્યારે ૧૦૦ ટકા ઈથેનોલ માટે અલગ ડિસ્પેન્સિંગ યુનિટ્સ, વિશિષ્ટ અંડરગ્રાઉન્ડ સ્ટોરેજ ટાંકીઓ અને સપ્લાય ચેઈન ઊભી કરવી એ કોઈ રમતવાત નથી. ઉપરાંત આ ફ્યૂઅલ માટે અનુકુળ ટેકનોલોજી સાથે નવી કાર કે બાઈક બજારમાં આવશે ત્યારે તેની પ્રારંભિક કિંમત સામાન્ય વાહનો કરતાં ૨૫,૦૦૦થી ૮૦,૦૦૦ રૂપિયા સુધી મોંઘી હોવાની શક્યતા છે : જ્યારે સરકાર ડિસ્ટિલરીઓને આકર્ષક ભાવે ઈથેનોલ ખરીદવાની ખાતરી આપશે, ત્યારે મિલો અને વેપારીઓ ખાંડ કે ગોળ બનાવવાને બદલે સીધો શેરડીનો રસ ઈથેનોલમાં ઉપયોગમાં લેશે. પરિણામે સ્થાનિક બજારમાં ખાંડ હાલ કરતા બમણાં ભાવે તો નવાઈ નહીં. મકાઈની સ્થિતિ તો એના કરતાં પણ બદતર થશે. તેમાં ઘટાડો માણસો ઉપરાંત પશુ આહારમાં પણ અછત અને મોંઘવારી બંનેને આવકારશે. કેન્દ્રના માર્ગ અને પરિવહન મંત્રાલયે ૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતા વાહનોને મંજૂરી આપી દીધી છે. તેનાથી દેશમાં ઈથેનોલ બ્લેન્ડિંગના સેક્ટરમાં મોટું પરિવર્તન આવશે. કેન્દ્ર સરકારનું માનવું છે કે, ૧૦૦ ટકા ઈથેનોલ ફ્યુઅલમાં ચાલે તેવા ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિનના વાહનો માટે માર્ગ મોકળો થયો છે. આ વર્ષે જૂન માસમાં જ હજુ પહેલું વહેલું ૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતું ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન લોંચ થયું હતું. મારુતિ-સુઝીકીએ વેગન આર ફ્લેક્સ ફ્યુઅલ લોંચ કરીને દેશમાં નવો ટ્રેન્ડ સેટ કર્યો હતો. તેના પગલે હવે ટોયોટા, ટાટા અને હ્યુન્ડાઈ જેવી કાર મેકર કંપનીઓ પણ ફ્લેક્સ ફ્યુઅલ કારના મોડલ પર કામ કરી રહી છે. જાણકારોના મતે ભારત સરકાર દ્વારા ૧૦૦ ટકા ઈથેનોલ (ઈ૧૦૦)થી ચાલતા ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને લીલી ઝંડી આપવાનો નિર્ણય માત્ર પરિવહન નીતિનો ફેરબદલ નથી, પરંતુ દેશના ઊર્જા, કૃષિ અને અર્થતંત્રના સમીકરણોને હચમચાવી નાખનારો એક ક્રાંતિકારી અને તેટલો જ જોખમી નિર્ણય છે. દર વર્ષે લાખો કરોડ રૂપિયા વિદેશી ક્રૂડ ઓઈલ પાછળ વહાવી દેતો આપણો દેશ જ્યારે ૧૦૦ ટકા સ્વદેશી ઈંધણ તરફ ડગ માંડે ત્યારે કાગળ પર આ યોજના સ્વર્ગ જેવી લાગે છે.

ક્રૂડ આયાતનું બિલ ઘટશે, વિદેશી હૂંડિયામણ બચશે અને ખેડૂતો ઊર્જાદાતા બનશે એવા સુવર્ણ દાવાઓ ચારેબાજુ ગૂંજી રહ્યા છે. પરંતુ ચમકતી તસવીરની પાછળ રહેલી કડવી વાસ્તવિકતા એ છે કે શું ભારત આ અતિ-મહત્ત્વાકાંક્ષી પ્રયોગ માટે જમીની સ્તરે ખરેખર તૈયાર છે? શું આપણે ક્રૂડ ઓઈલની પરાધીનતામાંથી મુક્ત થવાના ઉતાવળા ઉત્સાહમાં દેશની ખાદ્ય સુરક્ષા, જમીનની ફળદ્રુપતા અને સામાન્ય નાગરિકના ખિસ્સાને અંધારા તરફ ધકેલી રહ્યા નથી? આ નિર્ણય બજાર, કૃષિ, ઓટોમોબાઈલ ઉદ્યોગ અને સામાન્ય જનતા માટે સાચે જ વરદાન સાબિત થશે કે પછી વિનાશકારી આર્થિક ભૂલ, તેનું સચોટ વિશ્લેષણ કરવું અનિવાર્ય બની ગયું છે. હાલમાં દેશભરમાં પેટ્રોલ પંપો પર ઈ૨૦ (૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત) ઇંધણ પહોંચાડવાના ફાંફા પડી રહ્યા છે, ત્યારે ૧૦૦ ટકા ઈથેનોલ માટે અલગ ડિસ્પેન્સિંગ યુનિટ્સ, વિશિષ્ટ અંડરગ્રાઉન્ડ સ્ટોરેજ ટાંકીઓ અને સપ્લાય ચેઈન ઊભી કરવી એ કોઈ રમતવાત નથી. ઓટોમોબાઈલ ઉત્પાદકો માટે પણ પડકાર નાનો નથી; ૧૦૦ ટકા ઈથેનોલ પર ચાલતા વાહનો માટે સંપૂર્ણપણે અલગ 'ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન' ટેક્નોલોજી, કાટ-પ્રતિરોધક ફ્યુઅલ લાઈન્સ, ખાસ ઈન્જેક્ટર્સ અને સેન્સર્સ વિકસાવવા પડશે. જ્યારે આવી ટેકનોલોજી સાથે નવી કાર કે બાઈક બજારમાં આવશે ત્યારે તેની પ્રારંભિક કિંમત સામાન્ય વાહનો કરતાં ૨૫,૦૦૦થી ૮૦,૦૦૦ રૂપિયા સુધી મોંઘી હોવાની પૂરી શક્યતા છે. જો સરકાર ઈથેનોલ પર ભારે સબસિડી અથવા ટેક્સમાં જંગી રાહત નહીં આપે, તો સામાન્ય ગ્રાહક મોંઘું વાહન ખરીદવાની હિંમત કેમ કરશે? બજારમાં જૂના વાહનોની રીસેલ વેલ્યુ ઘટી જશે અને અચાનક બદલાતી ઈંધણ નીતિથી ગ્રાહક અવઢવમાં મુકાશે.

ઈથેનોલના જંગી ઉત્પાદન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરીએ તો ભારત સામે સૌથી મોટો સવાલ ક્ષમતાનો ઊભો થાય છે. ભારત દર વર્ષે અંદાજે ૨,૬૦૦થી ૩,૦૦૦ કરોડ લિટર પેટ્રોલનો વપરાશ કરે છે. જો દેશના ૧૦૦ ટકા વાહનોને ઈથેનોલ પર લાવવા હોય તો ઓછામાં ઓછા ૩,૫૦૦ થી ૪,૦૦૦ કરોડ લિટર શુદ્ધ ઈથેનોલની જરૂર પડે, કારણ કે ઈથેનોલની ઊર્જા ઘનતા પેટ્રોલ કરતાં ઓછી હોવાથી વધુ પ્રમાણમાં બળતણ વપરાય છે. આજે આપણી વાર્ષિક ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા માંડ ૧,૩૦૦ થી ૧,૫૦૦ કરોડ લિટરની આસપાસ પહોંચી છે, જેમાંથી અડધોઅડધ તો કેમિકલ અને દારૂ ઉદ્યોગમાં વપરાઈ જાય છે. તો બાકીના હજારો કરોડ લિટરનું ઉત્પાદન રાતોરાત ક્યાંથી થશે? નવી ડિસ્ટિલરીઓ સ્થાપવા માટે અબજો રૂપિયાનું રોકાણ, સેંકડો પર્યાવરણીય મંજૂરીઓ અને વર્ષોનો સમય લાગે છે. વળી, ઈથેનોલનું વિતરણ પણ સરળ નથી; ઈથેનોલ વાતાવરણમાંથી ભેજ ખૂબ ઝડપથી ખેંચી લે છે, જેથી તેનું પાઈપલાઈન દ્વારા પરિવહન કરવું અશક્ય જેવું છે. તેના માટે હજારો સ્પેશિયલ ટેન્કરો રોડ પર દોડાવવા પડશે, જેના કારણે પરિવહન ખર્ચ અને કાર્બન ફૂટપ્રિન્ટ બંને વધશે. આટલા વિશાળ માળખા વિના ૧૦૦ ટકા ઈથેનોલની જાહેરાત કરવી એ ઘોડા વિનાની ગાડી દોડાવવા સમાન છે.

સૌથી ભયાનક અસર દેશની ખાદ્ય સુરક્ષા અને સામાન્ય ગૃહિણીના રસોડા પર પડવાની છે. ઈથેનોલનું ઉત્પાદન મુખ્યત્વે શેરડીના રસ, બી-હેવી મોલાસીસ, ચોખા અને મકાઈમાંથી થાય છે. જ્યારે સરકાર ડિસ્ટિલરીઓને આકર્ષક ભાવે ઈથેનોલ ખરીદવાની ખાતરી આપશે, ત્યારે મિલો અને વેપારીઓ ખાંડ કે ગોળ બનાવવાને બદલે સીધો શેરડીનો રસ ઈથેનોલમાં ઉપયોગમાં લેશે. પરિણામે સ્થાનિક બજારમાં ખાંડ અને ગોળની ભારે કૃત્રિમ અછત સર્જાશે. જે ખાંડ આજે ૪૦-૪૫ રૂપિયે કિલો મળે છે તે વધીને ૭૦-૯૦ રૂપિયા સુધી પહોંચી જાય તો નવાઈ નહીં. મકાઈની સ્થિતિ તો એના કરતાં પણ બદતર થશે. મકાઈ એ માત્ર માણસોનો ખોરાક નથી, પરંતુ ભારતમાં મરઘાં ઉછેર અને પશુપાલન માટે પશુ આહારનો મુખ્ય પાયો છે. જો મકાઈ મોટાપાયે ઈથેનોલ બનાવવામાં વપરાશે, તો મકાઈના ભાવ આસમાને પહોંચશે, જેનાથી પશુ આહાર મોંઘો થશે અને દૂધ, ઘી, ઈંડાં તથા ચિકનના ભાવમાં અસહ્ય મોંઘવારીનો ભડકો થશે. આ પરિસ્થિતિ સીધી રીતે ફૂડ વિરુદ્ધ ફ્યૂઅલનું એક એવું જીવલેણ યુદ્ધ છેડી દેશે, જેમાં દેશના ગરીબ અને મધ્યમ વર્ગને પોતાના પેટનો કોળિયો વાહનોની ટાંકીમાં હોમવો પડશે. ખેતી અને ખેડૂતોના દ્રષ્ટિકોણથી આ નીતિ શરૂઆતમાં ફાયદાકારક જણાશે, પણ લાંબા ગાળે તે વિનાશક સાબિત થઈ શકે છે. ટૂંકા ગાળામાં શેરડી અને મકાઈ પકવતા ખેડૂતોને તેમના પાકના સારા અને રોકડા ભાવ મળશે, ખાંડ મિલો પાસે ખેડૂતોના બાકી નીકળતા નાણાં ઝડપથી ચૂકવાશે એ વાત સાચી. પરંતુ તેની બીજી બાજુ અત્યંત ચિંતાજનક છે. વધુ નફાની લાલચમાં ખેડૂતો કઠોળ, તેલીબિયાં, બાજરી, જુવાર જેવા પરંપરાગત પાકો છોડીને માત્ર શેરડી અને મકાઈની એકધારી ખેતી (મોનોકલ્ચર) તરફ વળશે. શેરડી એ અત્યંત પાણી માંગી લેતો પાક છે; એક કિલો ખાંડ કે લિટર ઈથેનોલ પેદા કરવા માટે હજારો લિટર પાણી જમીનમાંથી ચૂસાઈ જાય છે. મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, કર્ણાટક અને દક્ષિણ ગુજરાત જેવા પ્રદેશોમાં ભૂગર્ભ જળસ્તર પહેલેથી જ તળિયે પહોંચી ગયા છે. જો શેરડીનું વાવેતર અનિયંત્રિત રીતે વધશે, તો આગામી દાયકામાં આ રાજ્યો ગંભીર જળ સંકટ અને દુષ્કાળના ખપ્પરમાં હોમાઈ જશે. વધુ પડતા રાસાયણિક ખાતરોના ઉપયોગથી જમીન કાયમ માટે બિનફળદ્રુપ બની જશે. એટલે કે ખેડૂતોને આજે મળનારો તાત્કાલિક નફો આવતીકાલની પેઢીઓની જમીન અને પાણી છીનવી લેશે. ઉલ્લેખનીય છે કે, ઓટોમોબાઈલ ક્ષેત્રે ફ્લેક્સ વાહનોના ટેકનિકલ પાસાઓ અને એન્જિનના નુકસાન અંગે ઉઠતા સવાલો બિલકુલ વાસ્તવિક અને આધારભૂત છે. સામાન્ય પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવામાં આવે ત્યારે તેનાથી જૂના વાહનોના એન્જિનને પારાવાર નુકસાન થાય છે એ જગજાહેર છે, પરંતુ ૧૦૦ ટકા ઈથેનોલવાળા નવા વાહનોમાં પણ આંતરિક સમસ્યાઓ રહેવાની છે. ઈથેનોલ એ હાઈગ્રોસ્કોપિક પદાર્થ છે, જે હવામાનમાંથી ભેજ ખેંચીને એસિડિક ગુણધર્મ ધારણ કરે છે. આ એસિડિક સ્વભાવને કારણે તે એલ્યુમિનિયમ, રબરની ટયુબ્સ, પ્લાસ્ટિક ગાસ્કેટ્સ અને સ્ટીલના ભાગોને ધીમે ધીમે કોરી ખાય છે, જેને કારણે ફ્યુઅલ સિસ્ટમમાં કાટ લાગવાની અને લીકેજ થવાની પ્રબળ સંભાવના રહે છે. આ સિવાય, શુદ્ધ ઈથેનોલ શિયાળામાં કે ઠંડા પ્રદેશોમાં સરળતાથી સળગતું નથી, જેથી કોલ્ડ સ્ટાર્ટિંગની ગંભીર સમસ્યા ઊભી થશે. વાહન માલિકો માટે સૌથી મોટો ફટકો માઈલેજ એટલે કે એવરેજનો છે.

પેટ્રોલની તુલનામાં ઈથેનોલનું કેલરીફિક વેલ્યુ લગભગ ૩૦થી ૩૩ ટકા ઓછું છે. તેનો સીધો અર્થ એ છે કે જે કાર પેટ્રોલમાં ૧૫-૧૭ કિમીની એવરેજ આપે છે, તે ૧૦૦ ટકા ઈથેનોલ પર માત્ર ૧૦ થી ૧૧ કિમીની એવરેજ આપશે. જો ઈથેનોલનો ભાવ પેટ્રોલ કરતાં નોંધપાત્ર રીતે સસ્તો ન રાખવામાં આવે, તો કિલોમીટર દીઠ ખર્ચ ઘટવાને બદલે ઊલટાનો વધી જશે અને ગ્રાહક પર આર્થિક બોજ વધશે. આ તમામ પાસાઓનો સરવાળો માંડીએ તો સ્પષ્ટ થાય છે કે ૧૦૦ ટકા ઈથેનોલથી વાહનો ચલાવવાનું આ પગલું સૈદ્ધાંતિક રીતે રાષ્ટ્રહિતનું લાગતું હોવા છતાં, વર્તમાન પરિસ્થિતિમાં અત્યંત ઉતાવળિયું અને અનિશ્ચિતતાઓથી ભરેલું છે. બ્રાઝિલ જેવા દેશે ઈથેનોલ પર સફળતા મેળવી છે કારણ કે ત્યાં જમીન વિશાળ છે, વસ્તી ભારત કરતાં છઠ્ઠા ભાગની છે અને વરસાદ પુષ્કળ પડે છે; જ્યારે ભારત ૧૪૦ કરોડની ભૂખી વસ્તી ધરાવતો અને જળસંકટ સામે ઝઝૂમતો દેશ છે. ભારત જેવા દેશમાં પ્રથમ પેઢીના પાક (શેરડી, અનાજ)માંથી ઈથેનોલ બનાવીને વાહનોમાં બાળવું એ આર્થિક અને નૈતિક રીતે કેટલું વાજબી ગણાય? જ્યાં સુધી ભારત કૃષિ કચરા, પરાળી અને ઘાસમાંથી બનતા સેકન્ડ જનરેશન (2G) ઈથેનોલનું વિશાળ પાયે ઉત્પાદન ન કરી શકે, ત્યાં સુધી સીધા ખાદ્ય પાકો પર નિર્ભર રહેવું એ મોંઘવારી અને ભૂખમરાને સામે ચાલીને આમંત્રણ આપવા જેવું છે.

મન પર વિશ્વાસ ન રાખો મન પર અંકુશ રાખો.આત્માએ મન નો સાક્ષી છે, દૃષ્ટા છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આપણું જીવન કેટલું વિચિત્ર છે.શેર પાંચ સો ગ્રામ શાક લેવું હોય તો આપણે આખી બજાર ફરી વળીએ છીએ. કયું શાક તાજું છે, કયું સસ્તું છે,કોની દુકાન સારી છે તેના સો વિચાર કરીએ છીએ. પણ જે ઘટના સૌથી નક્કી છે,જેને કોઈ ટાળી શકતું નથી,જે દરેક જીવની પાછળ ઊભી જ છે,એવા મૃત્યુનો વિચાર આપણે કરતા જ નથી. શાસ્ત્રચોખ્ખું કહેછે,જન્મ પણ દુઃખ છે,વૃદ્ધાવ સ્થા પણ દુઃખ છે,સ્ત્રી-પુત્ર- પરિવારના વિયોગનું દુઃખ પણ છે, પણ એ બધાથી મોટું દુઃખ મરણ છે. માટે વેળાસર ચેતી જાઓ.આ દુઃખોને રોજ યાદ કરો. રોજ સવારે એક જ પ્રશ્ન પોતાને પૂછો - જો આજે યમદૂત મને લેવા આવે તો હું ક્યાં જઈશ?નરકમાં, સ્વર્ગમાં કે વૈકુંઠમાં?

મૃત્યુનું નિવારણ કદી શક્ય નથી, તો પછી પાપ શા માટે કરો છો? આ પ્રશ્ન સદગુરુ શંકરાચાર્ય સ્વામીને પણ થયો હતો.તે દુઃખ પામીને કહે છે - કેવું આશ્ચર્ય છે!મનુષ્ય જાણે છે કે મારે એક દિવસ આ બધું છોડીને જવાનું છે,બધા સંબંધો, મકાન, પૈસા અહીં જ રહી જવાના છે,તેમ છતાં તે પાપ કરે છે,છેતર પિંડી કરે છે, ખોટું બોલે છે. છેવટે તે મરણને શરણ થાય છે,પણ ત્યાં સુધી પાપી આચરણ છોડતો નથી. માટે તમારા જીવનને સાચવજો, વેળાસર ચેતજો.ભાગવતનો પહેલો સ્કંધ આ જ ચેતવણી માટે છે.પાપ કોઈ જોતું નથી એ ભ્રમ છે - પાપના અગિયાર સાક્ષી

મનુષ્ય માને છે કે હું એકાંતમાં પાપ કરું છું તે કોઈ જોતું નથી.પણ શાસ્ત્ર કહે છે પાપ-પુણ્યના અનેક સાક્ષીઓ છે.સૂર્ય,ચંદ્ર,ધરતી,વાયુ, અગ્નિ,જળ,આકાશ,દિવસ,રાત, સંધ્યા અને આત્મા-આ અગિયાર સાક્ષીઓ હંમેશા સાથે જ છે. ભગવાનના સેવકો જ્યાં જાઓ ત્યાં સાથે જ હોય છે. ચોર અને સંત

એક ચોર રાત્રે ચોરી કરવા નીકળ્યો. તેણે જોયું કે ચારે બાજુ અંધારું છે, કોઈ નથી. તે ખુશ થયો. ત્યાં જ એક સંત ત્યાંથી પસાર થયા. સંતે પૂછ્યું - શું કરે છે?ચોર કહે- કોઈ જોતું નથી એટલે કામ કરું છું. સંતે આકાશ તરફ આંગળી ચીંધીને કહ્યુંપેલો સૂર્ય દિવસે જોતો હતો,અત્યારે ચંદ્ર જોઈ રહ્યો છે,આ ધરતી જોઈ રહી છે, આ વાયુ તારો શ્વાસ નોંધી રહ્યો છે અને તારી અંદર બેઠેલો આત્મા તો બધું જ ટેપ કરી રહ્યો છે.તું એકલો ક્યાં છે? આ સાંભળીને ચોરના હાથમાંથી ચોરીનો સામાન પડી ગયો.

આપણે સીસીટીવી કેમેરાથી ડરીએ છીએ, પણ આ કુદરતી કેમેરાથી ડરતા નથી. જે દિવસે એવી દૃષ્ટિ આવશે કે મારું દરેક કર્મ જોવાઈ રહ્યું છે,તે દિવસે પાપ કરવાનો વિચાર જ નહીં આવે. મૃત્યુને રોજ યાદ કરો, તો તમારું પાપ છૂટી જશે અને પાપ છૂટી જાય ત્યારે માનજો કે તમે સંત બનવાની શરૂઆત કરી છે.

જીવન પાણીના પરપોટા જેવું છે. પરપોટાને ફૂટી જતા વાર લાગતી નથી, તેમ જીવનનો અંત આવતા પણ વાર લાગતી નથી. પરીક્ષિત રાજાને તો ખાતરી હતી કે સાત દિવસ પછી તક્ષક નાગથી હું મરવાનો છું. આપણને તો સાત મિનિટની પણ ખાતરી નથી.

પરીક્ષિત જ્યાં સુધી મહેલોમાં વિલાસી જીવન ગાળતા હતા ત્યાં સુધી શુકદેવજી આવ્યા નહીં. જેવો તક્ષકના ભયથી તેણે સંસાર છોડ્યો ગંગા કિનારે આવીને અનશન લીધું, કે તરત જ શુકદેવજી ત્યાં પધાર્યા. તેમને આમંત્રણ આપવું પડ્યું નથી. જે શુકદેવ આમંત્રણથી આવે તેવા નથી.

આમાં જ મોટું રહસ્ય છે. અધિકાર સિદ્ધ થાય પછી સંત સામે ચાલીને આવે છે. પરીક્ષિતને મૃત્યુની બીક લાગી અને તેનું જીવન સુધર્યું. જે ઘડીએ વિલાસ છૂટ્યો તે જ ઘડીએ ભાગવત પ્રગટ થયું.

મરણનું દુઃખ ભયંકર છે. શાસ્ત્ર કહે છે જીવ શરીર છોડે છે ત્યારે હજાર વીંછી એક સાથે ડંખ મારે તેટલી વેદના થાય છે. માટે રોજ વિચારો - આજે યમદૂત આવે તો હું ક્યાં જઈશ? આ વિચાર જ વૈરાગ્યનો પિતા છે. ભાગવતના પ્રથમ સ્કંધમાં ત્રણ પ્રકર ણ છે- ઉત્તમાધિકાર,મધ્યમાધિકાર અને કનિષ્ઠાધિકાર. એટલે કે જ્ઞાન પામવાનો અધિકારી કોણ અને જ્ઞાન આપવાનો અધિકારી કોણ.

શુકદેવજી ઉત્તમ વક્તા છે. તેમને ખબર જ નથી કે સામે કોણ બેઠું છે.તે તો બ્રહ્મમાં લીન છે. શંકરાચાર્યે કહ્યું છે કે બ્રહ્મજ્ઞાની મહાત્માઓ એક ક્ષણ પણ બ્રહ્મનું ચિંતન છોડી શકતા નથી. આવી દશા શુકદેવજીની છે. જગતમાં બ્રહ્મજ્ઞાની મળી શકે, પણ બ્રહ્મદૃષ્ટિ રાખીને ફરનારા શુકદેવજી જેવા નથી મળતા. અને પરીક્ષિત ઉત્તમ શ્રોતા છે.તેને હવે બીજું કાંઈ સાંભળવું જ નથી,માત્ર મોક્ષ સાંભળવો છે. કારણ તેને મૃત્યુ દેખાય છે. વ્યાસજી મધ્યમ વક્તા છે. તે સમાજને સુધારવાની ભાવનાથી કથા કરે છે. પણ શાસ્ત્ર ચેતવે છે - બીજાને સુધારવાની ભાવના પણ પ્રભુ ભજનમાં વિઘ્ન કરે છે. બીજાને સુધારવાની ભાંજગડમાં પડતા નહીં, તમે પોતાને સુધારજો. તમે સુધરશો તો જગત આપોઆપ સુધરશે.

નૈમિષારણ્યમાં સૂતજી કથા કહે છે અને શૌનકાદિ ઋષિઓ સાંભળે છે. તેઓ પ્રશ્નો પૂછી પૂછીને ધીરે ધીરે ઉપર આવે છે. આ કનિષ્ઠ અધિકાર છે.આપણા જેવા સામાન્ય જીવોની શરૂઆત અહીંથી જ થાય છે. એક પંડિત રોજ ગામમાં ઉપદેશ આપતો કે ક્રોધ ન કરો,લોભ ન કરો. પણ પોતે જ ઘરમાં નાની વાતમાં ક્રોધ કરતો. તેની કથાની કોઈ અસર થતી નહીં.એક દિવસ તે એક મહાત્મા પાસે ગયો અને કહ્યું મારી વાણીમાં શક્તિ કેમ નથી? મહાત્માએ કહ્યું - કારણ કે તારી કહેણી અને કરણી એક નથી. વાણી અને વર્તન એક ન હોય ત્યાં સુધી શબ્દમાં શક્તિ આવતી નથી. શુકદેવજીની વાણીમાં શક્તિ એટલા માટે છે કે તેમની કરણીમાં બાર વર્ષ સુધી માતાના ગર્ભમાં રહીને પણ બ્રહ્મચર્ય પાળ્યું છે. જીવનમાં આચરણ આવશે તો જ વાણીમાં તેજ આવશે.ઘર છોડવાથી સંત થવાતું નથી,ભગવા પહેરવાથી સંત થવાતું નથી.તુકારામ મહારાજ,એક નાથ મહારાજ,વ્રજ ની ગોપીઓ- આ બધાએ ઘરમાં રહીને જ પ્રભુને પ્રાપ્ત કર્યા છે. સંત થવા માટે ઘર છોડવાની જરૂર નથી,મન સુધારવાની જરૂર છે.

જગત બગડ્યું નથી, આપણું મન બગડ્યું છે.મન પર વિશ્વાસ ન રાખો મન પર અંકુશ રાખો. આત્માએ મન નો સાક્ષી છે,દૃષ્ટા છે. જે દિવસે આત્મા સાક્ષી આપે કે આજે મન શુદ્ધ છે, તે દિવસે માનજો કે તમે સંત છો. મૃત્યુના સ્મરણથી મન સુધરે છે, મૃત્યુના વિસ્મરણથી મન બગડે છે. રોજ સવારે વિચારો - આજનો દિવસ મારો છેલ્લો હોય તો હું શું કરું? કોઈને દુઃખ આપું? કોઈનું ખોટું કરું? નહીં. તો પછી આજનો દિવસ એવી રીતે જીવો કે જાણે છેલ્લો જ છે. જે મૃત્યુને યાદ રાખે છે તે ક્યારેય પાપ કરતો નથી.

છેલ્લા એક દાયકામાં જનરેશન ગેપ એટલો વધી ગયો છે, કે પહેલી પેઢીને ત્રીજી પેઢીનુ એકસાથે ચાલવું ઘણીવાર શક્ય નથી

સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હું એક શુદ્ધ અને પવિત્ર આત્મા છું, જેને સમય સંજોગ ના દુઃખ કે સુખ સ્પર્શી શકે નહીં, તેમજ સબંધોની માયાજાળ ઉલજાવી શકે નહીં, અને આજ નિતાંત સત્ય છે, એ જાણવા છતાં કાયમ યાદ રહેતું નથી, એ પણ એક વાસ્તવિકતા છે, અને તેથી જ ચૈતન્યના આ શુદ્ધ પ્રવાહમાં હું મારા અસ્તિત્વનો પ્રભાવ વધારવા અકારણ મથી રહી છું, અને સત્યના પ્રકાશથી દૂર જઈ રહી છું. કારણ કે આ વખતે દિકરો વહુ દિવાળી કરવા આવશે નહીં, અને હમણાં જ એની સાથે રહીને આવી છતાં મા ની મમતા ને કોણ સમજાવે! કદાચ આવા કડવા ઘૂંટડા પી પી ને જ મા મીઠી મધ જેવી થઈ જાય છે. આવા પરંતુ સમયે સદગુરુ બોધ હર હંમેશ અસત્ય તરફ જતા રોકે છે, અને જાત અને જીવન બંને બચી જાય છે, કેટલું સચોટ જ્ઞાન છતાં આપણે એનાથી વિમુખ કેવી અસમંજસતા છે કે જાણવા છતાં અજાણ્યું કરી જીવવું!! બસ આવી જ પરિસ્થિતિ માંથી આજે સમાજ પસાર થઈ રહ્યો છે, અને કોઈ સમયે જાગી જાય છે, તો કોઈ આત્મા વાણી સાંભળવા છતાં એ તરફ દુર્લક્ષ સેવી પતનને માર્ગે જાય છે. સુખ-દુઃખ કોના જીવનમાં આવતા નથી? હર કોઈના જીવન સાથે નાના મોટા સુખ દુખ વણાયેલા જ હોય છે, પરંતુ એ કઈ કાયમી હોતા નથી, એ યાદ રાખીને સૌએ જીવવું પડે! સમય ના બદલાવ પણ આ રીતે જ આવતા હોય છે! જો તમે એની સાથે ન ચાલી શકો તો એ તમારી માટે મુશ્કેલીનું સર્જન કરે અથવા મુશ્કેલી વધારે! આજે તો વિશ્વ આખું આવાં સળગતા કેટલાય સવાલોથી ભરેલું છે અને એનાં જવાબ કોઈ પાસે નથી! પણ મુશ્કેલી વૈશ્વિક હોય, સામાજિક હોય, પારિવારિક હોય, કે પછી વ્યક્તિગત હોય, પરંતુ માનવી એ હવે તેની સાથે ચાલતા શીખવું પડશે, અથવા વિકલ્પ શોધી લેવો પડશે. છેલ્લા એક દાયકામાં જનરેશન ગેપ એટલો વધી ગયો છે કે, પહેલી પેઢી અને ત્રીજી પેઢીનુ એકસાથે ચાલવું ઘણીવાર શક્ય નથી. તો આજે આપણે વિકાસ અને જનરેશન ગેપના તાલમેલ વિશે વાત કરીશું

દેખીતી રીતે આપણે એકવીસમી સદીમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ, અને એ રીતે જોઈએ તો પહેલા કરતા ઘણો સારો સમય આવી ગયો છે. એટલે કે સમયનું ચક્ર ઘણું આગળ નીકળી ગયું છે, આજે શહેરો મોટા મોટા થતાં જાય છે, ગામડાનું પણ આધુનિકરણ થઈ ગયું છે. દરેક વર્ણ અને વર્ગ શિક્ષણના મહત્વને અપનાવ્યું છે. સ્ત્રીને પણ ઘણી સફળતા મળી છે,અને સ્વતંત્રતા પણ મળી છે. સમાજ બૌદ્ધિક રીતે ઘણો આગળ વધી ગયો છે. ક્યાંક ક્યાંક લોકો સમાજ પ્રત્યેની જવાબદારી સ્વીકારતા થયા છે, તો ક્યાંક ક્યાંક આપણા મૂળ સંસ્કાર એટલે કે યોગ આર્યુવેદ વગેરે જાગૃત થાય એ માટે પણ કામ કરે છે,લોકોની ભાષા પહેરવેશ ખાણીપીણી બધું જ આધુનિકતાને નામે બદલાઈ ગયું છે. પરંતુ શું આને વિકાસ કે યુગ પરિવર્તન કહી શકાય ખરો?? કારણ કે અમુક માનસિકતામાં હજી આપણે હતા ત્યાં જ છીએ, ક્યાંક યુગ પરિવર્તન પરાકાષ્ઠા એ થાય છે, તો ક્યાંક હજી 18મી સદી જેવી જ માનસિકતા દેખાય છે, અને એમાં પણ ખાસ કરીને સ્ત્રીઓની બાબતમાં ભારતીય સમાજ અમુક વાસ્તવિકતા સ્વીકારી શક્યો નથી. ક્યારેક અહમને નામે, ક્યારેક આગ્રહના નામે, તો ક્યારેક ક્યારેક પરંપરાને નામે સ્ત્રીનું શોષણ થતું આવ્યું છે. કોઈ ઘરમાં વડીલ જનરેશન ગેપની સાથે ચાલી ન શકે તો ત્યાં તેનું શારીરિક અથવા માનસિક શોષણ થાય, તો ક્યાંક વચલી પેઢીનો મરો થાય,અને ક્યાંક યુવા પેઢીનો, આવું બધું ચાલ્યા કરે છે. તો આપણને એમ થાય કે પુરુષ અને સ્ત્રી એ સમાજના બંને સશક્ત અંગો છે,એ બે માંથી એક અંગની જોઈએ તે પ્રમાણમાં પુષ્ટિ ન થાય તો સમાજ સ્વસ્થ બની શકે નહીં, અને આવું કયા કારણ થી થાય છે અથવા તો આ ભેદ કે આ શોષણ અટકે એ માટે શું કરવું જોઈએ. ભારતીય સંસ્કૃતિ એ વિકાસને નામે કે આધુનિકતાને નામે ઘણું બધું અપનાવ્યું છે. પરંતુ આપણી જે મૂળ સંસ્કૃતિ હતી, એને ભૂલ્યા વગર જો નવું અપનાવ્યું હોત અથવા તો નવાનો પણ સ્વીકાર કર્યો હોત, તો સામાજિક રીતે પણ વિજ્ઞાનની જેટલી જ તરક્કી દેખાત, પણ અમુક મૂલ્યો ચૂકી જવાથી સામાજિક સ્તરે એટલો વિકાસ દેખાતો નથી, અને જેટલું થવું જોઈએ એટલું યુગ પરિવર્તન થતું નથી, આ તેનું મુખ્ય કારણ છે. ભારતીય સંસ્કૃતિના મૂળ ચાર આધાર સ્તંભ છે એ આપણે સૌ કોઈ જાણીએ છીએ એટલે કે માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ, આચાર્ય દેવો ભવઃ, અને અતિથિ દેવો ભવઃ, આ ચારેચાર સંબંધને આપણે તેના મૂલ્ય સ્તર કરતાં ક્યાંક કિંમત ઓછી આંકતા થઈ ગયા છીએ. એટલે કે વ્યક્તિગત રીતે તો કદાચ હજી થતું હોય, એટલે કે પોતાની માતાને માન અપાતું હોય, પોતાના પિતાને અપાતું હોય, આચાર્યને પણ અપાતું હોય, અને ઘરમાં અતિથિ સત્કાર પણ થતો હોય, પરંતુ આપણી માતા જેટલું જ માન આપણે અન્યની માતાને આપી શકતા નથી. ક્યારેક એવું બને કે, આપણી આસપાસ કે સોસાયટી એટલે સમાજમાં સરેઆમ તેની ઈજ્જત ઉછળતી હોય, અથવા તો તેને કોઈ સમસ્યા હોય તો, એમાં આપણું રુંવાડુ પણ ફરકતું ન હોય. તો ક્યારેક દંભને ખાતર સમાજની આવી ઘટનામાં આગેવાની લઈ અને તેને ન્યાય અપાવવા નીકળતા માણસો પોતાની ઘરની મા બહેન કે પત્નીને એટલું માન આપતા ન પણ હોય, તો ક્યારેક એવું બને કે પત્નીને માન આપવામાં ઘરની માતાને માન અપાતું ન હોય, અથવા તો ક્યારેક માતાને માન આપવાના વલણમાં પત્નીનો માન ચૂકાય જાય, એટલે આ બધી પરિસ્થિતિ સામાજિક વિકાસ થવા દેતી નથી. એવી જ રીતે પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ, કે અતિથિ દેવો ભવ માં, પણ થાય છે. એટલે કે સંબંધની મજબૂતી ક્યાંક નબળી થઈ ગઈ હોય એવું લાગે છે, અને એને કારણે સમાજ જોઈએ તેટલો વિકાસ કરી શકતો નથી. તો ક્યાંક એવું બને કે માતા તો મોર્ડન બની છે, અને વહુને અપનાવતી થઈ છે. એટલે એને પહેરવેશની દ્રષ્ટિએ, કે સ્વતંત્રતાની દ્રષ્ટિએ તે ઉદાર મને અપનાવે છે. તો ત્યાં આગળ આધુનિક સ્ત્રી આધુનિકતામાં, તેનું અપમાન કરતી હોય એવું પણ બને. એટલે સંબંધોના અંદરો અંદરના વ્યવહાર આવી નાની-મોટી વાતોને કારણે જટિલ બન્યાં છે, ક્યાંક વ્યવહારને નામે ન કરવાનું પણ કર્યું, અને ક્યાંક વ્યવહાર શૂન્ય પણ થયાં, અને એને કારણે દેખાડાનો એક વ્યવહાર સમાજમાં આજે પરંપરાના નામે પોષાતો થયો.

ચાંદખેડા રોડ રેલવે સ્ટેશન પર મુસાફરોને મળી મોટી ભેટ, સાબરમતી-કટોસણ રોડ મેમુ ટ્રેનના સ્ટોપેજનો પ્રારંભ

દૈનિક મુસાફરો, ઔદ્યોગિક કર્મચારીઓ તેમજ બહુચરાજી માતાનાં દર્શન કરવા જતા શ્રદ્ધાળુઓને થશે લાભ

અમદાવાદ, તા.28

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા મુસાફરોની સુવિધા અને પ્રાદેશિક રેલવે કનેક્ટિવિટી મજબૂત બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પહેલ કરતાં ટ્રેન નંબર 69249/69250 સાબરમતી-કટોસણ રોડ મેમુ ટ્રેનનો ચાંદખેડા રોડ રેલવે સ્ટેશન પર સ્ટોપેજ શરૂ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે ચાંદખેડા રોડ રેલવે સ્ટેશન પર આયોજિત કાર્યક્રમમાં અમદાવાદના મેયર શ્રી હિતેશ બારોટ, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજૂબેન શાહ અને અમદાવાદના મંડળ રેલવે પ્રબંધક શ્રી વેદ પ્રકાશે અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કટોસણ રોડ-સાબરમતી મેમુ ટ્રેનને લીલી ઝંડી બતાવી આ સ્ટોપેજનો પ્રારંભ કરાવ્યો હતો.

આ સ્ટોપેજથી ચાંદખેડા રોડ તથા આસપાસના વિસ્તારોના મુસાફરોને સાબરમતી, કલોલ, કડી, કટોસણ રોડ અને બહુચરાજી તરફ આવવા-જવા માટે વધુ સારી રેલવે સુવિધા મળશે. તેનાથી દૈનિક મુસાફરો, ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તેમજ ધાર્મિક સ્થળોએ જતા શ્રદ્ધાળુઓને વિશેષ લાભ થશે.

ચાંદખેડા રોડ સ્ટેશન પર ટ્રેનના સ્ટોપેજનો સમય

ટ્રેન નંબર 69250 કટોસણ રોડ-સાબરમતી મેમુ: તારીખ 28 ઑક્ટોબર, 2026 થી ચાંદખેડા રોડ સ્ટેશન પર સવારે 09:40 વાગ્યે આગમન અને 09:41 વાગ્યે પ્રસ્થાન. ટ્રેન નંબર 69249 સાબરમતી-કટોસણ રોડ મેમુ: તારીખ 28 ઑક્ટોબર, 2026 થી ચાંદખેડા રોડ સ્ટેશન પર સાંજે 17:27 વાગ્યે આગમન અને 17:28 વાગ્યે પ્રસ્થાન.

વિશાળ અમદાવાદના વિકાસની દિશામાં મહત્ત્વપૂર્ણ પહેલ

આ પ્રસંગે અમદાવાદના મંડળ રેલવે પ્રબંધક શ્રી વેદ પ્રકાશે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ચાંદખેડા રોડ સ્ટેશન પર મેમુ ટ્રેનનો સ્ટોપેજ વિશાળ અમદાવાદના સર્વાંગી વિકાસની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. તેનો હેતુ અમદાવાદ, સાબરમતી, ચાંદખેડા, કલોલ, કડી, કટોસણ રોડ, બહુચરાજી તથા આસપાસના વિસ્તારો વચ્ચે રેલવે કનેક્ટિવિટી મજબૂત બનાવવાનો છે.

તેમણે જણાવ્યું હતું કે આ સુવિધાથી દૈનિક મુસાફરો અને ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા કર્મચારીઓને અવરજવરમાં સરળતા રહેશે. ખાસ કરીને બહુચરાજી સ્થિત માતાજીના મંદિરે દર્શન કરવા જતા શ્રદ્ધાળુઓ તેમજ બહુચરાજીના ઔદ્યોગિક વિસ્તારમાં, જેમાં મારુતિ ઔદ્યોગિક વિસ્તારનો પણ સમાવેશ થાય છે, કામ કરતા કર્મચારીઓને વધુ સારી પરિવહન સુવિધા પૂરી પાડવામાં રેલવે કનેક્ટિવિટીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહેશે.

ચાંદખેડા રોડ સ્ટેશનના વિકાસ પર વિશેષ ભાર મંડળ રેલવે પ્રબંધકે જણાવ્યું હતું કે ચાંદખેડા રોડ સ્ટેશનને ભવિષ્યમાં એક મહત્ત્વપૂર્ણ રેલવે કેન્દ્ર તરીકે વિકસાવવાની વ્યાપક સંભાવનાઓ છે. સ્ટેશનના વિકાસ અને માર્ગ સંપર્કને વધુ સારો બનાવવા માટે આયોજનબદ્ધ રીતે કામગીરી કરવામાં આવી રહી છે, જેથી તેને અમદાવાદના શહેરી પરિવહન નેટવર્ક સાથે વધુ અસરકારક રીતે જોડી શકાય.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રેલવેની વિકાસ યોજનાઓ શહેરી વિસ્તારો, રહેણાક વસાહતો, રોજગાર કેન્દ્રો અને ઔદ્યોગિક વિસ્તારોને વધુ સારી પરિવહન સુવિધાઓ સાથે જોડવાના ઉદ્દેશથી તૈયાર કરવામાં આવી રહી છે. ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગ, ગુજરાત મેટ્રો અને ભારતીય રેલવે દ્વારા સંયુક્ત સર્વેક્ષણ કરીને વિવિધ વિસ્તારોની વસ્તી તથા ભવિષ્યમાં થનારા શહેરી વિસ્તરણનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. તેના આધારે પરિવહન નેટવર્કના વિકાસની યોજનાઓ તૈયાર કરવામાં આવી રહી છે. આ પહેલથી માર્ગ પરિવહન પરની નિર્ભરતા ઘટાડવામાં, ટ્રાફિકનું દબાણ ઓછું કરવામાં અને દૈનિક અવરજવરને વધુ સુવિધાજનક બનાવવામાં મદદ મળશે. વટવામાં વિકસાવવામાં આવશે મેગા કોચિંગ ડેપો શ્રી વેદ પ્રકાશે વટવામાં આશરે 100 લાઈન ધરાવતા પ્રસ્તાવિત મેગા કોચિંગ ડેપો અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે આ સુવિધા ભવિષ્યમાં અમદાવાદ રેલવે પરિસરમાંથી સંચાલિત થતી ટ્રેનોની વધતી જરૂરિયાતોને પૂરી કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ ડેપોમાં ટ્રેનોની જાળવણી અને સંચાલન સંબંધિત જરૂરિયાતોને પહોંચી વળવા માટે જરૂરી સુવિધાઓ વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ વિસ્તારની ભવિષ્યમાં વધનારી મુસાફર પરિવહનની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલી લાંબા ગાળાની રેલવે વિકાસ યોજનાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.

ગુજરાતમાં રેલવે વિકાસ માટેના બજેટની ફાળવણીમાં નોંધપાત્ર વધારો

રેલવેના માળખાગત વિકાસમાં રોકાણનો ઉલ્લેખ કરતાં મંડળ રેલવે પ્રબંધકે જણાવ્યું હતું કે વર્ષ 2014 પહેલાં ગુજરાતમાં રેલવે વિકાસ માટે વાર્ષિક બજેટની ફાળવણી 589 કરોડ હતી, જે હવે વધીને 17,366 કરોડ થઈ છે. આ અગાઉની ફાળવણી કરતાં લગભગ 30 ગણી વધારે છે.

તેમણે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ગુજરાતનાં 88 રેલવે સ્ટેશનોના પુનર્વિકાસ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે આ યોજનાનો હેતુ રેલવે સ્ટેશનો પર આધુનિક મુસાફર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો, સ્ટેશન પરિસરોનું આધુનિકીકરણ કરવાનો અને તેમને આસપાસના શહેરી વિસ્તારો સાથે વધુ સારી રીતે જોડવાનો છે.

આગામી 50 થી 100 વર્ષોની પરિવહન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને થઈ રહ્યો છે રેલવેનો વિકાસ

મંડળ રેલવે પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે રેલવેની વિવિધ વિકાસ યોજનાઓ આગામી 50થી 100 વર્ષોની પરિવહન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહી છે. સર્ક્યુલર રેલવે નેટવર્ક, નવી રેલવે લાઈનો, સ્ટેશનોના પુનર્વિકાસ અને આધુનિક કોચિંગ સુવિધાઓના વિકાસથી પ્રાદેશિક કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. તેનાથી દૈનિક મુસાફરોને પરિવહનના વધુ સારા વિકલ્પો મળશે તેમજ ઔદ્યોગિક અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ચાંદખેડા રોડ સ્ટેશન પર મેમુ ટ્રેનનો સ્ટોપેજ વિશાળ અમદાવાદના પરિવહન નેટવર્કને વધુ મજબૂત બનાવવાની સાથે વિસ્તારના મુસાફરોને વધુ સારી રેલવે સુવિધાઓ પૂરી પાડવાની દિશામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

કાપડના વેપારની આડમાં સાયબર ઠગાઈ: ભાડેથી બેંક કિટ્સ મેળવી નાણાં સગેવગે કરનાર રીઢો આરોપી સકંજામાં

સુરત, તા.28

અમરેલી સિટી પોલીસ મથકમાં નોંધાયેલા 1.86 લાખના સાયબર ફ્રોડના ગુનામાં સંડોવાયેલો અને છેલ્લા 1 વર્ષથી પોલીસને ચકમો આપી નાસતો ફરતો રીઢો આરોપી આખરે સુરત ક્રાઈમ બ્રાંચના સકંજામાં આવ્યો છે. મૂળ ઉત્તર પ્રદેશના ગાઝીપુર જિલ્લાના દેવકલી ગામનો વતની અને હાલ સુરતના ઉન પાટિયા વિસ્તારમાં રહેતો 31 વર્ષીય મોહસીન ઝિયાઉદ્દીન નવાજ ટેકનોલોજી અને બેંકિંગ સિસ્ટમનો દુરુપયોગ કરી સાયબર ઠગાઈ આચરતી ટોળકીનો સક્રિય સભ્ય છે. સાયબર ક્રાઈમ દ્વારા મેળવેલી રકમ સગેવગે કરવા માટે તે નિર્દોષ લોકોના બેંક એકાઉન્ટ્સ ભાડે મેળવી તેમાં વ્યવહારો કરતો હતો. અમરેલીમાં ગુનો દાખલ થતાં જ તે કાયદાની પકડમાંથી બચવા વારંવાર રહેઠાણ બદલી ભૂગર્ભમાં ઉતરી ગયો હતો.

ઝડપાયેલા આરોપી મોહસીનની સઘન પૂછપરછમાં ગુનાહિત મોડસ ઓપરેન્ડીનો મોટો પર્દાફાશ થયો છે. આશરે 2 વર્ષ પહેલાં તેણે સુરતના સારોલી ખાતે જિતેન્દ્ર ઉપાધ્યાય સાથે ભાગીદારીમાં 'ઉપાધ્યાય એન્ટરપ્રાઈઝ' નામે ગ્રે કાપડનો વેપાર શરૂ કર્યો હતો. જોકે કાપડનો આ વેપાર માત્ર એક દેખાવ હતો. વાસ્તવમાં જિતેન્દ્ર અને તેનો મિત્ર મનોજ દેવરાજ ત્રાપસીયા વિવિધ લોકો પાસેથી ભાડે બેંક કિટ્સ (પાસબુક, એટીએમ, ચેકબુક) મેળવતા હતા. આ બેંક ખાતાઓમાં સાયબર ફ્રોડની રકમ જમા કરાવી અન્ય બેનિફિશિયરી એકાઉન્ટોમાં ટ્રાન્સફર કરવાનું કામ મોહસીન કરતો હતો. અગાઉ આ કેસમાં જિતેન્દ્ર અને મનોજની ધરપકડ થઈ ચૂકી હતી, જ્યારે મોહસીન ફરાર હતો.

સુરત શહેર ક્રાઈમ બ્રાંચની ટીમે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવી પાંડેસરા ડી-માર્ટ પાસેથી વોન્ટેડ મોહસીન નવાજને ઝડપી પાડ્યો હતો. ધરપકડથી બચવા માટે તે સુરતના સાબરીનગર પ્લોટ નંબર 137 બાદ હાલ દરબારનગરમાં મકાન બદલીને છુપાઈ રહ્યો હતો. સુરત ક્રાઈમ બ્રાંચે આ રીઢા સાયબર ઠગની કાયદેસર અટકાયત કરી આગળની તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે અમરેલી સિટી પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે. આ ગેંગ દ્વારા અન્ય કેટલા લોકો સાથે છેતરપિંડી આચરવામાં આવી છે તે દિશામાં હવે અમરેલી પોલીસ વધુ તપાસ કરશે.

લાજપોર જેલમાં આજીવન કેદનો કેદી પગથિયાં પરથી પટકાયો: માથા-આંખે ગંભીર ઈજા

NDPS કેસનો ગુનેગાર સિવિલના પ્રિઝનર વોર્ડમાં સારવાર હેઠળ

સુરત, તા.28

સુરતની અતિ સંવેદનશીલ ગણાતી લાજપોર મધ્યસ્થ જેલ ફરી એકવાર વિવાદ અને ચર્ચાના કેન્દ્રમાં આવી છે. જેલમાં એનડીપીએસ (NDPS) એક્ટ હેઠળના ગંભીર ગુનામાં આજીવન કેદની સજા કાપી રહેલો 29 વર્ષીય કેદી રિઝવાન મોહમ્મદ ગની શેખ આજે(28 ઓક્ટોબર) વહેલી સવારે બેરેકના પગથિયાં ઉતરી રહ્યો હતો, ત્યારે અચાનક પગ લપસતાં નીચે પટકાયો હતો. આ અકસ્માતમાં તેને માથાના ભાગે તથા ડાબી આંખ પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. કેદી અચાનક નીચે પટકાતાં જેલ પરિસરમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ જેલ તંત્રના પોલીસ કર્મીઓએ સતર્કતા દાખવી ઈજાગ્રસ્ત કેદીને તાત્કાલિક સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબોએ તાબડતોબ પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેને પ્રિઝનર વોર્ડમાં દાખલ કર્યો છે. હોસ્પિટલ વર્તુળો પાસેથી મળતી

માહિતી મુજબ, હાલ રિઝવાનની સ્થિતિ સ્થિર છે અને તેના પર સતત મેડિકલ મોનિટરિંગ રાખવામાં આવી રહ્યું છે. બનાવ અંગે ઉચ્ચ જેલ અધિકારીઓને પણ વાકેફ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, રિઝવાન શેખ માત્ર ચાર મહિના અગાઉ જ લાજપોર જેલમાં આવ્યો હતો. તે અગાઉ મુંબઈમાં હાફ મર્ડર વિથ ફાયરિંગ જેવા ચકચારી ગુનામાં ચાર વર્ષ સુધી જેલ ભોગવી ચૂક્યો છે અને તેની સામે અનેક ગુનાઓ નોંધાયેલા છે. સુરતની લાજપોર જેલ જેવી સુરક્ષિત મધ્યસ્થ જેલમાં વારંવાર બનતી આવી ઘટનાઓ જેલ પ્રશાસનની અત્યંત ઢીલી અને લચ્ચર વ્યવસ્થાની પોલ ખોલે છે. આ ઘટનાને પગલે કેદીઓની સુરક્ષા અને દેખરેખ સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

ધો-10 પાસ 2022થી ચલાવતો હતો દવાખાનું: SOGએ દરોડો પાડી બોગસ ડોક્ટર ઝડપાયો

વડોદરા, તા.28

વડોદરા શહેરના છાણી રોડ પર આવેલી શ્રીનાથપુરમ એપાર્ટમેન્ટમાં માન્ય તબીબી ડિગ્રી વિના જ એલોપેથીક દવાઓ અને ઈન્જેક્શન આપી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા બોગસ ડોક્ટરને વડોદરા SOGએ ઝડપી પાડ્યો છે. પોલીસ અને આરોગ્ય વિભાગની સંયુક્ત કામગીરીમાં 'સાઈનાથ ક્લિનિક'માંથી વિવિધ એલોપેથીક દવાઓ, કફ સિરપ, ઈન્જેક્શન, મેડિકલ સાધનો અને રબર સ્ટેમ્પ સહિત કુલ રૂ. 20,874નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

SOGના PI ડી.જે. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ ટીમે મળેલી ચોક્કસ બાતમીના આધારે નવાયાર્ડ અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. દીપક સોલંકીને સાથે રાખીને દરોડો પાડ્યો હતો. ક્લિનિકમાંથી દીનેશ ઉર્ફે ભરૂચી ડોન ચતુરભાઈ પરમાર હાજર મળી આવ્યા હતા. તપાસ દરમિયાન તેમની પાસે તબીબી પ્રેક્ટિસ માટેની કોઈ માન્ય ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક સારવાર અપાતી હોવાનું ખુલ્લું પડ્યું હતું.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી દીનેશ પરમાર માત્ર ધોરણ-10 સુધી ભણેલો છે. તેમ છતાં તે 2022થી સાઈનાથ એજ્યુકેશન એન્ડ મેડિકલ ચેરિટેબલ ટ્રસ્ટ તેમજ ડૉ. દીનેશ સી. પરમારના નામે ક્લિનિક ચલાવતો હતો. દરોડા દરમિયાન 12 પ્રકારની કફ સિરપ, 10 કંપનીની એન્ટિબાયોટિક-પેઈનકિલર દવાઓ, ઈન્જેક્શન, સિરીંજ, એપ્રોન અને 4 રબર સ્ટેમ્પ મળી આવ્યા હતા.

લોકોના જીવ જોખમમાં મૂકનાર આરોપી દીનેશભાઈ ઉર્ફે ભરૂચી ડોન પરમાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 125 તથા ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એક્ટની કલમ 30 અને 33 હેઠળ ફતેગંજ પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભારતમાં પ્રથમ વખત બુલેટ ટ્રેન સ્ટેશનની નીચેથી પસાર થશે ભારતીય રેલવેની ટ્રેનો, અમદાવાદ રેલવે સ્ટેશન પર નવા પ્લેટફોર્મ તૈયાર

અમદાવાદ રેલવે સ્ટેશન પર રેલવે પરિચાલન વિસ્તરણની દિશામાં મોટી સિદ્ધિ, નવી બ્રોડગેજ રેલવે લાઈનોનું CRS નિરીક્ષણ પૂર્ણ

અમદાવાદ, તા.28

પશ્ચિમ રેલવેનો અમદાવાદ મંડળ રેલવે માળખાકીય સુવિધાઓના આધુનિકીકરણ, પરિચાલન ક્ષમતાના વિસ્તરણ તથા મુસાફરોને વધુ સારી રેલવે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં સતત મહત્ત્વપૂર્ણ પગલાં લઈ રહ્યો છે. આ જ ક્રમમાં અમદાવાદ રેલવે સ્ટેશનના વ્યાપક પુનર્વિકાસ અને યાર્ડ રિમોડેલિંગનાં કામો અંતર્ગત એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. સ્ટેશન પર નવનિર્મિત બ્રોડગેજ લાઈન નંબર 16, 17 અને 18, જે પ્લેટફોર્મ નંબર 10, 11 અને 12 સાથે સંબંધિત છે, તેનું રેલવે સંરક્ષા કમિશનર (CRS), પશ્ચિમ સર્કલ, મુંબઈ દ્વારા સુરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ મહત્ત્વપૂર્ણ નિરીક્ષણની સાથે જ અસારવા રેલવે સ્ટેશન અને સાબરમતી 'એ' કેબિન વચ્ચે નવનિર્મિત બ્રોડગેજ બાયપાસ લાઈન (Y-કનેક્ટિવિટી)નું પણ રેલવે સંરક્ષા કમિશનર દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પરિયોજનાઓથી અમદાવાદ વિસ્તારની રેલ પરિચાલન વ્યવસ્થા વધુ મજબૂત બનશે તથા ભવિષ્યમાં ટ્રેનોના સુચારુ સંચાલનની ક્ષમતામાં વધારો થશે.

આ ઉપરાંત અમદાવાદ રેલવે સ્ટેશન અને કાંકરિયા ડેપો વચ્ચે પાંચમી રેલવે લાઈનનો વિકાસ પણ વિસ્તારની રેલ પરિચાલન ક્ષમતા વધારવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પહેલ છે. તેનાથી રેલવે ટ્રાફિકના વધુ સારા વ્યવસ્થાપન, ટ્રેનોની સુચારુ અવરજવર તથા ઉપલબ્ધ રેલવે માળખાકીય સુવિધાઓના વધુ અસરકારક ઉપયોગમાં મદદ મળશે. નિરીક્ષણ દરમિયાન રેલવે સંરક્ષા કમિશનર, પશ્ચિમ સર્કલ, મુંબઈના શ્રી ઈ. શ્રીનિવાસ, અમદાવાદ મંડળના મંડળ રેલવે પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) શ્રી પ્રદીપ ગુપ્તા સહિત રેલવેના નિર્માણ અને ઓપન લાઈન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઐતિહાસિક સિદ્ધિ અંગે અમદાવાદ મંડળના મંડળ રેલવે પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, “અમદાવાદ રેલવે સ્ટેશન પર બુલેટ ટ્રેન સ્ટેશનની નીચેથી ભારતીય રેલવેની ટ્રેનોના પરિચાલન માટે નવાં પ્લેટફોર્મ અને બ્રોડગેજ રેલવે લાઈનોનું બાંધકામ પૂર્ણ થવું એ ભારતીય રેલવેના આધુનિકીકરણની દિશામાં એક ઐતિહાસિક સિદ્ધિ છે.

દેશમાં પ્રથમ વખત મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પરિયોજના અંતર્ગત વિકસાવવામાં આવેલા અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશનની નીચે ભારતીય રેલવેની પરંપરાગત ટ્રેનોના પરિચાલન માટે પ્લેટફોર્મ નંબર 10, 11 અને 12 તથા સંબંધિત રેલવે માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ આધુનિક રેલવે એન્જિનિયરિંગ અને વિવિધ રેલવે પ્રણાલીઓ વચ્ચેના તકનીકી સમન્વયનું એક અનોખું ઉદાહરણ છે. આવનારા સમયમાં આ પ્લેટફોર્મ પરથી એક્સપ્રેસ ટ્રેનો, વંદે ભારત એક્સપ્રેસ તથા લોકલ પેસેન્જર ટ્રેનોનું પરિચાલન કરી શકાશે. તેનાથી અમદાવાદ રેલવે સ્ટેશનની પરિચાલન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે તથા મુસાફરોને વધુ સુવિધાજનક અને સરળ રેલવે સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે.

નવનિર્મિત પ્લેટફોર્મ નંબર 10, 11 અને 12 તથા સંબંધિત બ્રોડગેજ રેલવે લાઈનોનું રેલવે સંરક્ષા કમિશનર (CRS) દ્વારા નિરીક્ષણ પૂર્ણ થઈ ચૂક્યું છે. જરૂરી સુરક્ષા મંજૂરી અને નિર્ધારિત ઔપચારિકતાઓ પૂર્ણ થયા બાદ આ પ્લેટફોર્મ પરથી પેસેન્જર ટ્રેનોનું પરિચાલન શરૂ કરી શકાશે.

અમદાવાદ રેલવે સ્ટેશન પર બુલેટ ટ્રેન સ્ટેશનની નીચેથી ભારતીય રેલવેની ટ્રેનોના પરિચાલનની આ વ્યવસ્થા માત્ર એક તકનીકી સિદ્ધિ નથી, પરંતુ ભારતીય રેલવેની ભવિષ્યની આધુનિક, સુરક્ષિત અને સંકલિત રેલ પરિવહન વ્યવસ્થા તરફનું એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ પરિયોજના આધુનિક ભારતના બદલાતા રેલવે માળખાકીય વિકાસ અને ભવિષ્યની પરિવહન જરૂરિયાતોને અનુરૂપ રેલવેની વિકાસયાત્રા દર્શાવે છે.”

બુલેટ ટ્રેન સ્ટેશનની નીચેથી રેલ પરિચાલનની ઐતિહાસિક પહેલ, અમદાવાદ રેલવે સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસનાં કામો અંતર્ગત આધુનિક અને અત્યાધુનિક રેલવે માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. આ પરિયોજનાની મુખ્ય વિશેષતા એ છે કે ભારતીય રેલવેમાં પ્રથમ વખત બુલેટ ટ્રેન સ્ટેશનની નીચેથી પરંપરાગત ટ્રેનોના પરિચાલનની વ્યવસ્થા વિકસાવવામાં આવી રહી છે. અમદાવાદ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર 10 ને હાઈસ્પીડ રેલ પરિયોજનાનાં નિર્માણનાં કામોને કારણે જુલાઈ 2022થી બંધ કરવામાં આવ્યું હતું. હવે નવી બ્રોડગેજ લાઈનો અને સંબંધિત પ્લેટફોર્મની માળખાકીય સુવિધાઓનું નિર્માણ પૂર્ણ થવાથી પ્લેટફોર્મ નંબર 10, 11 અને 12 પર ફરીથી રેલ પરિચાલન શરૂ કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ થઈ છે. રેલવે સંરક્ષા કમિશનર પાસેથી જરૂરી સુરક્ષા મંજૂરી મળ્યા બાદ તથા નિર્ધારિત તકનીકી અને પરિચાલન સંબંધિત ઔપચારિકતાઓ પૂર્ણ થયા પછી આ પ્લેટફોર્મ પરથી પેસેન્જર ટ્રેનોનું પરિચાલન શરૂ કરી શકાશે. તેનાથી અમદાવાદ રેલવે સ્ટેશનની પરિચાલન ક્ષમતામાં વધારો થશે અને મુસાફરોને વધુ સારી રેલવે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે.

અમદાવાદ-કાંકરિયા ડેપો વચ્ચે પાંચમી રેલવે લાઈનથી વધશે પરિચાલન ક્ષમતા, અમદાવાદ રેલવે સ્ટેશન અને કાંકરિયા ડેપો વચ્ચે પાંચમી રેલવે લાઈનનો વિકાસ અમદાવાદ વિસ્તારના રેલવે નેટવર્કને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

આ વધારાની રેલવે લાઈનથી રેલ પરિચાલન માટે ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓનો વિસ્તાર થશે. સાથે જ ટ્રેનોની અવરજવરનું વધુ સારું વ્યવસ્થાપન, પરિચાલન સંબંધિત અવરોધો ઘટાડવા તથા રેલવે ટ્રાફિકને વધુ વ્યવસ્થિત બનાવવામાં મદદ મળવાની અપેક્ષા છે. અમદાવાદ રેલવે સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગ અને વધારાની રેલવે લાઈનોનો વિકાસ ભવિષ્યમાં વધતી રેલવે ટ્રાફિકની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યો છે. અસારવા-સાબરમતી બાયપાસ લાઈન (Y-કનેક્ટિવિટી) થી મજબૂત બનશે રેલવે નેટવર્ક અમદાવાદ વિસ્તારમાં રેલવે કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવાના હેતુથી અસારવા રેલવે સ્ટેશન અને સાબરમતી 'એ' કેબિન વચ્ચે નવી બ્રોડગેજ બાયપાસ (Y-કનેક્ટિવિટી) લાઈનનું બાંધકામ કરવામાં આવ્યું છે.

ICC T20 રેન્કિંગમાં ઉથલપાથલ, ઈશાન કિશનને પછાડી અભિષેક શર્મા દુનિયાનો નંબર-1 બેટર

નવી દિલ્હી, તા.28

અભિષેક શર્માએ બેટથી એવી ધૂમ મચાવી કે હવે ICC T20 ઈન્ટરનેશનલ રેન્કિંગમાં પણ તેનો જલવો દેખાવા લાગ્યો છે. ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી T20માં 38 બોલમાં 113 રનની વિસ્ફોટક ઈનિંગ રમનાર અભિષેક શર્મા દુનિયાનો નંબર-1 T20 ઈન્ટરનેશનલ બેટ્સમેન બની ગયો છે. તેણે પોતાના જ સાથી ખેલાડી ઈશાન કિશનને પાછળ છોડીને ટોચનું સ્થાન કબજે કરી લીધું છે.

અભિષેક માટે આ ઉપલબ્ધિ તેની તોફાની બેટિંગનું મોટું ઈનામ છે. વેલિંગ્ટનમાં રમાયેલી ત્રીજી T20માં તેણે ન્યૂઝીલેન્ડના બોલરોની જબરદસ્ત ધૂલાઈ કરી હતી. તેણે એટલું શાનદાર પ્રદર્શન કર્યું હતું કે ભારતીય ટીમે મુકાબલાને એકતરફી બનાવી દીધો. આ દરમિયાન અભિષેકે 35 બોલમાં સદી પૂરી કરી હતી. હવે આ ધમાકેદાર પ્રદર્શનની અસર ICCની તાજી બેટિંગ રેન્કિંગમાં પણ નજરે પડી છે.

ઈશાન કિશને આ વર્ષે જુલાઈમાં આયર્લેન્ડ સામેના સારા પ્રદર્શનના જોરે અભિષેક શર્માને પછાડીને T20 ઈન્ટરનેશનલ બેટિંગ રેન્કિંગમાં નંબર-1નું સ્થાન હાંસલ કર્યું હતું. અભિષેક પહેલીવાર જુલાઈ 2025માં દુનિયાનો નંબર-1 T20 બેટ્સમેન બન્યો હતો. તે સમયે તેમણે ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડને પાછળ છોડ્યો હતો.

ICC પુરુષ T20 ઈન્ટરનેશનલ બેટિંગ રેન્કિંગમાં અભિષેક શર્મા 897 રેટિંગ પોઈન્ટ્સ સાથે નંબર-1 પર છે. ઈશાન કિશન 866 પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને છે. પાકિસ્તાનના સાહિબજાદા ફરહાન 883 રેટિંગ પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને છે. તે ટોચના સ્થાને બિરાજમાન અભિષેક શર્માથી 14 પોઈન્ટ પાછળ છે. આ પહેલા અભિષેક બીજા સ્થાને અને ઈશાન નંબર-1 પર હતો.

ICC પુરુષ T20 ઈન્ટરનેશનલ બેટિંગ રેન્કિંગમાં અભિષેક શર્માએ પ્રથમ સ્થાન હાંસલ કરી લીધું છે. આ પહેલા ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશન નંબર-1 પર બિરાજમાન હતો. હવે અભિષેકે તેને પાછળ છોડી દીધો છે અને ભારતીય ટીમ માટે આ વધુ એક મોટી ઉપલબ્ધિ બની ગઈ છે.

ઈશાન કિશન ન્યૂઝીલેન્ડ સામેની T20 સિરીઝના બીજા અને ત્રીજા મુકાબલામાં ઈજાના કારણે રમી નહોતો શક્યો. જોકે, અભિષેકનું ટોચના સ્થાને પહોંચવું માત્ર ઈશાનની ગેરહાજરી સાથે જોડીને જોઈ શકાતું નથી. ત્રીજી T20માં તેની 38 બોલમાં 113 રનની ઈનિંગે આ ઉપલબ્ધિને ખાસ બનાવી દીધી. તેણે શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવ્યું અને ન્યૂઝીલેન્ડના બોલરોને સંભલવાની તક ન આપી.

વેલિંગ્ટનમાં અભિષેક શર્માએ પોતાની ઈનિંગ દરમિયાન જે અંદાજમાં બેટિંગ કરી, તેણે ફરી એકવાર T20 ક્રિકેટમાં તેની તાકાત બતાવી દીધી. તે ક્રિઝ પર આવ્યો ત્યારે તેનો ઈરાદો સ્પષ્ટ હતો. તેણે ઝડપથી રન બનાવ્યા અને મોટા શૉટ રમવામાં કોઈ હિચકિચાટ ન બતાવી. માત્ર 38 બોલમાં 113 રન બનાવીને તેણે ભારતીય ઈનિંગને એવી રફ્તાર આપી કે ન્યૂઝીલેન્ડની ટીમ દબાણમાં આવી ગઈ.

અભિષેકની આ ઈનિંગ એટલા માટે પણ મહત્વપૂર્ણ રહી, કારણ કે T20 ક્રિકેટમાં ઓછા સમયમાં મેચનું પાસુ પલટવાની તેની ક્ષમતા સતત સામે આવી રહી છે. તે પાવરપ્લેમાં આક્રમક બેટિંગ કરવાની સાથે ઈનિંગને મોટા સ્કોર સુધી લઈ જવાનો દમ પણ બતાવી રહ્યો છે. ન્યૂઝીલેન્ડ સામેના ત્રીજા મુકાબલામાં તેની આ બેટિંગે જ ભારતની જીતનો રસ્તો આસાન કર્યો. અભિષેક શર્મા છેલ્લા કેટલાક સમયથી ભારતીય T20 ટીમના સૌથી આક્રમક બેટ્સમેનોમાં સામેલ રહ્યો છે. તેની બેટિંગનો અંદાજ પરંપરાગત રીતે ઈનિંગ બનાવવાની જગ્યાએ શરૂઆતથી જ વિરોધી બોલરો પર દબાણ બનાવવાનો છે. આ જ કારણ છે કે તે ઓછા બોલમાં મોટો સ્કોર બનાવવાની ક્ષમતા રાખે છે.

6 બોલમાં 4 વિકેટ.... સ્ટાર્ક સામે સાઉથ આફ્રિકાની ટીમ કડડભૂસ, શેન વૉર્નનો 24 વર્ષ જૂનો રેકોર્ડ તૂટ્યો

નવી દિલ્હી, તા.28

ઓસ્ટ્રેલિયાના ઘાતક ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે સાઉથ આફ્રિકા સામેની ત્રીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે પોતાની તુફાની બોલિંગથી ઈતિહાસ રચી દીધો છે. કેપટાઉનના ન્યૂલેન્ડ્સ મેદાન પર રમાઈ રહેલા આ નિર્ણાયક મુકાબલામાં સ્ટાર્કે માત્ર 72 રન આપીને 6 વિકેટ ઝડપી લીધી અને સાઉથ આફ્રિકાની બેટિંગ લાઈન-અપને સંપૂર્ણપણે વેરવિખેર કરી નાખી.

મિચેલ સ્ટાર્કે પોતાની અસાધારણ ઝડપ અને સ્વિંગ બોલિંગથી સાઉથ આફ્રિકાના બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂકી દીધા હતા અને મેચનું પાસું પલટી નાખ્યું હતું: મિચેલ સ્ટાર્કે પોતાના છેલ્લા 6 બોલમાં 4 વિકેટ લઈને મેદાન પર ભારે સનસનાટી મચાવી દીધી હતી.

તેણે ડેવિડ બેડિંગહમ, વિયાન મુલ્ડર, રાયન રિકેલ્ટન, માર્કો યાનસેન, ગેરાલ્ડ કોએત્ઝી અને કગિસો રબાડાને પોતાના શિકાર બનાવ્યા હતા.

સાઉથ આફ્રિકાનો સ્કોર એક સમયે 327 રન પર 6 વિકેટ હતો, પરંતુ સ્ટાર્કના આક્રમક સ્પેલ સામે આખી ટીમ 329 રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી.

ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે ત્રણ મેચોની ટેસ્ટ સીરિઝનો અંતિમ મુકાબલો 27 ઓક્ટોબરથી કેપટાઉનમાં રમાઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો:

સાઉથ આફ્રિકાના ઓપનિંગ બેટ્સમેન એડન માર્કરમ અને માર્કેસ એકરમેને પ્રથમ વિકેટ માટે 158 રનની શાનદાર અને મજબૂત ભાગીદારી નોંધાવી હતી.

એકરમેને 95 રન અને માર્કરમે 78 રનની આકર્ષક ઈનિંગ રમી હતી, પરંતુ આ બંને બેટ્સમેન આઉટ થતાં જ બાકીના ખેલાડીઓ ક્રિઝ પર લાંબો સમય ટકી શક્યા નહીં.

મિચેલ સ્ટાર્ક કેપટાઉનના ન્યૂલેન્ડ્સ મેદાન પર ટેસ્ટ ક્રિકેટની એક ઈનિંગમાં સર્વશ્રેષ્ઠ બોલિંગ કરનાર ઓસ્ટ્રેલિયન બોલર બની ગયો છે.

અગાઉ આ રેકોર્ડ દિવંગત દિગ્ગજ સ્પિનર શેન વોર્નના નામે હતો, જેમણે વર્ષ 2002માં આ જ મેદાન પર 161 રન આપીને 6 વિકેટ ઝડપી હતી; સ્ટાર્કે 72 રનમાં 6 વિકેટ લઈને તેમનો 24 વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે.

આ સાથે જ સ્ટાર્કે ટેસ્ટ ક્રિકેટમાં 20મી વખત એક ઈનિંગમાં 5 કે તેથી વધુ વિકેટ લેવાની મહત્ત્વપૂર્ણ સિદ્ધિ પણ પોતાના નામે કરી છે.

ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચેની ત્રણ મેચોની ટેસ્ટ સીરિઝ હાલમાં 1-1ની રોમાંચક બરાબરી પર પહોંચી ગઈ છે.

પ્રથમ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાએ 214 રનથી જીત નોંધાવી હતી, જ્યારે બીજી ટેસ્ટમાં સાઉથ આફ્રિકાએ જોરદાર વાપસી કરતા ઈનિંગ્સ અને 31 રનથી બાજી મારી હતી, જેથી આ ત્રીજી ટેસ્ટ બંને ટીમો માટે સીરિઝ જીતવા અત્યંત મહત્ત્વની બની ગઈ છે.

3 ગોલ્ડ મેડલ જીતનારા ભારતીય ચેમ્પિયન નીરજ યાદવે જીવન ટૂંકાવ્યું: ડોપિંગ બેન બાદ તણાવમાં હોવાનો દાવો!

નવી દિલ્હી, તા.28

ભારતીય ખેલ જગત માટે એક અત્યંત આઘાતજનક અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. એશિયન પેરા ગેમ્સમાં દેશ માટે 3 ગોલ્ડ મેડલ જીતનારા દિગ્ગજ ભારતીય પેરા એથ્લેટ નીરજ યાદવનું 42 વર્ષની વયે અવસાન થયું છે. સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, નીરજે કથિત રીતે પોતાના ઘરે ઝેર ખાઈ લીધું હતું. બુધવારે દિલ્હીની એક હોસ્પિટલમાં તેમના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હુત. જોકે, તેમના મોતના ચોક્કસ સંજોગો અંગે હજુ સ્પષ્ટ તપાસ ચાલી રહી છે. ભારતીય પેરા એથ્લેટિક્સ ટીમના હેડ કોચ એસ. સત્યનારાયણે આ કરુણ ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે તેમને આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાની માહિતી મળી છે. ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કરતાં સત્યનારાયણે જણાવ્યું કે, નીરજે જીવન ટૂંકાવ્યું કરી છે. આવું બન્યું તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે.

રિપોર્ટ મુજબ, નીરજ ચાલુ મહિને આઈચી-નાગોયા ખાતે યોજાયેલી એશિયન પેરા ગેમ્સમાં ભાગ લઈ શક્યા નહોતા. ડોપિંગ સસ્પેન્શનના કારણે તેમને સ્પર્ધામાંથી બહાર રહેવું પડ્યું હતું. એવું જણાવવામાં આવી રહ્યું છે કે આ સસ્પેન્શન બાદ તેઓ ભારે ભાવનાત્મક અને માનસિક તણાવમાંથી પસાર થઈ રહ્યા હતા. જોકે, તેમના આ આત્યંતિક પગલાં પાછળનું સચોટ કારણ હજુ સ્પષ્ટ થઈ શક્યું નથી. હેડ કોચ સત્યનારાયણે જણાવ્યું કે તેઓ નીરજના આ પગલાં પાછળના સચોટ કારણો અંગે કોઈ અટકળો લગાવવા માંગતા નથી. એક ખેલાડીએ જીવનમાં મળતી સફળતા અને નિષ્ફળતા બંને પરિસ્થિતિઓનો સામનો સંતુલિત મન સાથે કરવો જોઈએ. નીરજ યાદવ ભારત તરફથી આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકનારા સૌથી સફળ પેરા એથ્લેટ્સ પૈકીના એક હતા. તેમણે દેશ માટે ગોલ્ડ મેડલ્સની હેટ્રિક લગાવી હતી.

'ભગવાન જાણે એ કેવું ક્રિકેટ રમતા હતા...', યુવરાજની ચેલેન્જ અંગે અભિષેક શર્માનો મજેદાર જવાબ

નવી દિલ્હી, તા.28

ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી T20 ઈન્ટરનેશનલ મેચમાં ભારતીય ઓપનર બેટ્સમેન અભિષેક શર્માએ બેટથી જબરદસ્ત તોફાન મચાવ્યું હતું. 35 બોલમાં સદી અને કુલ 38 બોલમાં 113 રનની ધમાકેદાર ઈનિંગ રમીને અભિષેકે ભારતને 6 વિકેટથી ભવ્ય વિજય અપાવ્યો હતો. આ જીત સાથે ભારતીય ટીમે 5 મેચોની T20 સીરિઝમાં 3-0ની અજેય સરસાઈ મેળવી લીધી છે.

મેચ પછી અભિષેકના મેન્ટર અને પૂર્વ દિગ્ગજ ઓલરાઉન્ડર યુવરાજ સિંહે સોશિયલ મીડિયા પર તેની પ્રશંસા કરતા મજાકમાં યાદ અપાવ્યું હતું કે તે હજુ સુધી 12 બોલમાં અર્ધસદી નથી બનાવી શક્યો. આ વાત પર અભિષેક શર્માએ પણ અત્યંત રમુજી અંદાજમાં વળતો જવાબ આપ્યો હતો.

મેચ પછી પ્રેઝન્ટેશન દરમિયાન જ્યારે અભિષેકને યુવરાજ સિંહની આ ટિપ્પણી વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે હસતાં હસતાં જણાવ્યું હતું: 'મને ખબર નથી કે તેઓ તે સમયે કયું ક્રિકેટ રમી રહ્યા હતા, પરંતુ 12 બોલમાં 50 રન બનાવવા બિલકુલ સરળ નથી. જો કોઈ બેટ્સમેન આવું કરવા જાય તો તે આસાન હોતું નથી. તમે માત્ર મેદાન પર જઈને 12 બોલમાં 50 રન નથી બનાવી શકતા, આવું ક્યારેક જ બને છે.'

અભિષેકે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે તેનો અને સાથી બેટ્સમેન વૈભવ સૂર્યવંશીનો ટાર્ગેટ કોઈ વ્યક્તિગત રેકોર્ડ બનાવવાનો નહોતો, પરંતુ પાવરપ્લેમાં ઝડપથી રન બનાવીને ટીમને જીતની સ્થિતિમાં પહોંચાડવાનો હતો.

પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે ડેરીલ મિશેલની અણનમ 89 રનની ઈનિંગ (52 બોલ), ફિન એલનના 40 રન (25 બોલ) અને બેવન જેકબ્સના અણનમ 39 રનની મદદથી 20 ઓવરમાં 3 વિકેટે 198 રન બનાવ્યા હતા.

199 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ માટે અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશીએ પ્રથમ વિકેટ માટે માત્ર 7.1 ઓવરમાં જ 133 રન જોડી દીધા હતા. વૈભવે 19 બોલમાં 45 રન ફટકાર્યા હતા.

ભારતે શરૂઆતની 5 ઓવરમાં જ 100 રન પૂરા કર્યા હતા અને પાવરપ્લેની 6 ઓવરમાં સ્કોર 118 રન સુધી પહોંચાડી દીધો હતો, જે T20 ઈનિંગ્સની પ્રથમ 6 ઓવરનો સર્વોચ્ચ સ્કોર બની ગયો છે.

અભિષેકે માત્ર 15 બોલમાં અર્ધસદી અને 35 બોલમાં સદી પૂરી કરી હતી. તેણે પોતાની 38 બોલની ઈનિંગમાં 11 છગ્ગા અને 9 ચોગ્ગા ફટકાર્યા હતા તથા સદી બાદ પોતાના ખાસ 'મેડિટેશન પોઝ'માં સેલિબ્રેશન કર્યું હતું.

ભારતે 13.2 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો અને 40 બોલ બાકી રહેતા 6 વિકેટથી શાનદાર વિજય મેળવ્યો હતો.

આ શાનદાર જીત સાથે ભારતે ન્યૂઝીલેન્ડની ધરતી પર સતત ત્રીજી T20 ઈન્ટરનેશનલ સીરિઝ જીતવાનો રેકોર્ડ પણ કાયમ રાખ્યો છે. અગાઉ ટીમ ઈન્ડિયાએ વર્ષ 2020માં 5-0થી અને વર્ષ 2022માં 1-0થી T20 સીરિઝ પોતાના નામે કરી હતી.

LAમાં 'રામાયણ પાર્ટ 1'નું વર્લ્ડ પ્રીમિયર: યશને જોતાં જ વિદેશી ધરતી પર ગુંજ્યા 'રાવણ'ના નારા!

મુંબઈ, તા.28

દિગ્દર્શક નિતેશ તિવારીની મોસ્ટ અવેટેડ પૌરાણિક ફિલ્મ 'રામાયણ પાર્ટ 1'નો ભવ્ય વર્લ્ડ પ્રીમિયર અમેરિકાના લોસ એન્જલસમાં યોજાયો હતો. ફિલ્મ નિર્માતા નમિત મલ્હોત્રા અને યશ આ ફિલ્મને ભારત ઉપરાંત વિદેશમાં પણ અત્યંત ભવ્ય સ્કેલ પર રજૂ કરી રહ્યા છે. રેડ કાર્પેટ પર શ્રી રામનું પાત્ર ભજવતા રણબીર કપૂર, માતા સીતાના રોલમાં સાંઈ પલ્લવી અને લંકાપતિ રાવણ બનેલા કન્નડ સુપરસ્ટાર યશનું વિદેશી દર્શકો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

લોસ એન્જલસના રેડ કાર્પેટ પર ફિલ્મની આખી સ્ટારકાસ્ટ પોતાના શાનદાર ભારતીય ટ્રેડિશનલ આઉટફિટમાં નજરે પડી હતી: રણબીર કપૂર આઈવરી કલરની જેકેટ અને બ્લેક ટ્રાઉઝરમાં અત્યંત આકર્ષક દેખાઈ રહ્યો હતો.

સાંઈ પલ્લવીએ લાલ રંગની સાડી અને પોતાની સ્માઈલથી ત્યાં હાજર તમામ લોકોના દિલ જીતી લીધા હતા.

લંકાપતિ રાવણનું પાત્ર ભજવનાર અભિનેતા યશ ઓલ-બ્લેક આઉટફિટમાં પહોંચ્યા હતા, જેના પર દસ માથાવાળો ખાસ ગોલ્ડન રંગનો બ્રોચ લાગેલો હતો.

સ્ટાર્સ ઉપરાંત નિર્માતા નમિત મલ્હોત્રા અને ડિરેક્ટર નિતેશ તિવારી પણ પરંપરાગત ભારતીય લુકમાં જોવા મળ્યા હતા.

વર્લ્ડ પ્રીમિયરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં યશ પોતાની પત્ની સાથે રેડ કાર્પેટ પર આવ્યા કે તરત જ ત્યાં હાજર ફેન્સે ઉત્સાહમાં 'રાવણ-રાવણ'ના નારા લગાવવાનું શરૂ કરી દીધું હતું.

યશે ઉપસ્થિત ઓડિયન્સનું કન્નડ ભાષામાં અભિવાદન કર્યું હતું અને પોતાની સિનેમેટિક સફર પર વાત કરી હતી.

રેડ કાર્પેટ પર મીડિયા સાથે વાતચીતમાં યશે જણાવ્યું હતું કે, તમે ક્યાંથી શરૂઆત કરી છે તે એ નક્કી નથી કરતું કે તમારે ક્યાં સુધી પહોંચવાનું છે; આજે તેઓ કન્નડ અને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ગર્વ અનુભવતા સભ્ય તરીકે પોતાની વાત વિશ્વ સમક્ષ મૂકી રહ્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે ભારતમાં આપણે માત્ર વાર્તાઓ કહેતા નથી પરંતુ તેને યાદ રાખીને આવનારી પેઢીઓ સુધી પહોંચાડીએ છીએ અને હજારો વર્ષો જૂની આ કહાનીને વિશ્વ મંચ પર લાવવાનો તેમને ગર્વ છે.

આ ભવ્ય વર્લ્ડ પ્રીમિયરમાં બોલિવૂડ કલાકારોની સાથે-સાથે આંતરરાષ્ટ્રીય સ્તરના ટેલેન્ટ્સ પણ ઉપસ્થિત રહ્યા હતા. નિતેશ તિવારી દ્વારા નિર્દેશિત આ ફિલ્મ 5 નવેમ્બર 2026ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે, જ્યારે તેનો પ્રીવ્યૂ શો 4 નવેમ્બર 2026ના રોજ યોજાશે.

રામાયણની સીતામાતા સાઈ પલ્લવી નવી ફિલ્મમાં પોલીસ અધિકારી બનશે

રામાયણમાં સીતામાતા તરીકે સાઈ પલ્લવીના કાસ્ટિંગથી ભારે વિવાદ થયો છે

મુંબઈ, તા.28

'રામાયણ' ફિલ્મમાં સીતામાતા તરીકે કાસ્ટિંગને કારમે ભારે વિવાદમાં આવેલી સાઈ પલ્લવી ધનુષની નવી ફિલ્મ ઓમ:ચેપ્ટર વનમાં આઈપીએસ અધિકારી તરીકે દેખાશે. 'ઓમ 'ફિલ્મ અગાઉ ૧૬ ઓક્ટોબરે રિલિઝ થવાની હતી પણ સુપરસ્ટાર રજનીકાન્તની 'જેલર ટુ' સાથે ટક્કર ટાળવા તેને ૨૦ નવેમ્બરે રીલિઝ કરવાની જાહેરાત ધનુષે કરી હતી.

ઉલ્લેખનીય છે કે સાઈ પલ્લવી સીતા માતાના રોલમાં યોગ્ય છે કે નહીં તે અંગે ઈન્ટરનેટ પર ભારે ચર્ચા છેડાઈ છે. આ મુદ્દે નેટ યૂઝર્સ બે ભાગમાં વહેંચાઈ ગયા છે.

ફિલ્મ 'ઓમ'માં સાઈ પલ્લવીએ આંધ્રની લેડી પોલીસ ઓફિસર નિત્યા રેડ્ડી તરીકે ભૂમિકા ભજવી છે. જે ઓપરેશન ઓમની કામગીરી સંભાળે છે. જ્યારે ધનુષ ચંદનના લાકડાં ગેરકાયદે કાપતો કઠિયારાની ભૂમિકામાં છે. આ ફિલ્મમાં ધનુષ અને સાઈ પલ્લવીની સાથે મમ્મુટી, શ્રીલીલા અને નસીરુદ્દીન શાહ પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું શૂટિંગ મલેશિયામાં કરવામાં આવ્યું છે.

ધનુષે ફિલ્મની નવી તારીખ જાહેર કરી ત્યારે સ્પષ્ટ કર્યું હતું કે દિવાળીમાં સુરિયાની ફિલ્મ રજૂ થતી હોઈ અમે આ દિવસોમાં ફિલ્મ રીલિઝ કરીશું નહીં. આ ફિલ્મમાં સાઉથના બે સુપરસ્ટાર્સ ધનુષ અને મમ્મુટી પહેલીવાર સાથે કામ કરી રહ્યાં છે.

વરૂણ ધવન અને ક્રિતી સેનને હોલીવૂડની હીટ ફિલ્મ ઓબ્સેશનનું ડબિંગ કર્યું.....

ક્રિતીએ પહેલીવાર કોઈ અન્ય હિરોઈન માટે પોતાનો અવાજ આપ્યો

મુંબઈ, તા.28

માત્ર સાડા સાત કરોડ રૂપિયાના બજેટમાં બનેલી અને દુનિયાભરમાં બોક્સ ઓફિસ પર ૩૮૫૧ કરોડ રૂપિયાની કમાણી કરનારી, હોલીવૂડની હોરર ફિલ્મ ઓબ્સેશનનું હિન્દી ડબિંગ વરૂણ ધવન અને ક્રિતી સેનને કર્યું છે. બંને જણાંની હોરર ફિલ્મ 'ભેડિયા' ફિલ્મ અગાઉ સફળ નીવડી છે.

કરી બેકર નિર્દેશિત આ હોરર ફિલ્મમાં માઈકલ જ્હોન્સ્ટનના પાત્રના સંવાદો હિન્દીમાં વરૂણ ધવન અને ઈન્ડે નાવારેટ્ટના સંવાદ ક્રિતી સેનને ડબ કર્યાં છે. ક્રિતીએ જણાવ્યું હતું તેણે પહેલીવાર કોઈ અભિનેત્રી માટે પોતાનો અવાજ આપ્યો છે. હિન્દીમાં દર્શકો આ ફિલ્મની મોજ માણે તેની હું રાહ જોઈ રહી છું. આ ફિલ્મના હિન્દી અને અંગ્રેજી વર્ઝનનું પ્રિમિયર પિકોક હબ પર આવતાં શુક્રવારે યોજાશે. ફિલ્મ 'ઓબ્સેશન'માં મ્યુઝિક સ્ટોરમાં કામ કરતો બેર બેઈલી તેની સહકાર્યકર નિક્કીના પ્રેમમાં હોય છે પણ તે જણાવી શકતો નથી. તે ઈચ્છાપૂર્તિ રમકડું ખરીદી નિક્કી તેના પ્રેમમાં પડે તેવી ઈચ્છા વ્યક્ત કરે છે. પણ નિક્કીનો પ્રેમ વળગણમાં પલટાઈ જાય છે અને હોરર લવસ્ટોરી ડરામણી હિંસક સ્ટોરી બની જાય છે.

જેલવાસ અને વિવાદે બરબાદ કરી કારકિર્દી: બોલિવૂડ છોડીને ફિલિપાઈન્સમાં કપડાંનો બિઝનેસ કરે છે આ એક્ટર

મુંબઈ, તા.28

બોલિવૂડમાં અનેક એવા કલાકારો આવ્યા જેમણે પોતાની એક્ટિંગના દમ પર કરોડો દર્શકોના દિલ જીત્યા, પરંતુ એક વિવાદે તેમની આખી ઝિંદગી અને કરિયર બરબાદ કરી નાખી. એક સમયે બેક-ટુ-બેક સુપરહિટ ફિલ્મો આપીને બોક્સ ઓફિસ પર ધૂમ મચાવનાર હેન્ડસમ અભિનેતા શાઈની આહુજા આજે ફિલ્મ જગત અને શોબિઝથી જોજનો દૂર થઈ ચૂક્યો છે અને વિદેશમાં કપડાં વેચીને ગુજરાન ચલાવવા મજબૂર બન્યો છે.

આર્મી બેકગ્રાઉન્ડ ધરાવતા પરિવારમાં જન્મેલા શાઈની આહુજાએ પોતાના કરિયરની શરૂઆત જાહેરાતોથી કરી હતી. તેણે એક જ વર્ષમાં 40થી વધુ એડ્સમાં કામ કર્યું હતું. વર્ષ 2005માં સુધીર મિશ્રાની ફિલ્મ 'હજારો ખ્વાહિશેં ઐસી'થી તેણે બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું અને પ્રથમ ફિલ્મથી જ દર્શકો તથા ક્રિટિક્સનું ધ્યાન ખેંચ્યું હતું.

વર્ષ 2006માં આવેલી ફિલ્મ 'ગેંગસ્ટર' અને 'વો લમ્હે'માં તેના અભિનયના ખૂબ વખાણ થયા હતા.

વર્ષ 2007માં આવેલી 'લાઈફ ઈન અ મેટ્રો' અને અક્ષય કુમાર સ્ટારર 'ભૂલ ભુલૈયા' જેવી સુપરહિટ ફિલ્મોએ તેના કરિયરને નવી ઊંચાઈઓ પર પહોંચાડી દીધું હતું.

શાઈની આહુજાની ચડતી કળા વચ્ચે વર્ષ 2009માં મોટો વળાંક આવ્યો. તેમના ઘરે કામ કરતી હાઉસ હેલ્પ દ્વારા તેના પર બળાત્કારનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો હતો.

આ મામલા બાદ પોલીસે તેની ધરપકડ કરી અને તેને જેલમાં જવું પડ્યું હતું. વર્ષ 2011માં નીચલી અદાલતે તેને દોષિત ઠેરવીને 7 વર્ષની જેલની સજા ફટકારી હતી. જોકે શાઈનીએ પોતાને નિર્દોષ ગણાવીને આ ચુકાદાને પડકાર્યો હતો અને પાછળથી તેને વચગાળાના જામીન મળ્યા હતા, પરંતુ આ કાનૂની વિવાદે તેની છબી અને કરિયરને પૂરું કરી નાખ્યું.

વર્ષ 2015માં આવેલી ફિલ્મ 'વેલકમ બેક' દ્વારા શાઈની આહુજાએ ફિલ્મી પડદે કમબેક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેના કરિયરને પહેલા જેવી રફતાર મળી શકી નહીં. ધીમે-ધીમે તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી સાવ અલિપ્ત થઈ ગયો. આ કપરા સમયમાં તેની પત્ની અનુપમ પાંડે તેની સાથે અડીખમ ઊભી રહી, બંનેને એક દીકરી પણ છે. બોલિવૂડથી સંપૂર્ણ અંતર બનાવ્યા બાદ શાઈની આહુજા ફિલિપાઈન્સમાં સ્થાયી થયો છે અને ત્યાં ગાર્મેન્ટ્સ એટલે કે કપડાંનો બિઝનેસ ચલાવી રહ્યો છે.

શેરબજારમાં ઘટાડો, સેન્સેક્સ 353 અંક તૂટ્યો અને નિફ્ટી 22,699 પર બંધ, જિયો પ્લેટફોર્મ્સનું 21% પ્રીમિયમ સાથે લિસ્ટિંગ

મુંબઈ, તા.29

ભારતીય શેરબજારમાં આજે એટલે કે 28 ઓક્ટોબરના રોજ ઘટાડો જોવા મળ્યો હતો. સપ્તાહના કારોબાર દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં બંધ થયા હતા. બજારમાં એનર્જી, IT અને રિયલ્ટી ક્ષેત્રના શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું, જેના કારણે મુખ્ય શેરબજાર સૂચકાંકોમાં ઘટાડો નોંધાયો હતો. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ 353 અંક ઘટીને 73,246ના સ્તરે બંધ થયો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 51 અંકના ઘટાડા સાથે 22,699ના સ્તરે આવી ગયો હતો. જોકે, મુખ્ય સૂચકાંકોમાં ઘટાડા વચ્ચે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ખરીદી જોવા મળી હતી, જેના કારણે આ બંને સૂચકાંકો તેજી સાથે બંધ થયા હતા.

આજના કારોબારમાં મોટા શેરોમાં વેચવાલી જોવા મળી હોવા છતાં બજારના કેટલાક અન્ય વિભાગોમાં રોકાણકારોએ ખરીદીમાં રસ દાખવ્યો હતો. મિડકેપ 50 ઈન્ડેક્સ 88 અંક વધીને 16,501ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે સ્મોલકેપ 50 ઈન્ડેક્સમાં 120 અંકનો ઉછાળો નોંધાયો હતો અને તે 9,428ના સ્તરે બંધ થયો હતો. સ્મોલકેપ ઈન્ડેક્સમાં 1.29 ટકાની તેજી જોવા મળી હતી, જે દર્શાવે છે કે મુખ્ય સૂચકાંકોમાં ઘટાડા છતાં નાના શેરોમાં ખરીદીનું વલણ રહ્યું હતું. બજારના આ મિશ્ર વલણને કારણે રોકાણકારોનું ધ્યાન મોટા શેરોની સાથે મિડકેપ અને સ્મોલકેપ કંપનીઓના પ્રદર્શન પર પણ રહ્યું હતું.

નિફ્ટીના શેરોમાં આજે એપોલો હોસ્પિટલ્સ, લાર્સન એન્ડ ટુબ્રો (L&T) અને ટ્રેન્ટના શેરોમાં સારી તેજી જોવા મળી હતી. એપોલો હોસ્પિટલ્સનો શેર 345.50 રૂપિયા વધીને 8,137 રૂપિયા પર પહોંચ્યો હતો, જે 4.43 ટકાનો ઉછાળો દર્શાવે છે. L&Tના શેરમાં 136.20 રૂપિયાનો વધારો થયો હતો અને તેનો ભાવ 3,801 રૂપિયા થયો હતો. આ શેરમાં 3.72 ટકાની તેજી નોંધાઈ હતી. બીજી તરફ ટ્રેન્ટનો શેર 93.30 રૂપિયા વધીને 2,914 રૂપિયા પર બંધ થયો હતો, જેમાં 3.31 ટકાનો વધારો થયો હતો. આ શેરોમાં ખરીદીના કારણે બજારમાં કેટલીક કંપનીઓનું પ્રદર્શન સકારાત્મક રહ્યું હતું.

બીજી તરફ IT અને એનર્જી ક્ષેત્રના કેટલાક મોટા શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટીના ટોચના

લૂઝર્સમાં ઈન્ફોસિસનો શેર સામેલ રહ્યો હતો. ઈન્ફોસિસનો ભાવ 39.85 રૂપિયા ઘટીને 1,123 રૂપિયા થયો હતો, જે 3.43 ટકાનો ઘટાડો દર્શાવે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં પણ 38.20 રૂપિયાનો ઘટાડો થયો હતો અને તેનો ભાવ 1,158 રૂપિયા પર આવી ગયો હતો. આ શેરમાં 3.19 ટકાનો ઘટાડો નોંધાયો હતો. ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC)નો શેર પણ 4.96 રૂપિયા ઘટીને 225 રૂપિયા પર બંધ થયો હતો, જે 2.16 ટકાનો ઘટાડો દર્શાવે છે. આ શેરોમાં વેચવાલીના કારણે બજાર પર દબાણ જોવા મળ્યું હતું.

આજના કારોબારમાં જિયો પ્લેટફોર્મ્સના શેરનું લિસ્ટિંગ પણ રોકાણકારો માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. કંપનીનો શેર 1,119 રૂપિયાની ઈશ્યૂ કિંમતની સરખામણીમાં લગભગ 21 ટકા પ્રીમિયમ સાથે 1,358 રૂપિયાના ભાવે લિસ્ટ થયો હતો. લિસ્ટિંગ સમયે મળેલા આ પ્રીમિયમે કંપનીના શેરમાં રોકાણ કરનારા રોકાણકારોનું ધ્યાન ખેંચ્યું હતું. શેરના લિસ્ટિંગ બાદ કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન આશરે 12.50 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું હતું. આ મૂલ્યાંકનના આધારે જિયો પ્લેટફોર્મ્સ માર્કેટ કેપિટલાઈઝેશનની દૃષ્ટિએ દેશની બીજી સૌથી મોટી કંપની બની હોવાનું જણાવાયું હતું.

માર્કેટ કેપિટલાઈઝેશનની સરખામણી કરીએ તો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું બજાર મૂલ્ય આશરે 15.99 લાખ કરોડ રૂપિયા હતું, જ્યારે જિયો પ્લેટફોર્મ્સનું માર્કેટ કેપ 12.50 લાખ કરોડ રૂપિયા નોંધાયું હતું. ભારતી એરટેલનું માર્કેટ કેપિટલાઈઝેશન આશરે 12.10 લાખ કરોડ રૂપિયા હતું. આ આંકડાઓને આધારે જિયો પ્લેટફોર્મ્સનું મૂલ્યાંકન ટેલિકોમ ક્ષેત્રની મોટી કંપનીઓની સરખામણીમાં પણ ચર્ચામાં રહ્યું હતું. જોકે, શેરના લિસ્ટિંગ સમયે જોવા મળેલો ભાવ અને માર્કેટ કેપિટલાઈઝેશન ભવિષ્યમાં બજારની સ્થિતિ તથા શેરની માંગ અને પુરવઠા અનુસાર બદલાઈ શકે છે. ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હોવા છતાં એશિયાના મોટાભાગના મુખ્ય બજારોમાં આજે તેજી નોંધાઈ હતી. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 374 અંક વધીને 6,012ના સ્તરે પહોંચ્યો હતો, જે 6.63 ટકાનો નોંધપાત્ર ઉછાળો દર્શાવે છે. જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 686 અંક વધીને 63,954ના સ્તરે બંધ થયો હતો, જેમાં 1.08 ટકાની તેજી જોવા મળી હતી. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ 54 અંક વધીને 23,095ના સ્તરે પહોંચ્યો હતો. તેમાં 0.23 ટકાનો વધારો નોંધાયો હતો. આમ, એશિયાના બજારોમાં સકારાત્મક વલણ જોવા મળ્યું હતું, પરંતુ તેની અસર ભારતીય શેરબજારના મુખ્ય સૂચકાંકો પર જોવા મળી નહોતી.

અમેરિકન શેરબજારમાં પણ અગાઉના કારોબારી સત્ર એટલે કે 27 ઓક્ટોબરના રોજ તેજી જોવા મળી હતી. ડાઉ જોન્સ ઈન્ડેક્સ 16 અંક વધીને 52,378ના સ્તરે બંધ થયો હતો, જે 0.03 ટકાનો વધારો દર્શાવે છે. ટેક્નોલોજી ક્ષેત્રના શેરોમાં ખરીદીના ટેકાથી નૅસ્ડૅક ઈન્ડેક્સ 308 અંક વધીને 26,478ના સ્તરે પહોંચ્યો હતો, જેમાં 1.18 ટકાનો ઉછાળો નોંધાયો હતો. જ્યારે S&P 500 ઈન્ડેક્સ 46 અંક વધીને 7,723ના સ્તરે બંધ થયો હતો.

કેન્દ્ર સરકારે મોંઘવારી ભથ્થું 3% વધાર્યું: હવે DA 63% થયું, 48 લાખ કર્મચારીઓ અને 68 લાખ પેન્શનર્સને ફાયદો

નવી દિલ્હી, તા.28

દિવાળી પહેલાં કેન્દ્ર સરકારે કર્મચારીઓ અને પેન્શનભોગીઓ માટે મોંઘવારી ભથ્થામાં 3%નો વધારો કર્યો છે. મંગળવાર, 28 ઑક્ટોબરે યોજાયેલી કેબિનેટ બેઠકમાં DA વધારા અંગે નિર્ણય લેવામાં આવ્યો.

આ વધારા સાથે મોંઘવારી ભથ્થું 60%થી વધીને 63% થઈ જશે. તેનાથી આશરે 48 લાખ કર્મચારીઓ અને 68 લાખ પેન્શનર્સને લાભ થશે. નવા દરો 1 જુલાઈથી લાગુ માનવામાં આવશે. સરકાર આ માટે 10 હજાર કરોડ રૂપિયા ખર્ચશે.

આ પહેલાં સરકારે એપ્રિલમાં કર્મચારીઓના DA અને પેન્શનર્સ માટેના DRમાં 2 ટકાનો વધારો કર્યો હતો. તે વધારા સાથે DAનો દર 60% પર પહોંચી ગયો હતો. હવે 3 ટકાના તાજેતરના વધારા બાદ આ આંકડો 63% થઈ ગયો છે.

સરકારના આ નિર્ણયથી તહેવારોની સિઝનમાં કર્મચારીઓ અને પેન્શનભોગીઓને સીધો આર્થિક લાભ મળશે અને પાછલા મહિનાઓનું એરિયર પણ ખાતામાં આવશે.

મિનિમમ બેઝિક સેલરી ધરાવતા કર્મચારીઓ માટે: જો કોઈ કર્મચારીનો બેઝિક પે 18,000 છે, તો 3%ના વધારા પ્રમાણે દર મહિને 540નો વધારો થશે.

હાયર પે-સ્કેલ ધરાવતા કર્મચારીઓ માટે: જો કોઈ વરિષ્ઠ અધિકારીની બેઝિક સેલરી 56,100 છે, તો તેમના માસિક પગારમાં આશરે 1,683નો સીધો વધારો થશે.

એરિયર્સની ચુકવણી: કારણ કે આ નિર્ણય જુલાઈથી અમલમાં આવ્યો છે, તેથી કર્મચારીઓને જુલાઈ, ઑગસ્ટ અને સપ્ટેમ્બર મહિનાના બાકી નાણાં (Arrears) પણ આગામી સેલરી સાથે આપવામાં આવશે.

કેન્દ્ર સરકાર દર વર્ષે કર્મચારીઓ અને પેન્શનરો માટે ડીએ અને ડીઆરમાં બે વખત સુધારો કરે છે. પહેલો સુધારો સામાન્ય રીતે જાન્યુઆરીથી અને બીજો જુલાઈથી લાગુ થાય છે. આ જાહેરાત જુલાઈના છમાસિક સમયગાળા માટે કરવામાં આવી છે. સરકાર ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (AICPI-IW)ના આંકડાઓના આધારે મોંઘવારીનું મૂલ્યાંકન કરે છે અને તે જ પ્રમાણમાં ભથ્થાં વધારવાનો નિર્ણય લે છે.

ડિયરનેસ અલાઉન્સ (DA) એટલે કે મોંઘવારી ભથ્થું, સરકારી કર્મચારીઓના જીવનનિર્વાહના ખર્ચને સંતુલિત કરવા માટે આપવામાં આવતું અલાઉન્સ છે. તે કર્મચારીના મૂળ પગારની ટકાવારી તરીકે નક્કી કરવામાં આવે છે.

જ્યારે, ડિયરનેસ રિલીફ (DR) પણ આ જ પ્રકારનો લાભ છે, જે નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનરોને તેમના મૂળ પેન્શન પર આપવામાં આવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ વધતી મોંઘવારી અને રોજિંદી ચીજવસ્તુઓના વધતા ભાવોની અસરને ઘટાડવાનો છે.

અદાણી પોર્ટ્સનો નફો 18% વધીને ₹3,682 કરોડ થયો: બીજા ત્રિમાસિક ગાળામાં આવક 24% વધી

નવી દિલ્હી, તા.28

અદાણી પોર્ટ્સનો જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં નફો ગયા વર્ષની સરખામણીએ 18% વધીને 3,682 કરોડ થયો છે, જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળામાં તે 3,120 કરોડ હતો.

વળી, કંપનીની આવકમાં પણ 24%નો ઉછાળો આવ્યો છે અને તે 9,167 કરોડથી વધીને 11,340 કરોડ પર પહોંચી ગઈ છે. કંપનીની આવક અને નફો વધવાનું સૌથી મોટું કારણ દેશ-વિદેશના બંદરો, લોજિસ્ટિક્સ અને દરિયાઈ કારોબારમાં આવેલો ઉછાળો છે.

ત્રિમાસિક પરિણામોમાં કંપનીનો કાર્યકારી નફો એટલે કે EBITDA વાર્ષિક ધોરણે 23% વધીને 6,807 કરોડ રહ્યો. ગયા વર્ષની સમાન ત્રિમાસિકમાં તે 5,550 કરોડ હતો.

અદાણી પોર્ટ્સે આ વર્ષે પોતાના કારોબારના વિસ્તરણ માટેનું બજેટ 3,000 કરોડ વધાર્યું છે. હવે કંપની આખા વર્ષમાં વિસ્તરણ પર કુલ 15,000થી 17,000 કરોડ ખર્ચ કરશે. કંપનીનો લક્ષ્ય વર્ષ 2031 સુધીમાં દેશ-વિદેશમાં પોતાના પોર્ટ્સ અને પરિવહન નેટવર્કને ઘણું મોટું બનાવવાનો છે, જેના માટે તે નવા બંદરો અને જહાજો પર ઝડપથી નાણાંનું રોકાણ કરી રહી છે.

છેલ્લા 6 મહિનામાં પોતાના મુખ્ય કામકાજમાંથી કંપની પાસે



13,327 કરોડની રોકડ આવી છે. આ કમાણીમાંથી કંપનીએ 10,521 કરોડ નવા પ્રોજેક્ટ્સ અને બિઝનેસના વિસ્તરણમાં લગાવી દીધા છે. આટલો મોટો ખર્ચ કર્યા બાદ પણ કંપની પાસે 12,502 કરોડની રોકડ સુરક્ષિત છે.

કંપનીની વાર્ષિક કમાણીની સરખામણીએ તેનું દેવું 1.8 ગણું છે, જે આટલા મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનેસ માટે ખૂબ સુરક્ષિત અને નિયંત્રણમાં માનવામાં આવે છે.

પરિણામો બાદ અડાણી પોર્ટ્સનો શેર 1,756 પર કારોબાર કરી રહ્યો હતો. આ ભાવે કંપનીનું કુલ માર્કેટ કેપ વધીને 4.05 લાખ કરોડ પર પહોંચી ગયું છે.

શેરે આ વર્ષે 20.1% વળતર આપ્યું છે. આ દરમિયાન બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિફ્ટી 50માં 12.9%નો ઘટાડો નોંધાયો છે, એટલે કે શેરે બજારની સરખામણીએ ઘણું સારું પ્રદર્શન કર્યું છે.

અડાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ) ભારતની સૌથી મોટી ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક્સ કંપની છે. તેની પાસે કુલ 20 બંદરો અને ટર્મિનલ્સ છે. તેમાંથી 16 ભારતમાં અને 4 વિદેશમાં છે. વિદેશી ટર્મિનલ્સ ઈઝરાયલ, તાન્ઝાનિયા, શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયામાં સ્થિત છે.

ભારના કુલ દરિયાઈ માલસામાનમાંથી આશરે 27% હિસ્સો એકલા અદાણી પોર્ટ્સ જ સંભાળે છે. હાલમાં તેની વાર્ષિક માલસામાન સંભાળવાની ક્ષમતા 671 મિલિયન મેટ્રિક ટન (MMT) છે, જેને 2030 સુધી વધારીને 1 અબજ મેટ્રિક ટન કરવાનો લક્ષ્યાંક છે.

અદાણી પોર્ટ્સના સ્થાપક અને ચેરમેન ગૌતમ અદાણી છે. તેમણે 1998માં આ કંપનીની સ્થાપના કરી હતી. ગૌતમ અદાણીના પુત્ર કરણ અદાણી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર છે, જ્યારે અશ્વની ગુપ્તા CEO છે. કંપનીમાં 1900થી વધુ કર્મચારીઓ કામ કરે છે.

અનંતની ઈમોશનલ સ્પીચમાં પિતા મુકેશ રડી પડ્યા: 'ઈશા દીદીએ બીજ વાવ્યું, આકાશભૈયાએ પોતાનું સપનું બનાવ્યું, માએ કહ્યું જીઓ મેરે લાલ

મુંબઈ, તા.29

જિયો પ્લેટફોર્મ્સની શેરબજારમાં આઈપીઓ લિસ્ટિંગ સેરેમની અંબાણી પરિવાર માટે માત્ર એક મોટી બિઝનેસ સિદ્ધિ જ નહીં, પરંતુ ભાવનાઓનો એક અનોખો સંગમ બની રહી હતી. આ ઐતિહાસિક અવસર પર અનંત અંબાણીએ આપેલા હૃદયસ્પર્શી સંબોધણે સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જેમાં તેમણે વ્યવસાયને પૂજા અને આરાધના સાથે સરખાવ્યો હતો. અનંતે જિયોની આ સફળતાનો પૂરો શ્રેય દેશવાસીઓના અખૂટ વિશ્વાસને આપતાં કહ્યું કે, એક્સચેન્જની ઘંટડી તેમના માટે મંદિરની ઘંટડી સમાન છે અને જિયોને દેશની જનતા સાથે વહેંચવું એ 'પ્રસાદ' વહેંચવા જેવું પવિત્ર કામ છે. પિતા મુકેશ અંબાણીના ભારતને આગળ વધારવાના સપનાનો ઉલ્લેખ કરતી વખતે અનંતના આ શબ્દો સાંભળીને મુકેશ અંબાણી પોતે પણ ભાવુક થઈ ગયા હતા, જે આ સમગ્ર સેરેમનીની સૌથી ચર્ચિત ક્ષણ બની ગઈ હતી. અંતમાં અનંતે આકાશ અને ઈશા અંબાણી સાથે મળીને એક સંયુક્ત સંકલ્પ સાથે આગળ વધવાની અને દેશ માટે પ્રતિબદ્ધ રહેવાની મજબૂત ખાતરી આપી હતી.

જામનગરની ઉજ્જડ જમીન પર દુનિયાની સૌથી મોટી રિફાઈનરી ઊભી કરીને બતાવ્યું. તેમણે કરી બતાવ્યું કે જ્યારે ભારત બનાવે છે તો દુનિયા જોવે છે. પછી આવ્યું નવું ભારત, યુવા ભારત, એક નવું ભારતનું સપનું. દરેક હાથમાં ઈન્ટરનેટનું સપનું. દરેક ગામમાં દુનિયાના આ સપનાનું નામ હતું જીયો, આ સપનાના બીજને ઈશા દીદીએ વાવ્યું અને આકાશ ભાઈએ આ બીજને પોતાનું સપનું બનાવ્યું. જીયોને આખા દેશે દુઆ આપી. માતાએ કહ્યું જીઓ મેરે લાલ, દાદીએ કહ્યું જુગ જુગ જીઓ. અને મિત્રોએ કહ્યું, જીઓ યાર...

અનંત અંબાણીએ પોતાના ભાષણમાં કહ્યું કે આજે તેમના માટે સૌથી મહત્વનો શબ્દ 'કૃતજ્ઞતા' છે. તેમણે કહ્યું, 'આજે એક્સચેન્જમાં વાગનારી ઘંટડી મારા માટે મંદિરની ઘંટડી જેવી હશે. મારા માટે વ્યવસાય પૂજા છે અને દરેક પૂજાનો અંત પ્રસાદથી થાય છે.' તેમના આ નિવેદને કાર્યક્રમને ભાવુક ક્ષણ આપી. અનંતના જણાવ્યા મુજબ જિયોને સમગ્ર દેશ સાથે વહેંચવું

તેમના માટે પ્રસાદ વહેંચવા જેવું છે. તેમણે તે લાખો લોકોનો આભાર માન્યો જેમણે જિયો પર વિશ્વાસ મૂક્યો અને તેને આગળ વધવાની તક આપી. અનંતે પોતાના પિતા મુકેશ અંબાણીના વિઝનની ચર્ચા કરતાં કહ્યું કે તેમણે એવા ભારતનું સપનું જોયું હતું, જેને આગળ વધતાં કોઈ રોકી ન શકે. અનંતે કહ્યું, 'જિયો તમે બનાવ્યું છે, તો તમારા સપનાઓને સાકાર કરવાનું અમારું સપનું છે.' આ વાત જિયોના કરોડો યુઝર્સ અને તેના વિકાસમાં લોકોની ભૂમિકાને લઈને કહેવામાં આવી હતી. ભાષણ દરમિયાન મુકેશ અંબાણી ભાવુક થતા જોવા મળ્યા. આ ક્ષણ પિતા અને પુત્રના સંબંધની સાથે તે લાંબી સફરની પણ યાદ અપાવે છે, જેમાં જિયોએ દેશના ડિજિટલ બજારમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. અનંત અંબાણીએ પોતાના ભાઈ આકાશ અંબાણી અને બહેન ઈશા અંબાણીનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે ત્રણેય ભલે અલગ શરીર ધરાવતા હોય, પરંતુ એક આત્માની જેમ પોતાના સપનાઓને સાકાર કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમનો સંદેશ હતો કે જિયોની આગામી સફર પરિવારના સહિયારા સંકલ્પ અને દેશના લોકોના વિશ્વાસથી આગળ વધશે. લિસ્ટિંગ સમારોહની આ ભાવુક ક્ષણે વ્યવસાયિક સિદ્ધિ સાથે પરિવારની એકતા અને ભવિષ્યની જવાબદારીને પણ ઉજાગર કરી.

રિલાયન્સ રિટેલ વેન્ચર્સની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને મુકેશ અંબાણીની પુત્રી ઈશા અંબાણીએ પોતાના સંબોધનમાં પરિવારની એક જૂની યાદ શેર કરી. તેમણે જણાવ્યું કે થોડા દિવસો પહેલાં ડિનર દરમિયાન મુકેશ અંબાણી 1977ના દિવસોને યાદ કરી રહ્યા હતા. તે સમયે તેમની ઉંમર આશરે 20 વર્ષ હતી અને તેઓ રિલાયન્સના પ્રથમ પબ્લિક ઈશ્યૂ પર કામ કરી રહ્યા હતા. ઈશાના જણાવ્યા અનુસાર, તેમના દાદા ધીરુભાઈ અંબાણીએ રિલાયન્સને સામાન્ય લોકો સુધી પહોંચાડવાનો નિર્ણય લીધો હતો. હવે જિયોની લિસ્ટિંગ સાથે કંપનીની આગામી પેઢી એ જ વિચારને આગળ ધપાવી રહી છે. ઈશા અંબાણીએ જિયોની નાણાકીય સફળતાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે આ વર્ષે કંપનીએ આશરે 15.5 અબજ ડૉલરની આવક અને લગભગ 8 અબજ ડૉલરની વાસ્તવિક કમાણી કરી છે. તેમણે કહ્યું કે દુનિયામાં બહુ ઓછી કંપનીઓ માત્ર 10 વર્ષમાં આ સ્તર સુધી પહોંચી શકે છે.

ઈશાએ પોતાના ભાઈ અને રિલાયન્સ જિયોના ચેરમેન આકાશ અંબાણીની મહેનતની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે જિયોને ઊભી કરવાની છેલ્લાં 13 વર્ષોની સફરમાં આકાશ ભાગ્યે જ ક્યારેય મોડીરાત પહેલાં ઘરે પહોંચ્યા હશે. ઈશાએ કહ્યું કે તેમને આકાશની બહેન હોવા પર ગર્વ છે. તેમના આ નિવેદને સમારંભમાં પરિવારના પરસ્પર જોડાણ અને કંપનીના નિર્માણમાં લાગેલી મહેનતને ઉજાગર કરી. બહેન ઈશા પછી જિયોના મેનેજિંગ ડિરેક્ટર આકાશ અંબાણીએ સ્પીચ આપવા માટે આવ્યા. મંચ પર આવતાં જ તેઓ ભાવુક થઈ ગયા.

સોના-ચાંદીના ભાવમાં તેજી: સોનું ₹869 વધીને ₹1.42 લાખે પહોંચ્યું, ચાંદીમાં પણ ₹1,501નો ઉછાળો

મુંબઈ, તા.29

સોના-ચાંદીની કિંમતોમાં આજે એટલે કે 28 ઓક્ટોબરના રોજ તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA)ના જણાવ્યા અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 869 રૂપિયા વધીને 1,42,300 રૂપિયા પર પહોંચી ગયો છે. અગાઉ 27 ઓક્ટોબરના રોજ સોનાનો ભાવ 1,41,431 રૂપિયા હતો. આમ, એક જ દિવસમાં સોનાની કિંમતમાં વધારો નોંધાયો છે, જેના કારણે સોનું ખરીદવાનું આયોજન કરી રહેલા ગ્રાહકોના બજેટ પર અસર પડી શકે છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં પણ વધારો જોવા મળ્યો છે. એક કિલો ચાંદીની કિંમત 1,501 રૂપિયા વધીને 1,94,000 રૂપિયા પર પહોંચી ગઈ છે. અગાઉ મંગળવારે ચાંદીનો ભાવ 1,92,499 રૂપિયા હતો. સોના અને ચાંદી બંનેની કિંમતોમાં એકસાથે તેજી આવતાં બુલિયન બજારમાં ફરી ભાવની વધઘટ ચર્ચાનો વિષય બની છે.

આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. ક્યારેક કિંમતોમાં મોટો વધારો થાય છે, તો ક્યારેક થોડા જ

દિવસોમાં નોંધપાત્ર ઘટાડો પણ જોવા મળે છે. વર્ષ 2026માં અત્યાર સુધીના આંકડા પ્રમાણે સોનાની કિંમતમાં 9,105 રૂપિયાનો વધારો થયો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ આશરે 1.33 લાખ રૂપિયા હતો, જે હવે વધીને 1.42 લાખ રૂપિયાની આસપાસ પહોંચી ગયો છે. આ રીતે વર્ષની શરૂઆતની સરખામણીમાં સોનું મોંઘું થયું છે. જોકે, આ સમયગાળા દરમિયાન સોનાના ભાવમાં ઘણી વખત મોટો ઉછાળો અને ઘટાડો જોવા મળ્યો હોવાથી ગ્રાહકો અને રોકાણકારો બંને બજારની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

બીજી તરફ ચાંદીના ભાવમાં વર્ષ દરમિયાન સોનાથી વિપરીત વલણ જોવા મળ્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીની કિંમત આશરે 2.30 લાખ રૂપિયા હતી, જે હવે ઘટીને 1.94 લાખ રૂપિયા થઈ ગઈ છે. આપેલા આંકડા પ્રમાણે, વર્ષ 2026માં અત્યાર સુધીમાં ચાંદી 36,420 રૂપિયા સસ્તી થઈ છે. જોકે, ચાંદીના ભાવમાં પણ સમયાંતરે મોટા ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. 29 જાન્યુઆરીના રોજ સોનાએ 10 ગ્રામ દીઠ 1.76 લાખ રૂપિયાની અને ચાંદીએ એક કિલો દીઠ 3.86 લાખ રૂપિયાની સર્વોચ્ચ સપાટી એટલે કે ઑલટાઈમ હાઈ નોંધાવી હતી. ત્યારબાદ બંને ધાતુઓના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. હાલની તેજી છતાં જાન્યુઆરીની સર્વોચ્ચ સપાટીની સરખામણીમાં સોનું અને ચાંદી બંને નીચા સ્તરે છે.

સોના-ચાંદીના ભાવમાં થતી વધઘટની સાથે એક શહેરથી બીજા શહેરમાં કિંમતોમાં પણ તફાવત જોવા મળી શકે છે. આ તફાવત પાછળ પરિવહન ખર્ચ, સ્થાનિક માગ, જ્વેલર્સની ખરીદી કિંમત અને સ્થાનિક બજારની સ્થિતિ જેવા અનેક પરિબળો જવાબદાર હોય છે. સોનું એક શહેરમાંથી બીજા શહેરમાં લઈ જતી વખતે ઈંધણ, પરિવહન અને સુરક્ષાનો ખર્ચ થાય છે. ખાસ કરીને કિંમતી ધાતુઓના પરિવહનમાં સુરક્ષાની વ્યવસ્થા જરૂરી હોવાથી તેનો ખર્ચ પણ અંતિમ કિંમત પર અસર કરી શકે છે. જોકે, માત્ર અંતર વધવાથી જ સોનાનો ભાવ વધે એવું જરૂરી નથી. સ્થાનિક કર, જ્વેલરી બજારની સ્થિતિ અને અન્ય ખર્ચને કારણે પણ શહેરવાર ભાવ અલગ હોઈ શકે છે.

સોનાની સ્થાનિક માગ પણ કિંમતો નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભારતમાં દક્ષિણ ભારત સોનાની ખરીદી અને વપરાશ માટેનું મોટું બજાર માનવામાં આવે છે. આપેલી માહિતી અનુસાર, દેશના કુલ સોનાના વપરાશમાં દક્ષિણ ભારતનો હિસ્સો આશરે 40 ટકા હોવાનું જણાવવામાં આવે છે. આ વિસ્તારમાં જ્વેલર્સ મોટા પ્રમાણમાં સોનાની ખરીદી કરતા હોય છે. જોકે, મોટા જથ્થામાં ખરીદી થવાથી ગ્રાહકોને હંમેશાં મોટું ડિસ્કાઉન્ટ મળે એવું નથી. જ્વેલર્સની ખરીદી કિંમત, બજારના દર, પરિવહન ખર્ચ અને સ્થાનિક માગને આધારે ગ્રાહકોને મળતી કિંમત નક્કી થાય છે. તહેવારો અને લગ્નસરાની સિઝનમાં માગ વધે ત્યારે સોનાની ખરીદીમાં વધારો જોવા મળી શકે છે. સ્થાનિક જ્વેલરી એસોસિયેશન અને બજારની વ્યવસ્થા પણ સોના-ચાંદીના ભાવમાં તફાવત માટે જવાબદાર હોઈ શકે છે. અલગ-અલગ રાજ્યો અને શહેરોમાં સ્થાનિક માગ-પુરવઠાની સ્થિતિ જુદી હોય છે. તેના કારણે જ્વેલર્સ દ્વારા ગ્રાહકોને આપવામાં આવતા દરમાં તફાવત જોવા મળી શકે છે. આ ઉપરાંત, જ્વેલર્સ પાસે અગાઉથી ખરીદેલો સોનાનો સ્ટોક હોય છે. તેમણે કયા ભાવે સોનું ખરીદ્યું હતું અને હાલ બજારમાં તેનો ભાવ કેટલો છે, તેના આધારે વેચાણ કિંમત નક્કી કરવામાં આવે છે. જોકે, જૂના સ્ટોકની ખરીદી કિંમત ઉપરાંત વર્તમાન બજારભાવ, મેકિંગ ચાર્જ, લાગુ કર અને અન્ય ખર્ચ પણ ગ્રાહક પાસેથી વસૂલવામાં આવતી અંતિમ રકમને અસર કરે છે.

અદાણી એન્ટરપ્રાઈઝિસનો નફો 55% ઘટીને ₹1,492 કરોડ થયો: બીજા ત્રિમાસિક ગાળામાં આવક 75% વધી

મુંબઈ, તા.29

અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસ લિમિટેડને નાણાકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિક ગાળામાં 1,492 કરોડ રૂપિયાનો નફો થયો છે. વાર્ષિક ધોરણે તેમાં 55%નો ઘટાડો થયો છે. ગયા વર્ષની સમાન ત્રિમાસિક ગાળામાં કંપનીને 3,304 કરોડ રૂપિયાનો નફો થયો હતો.

જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં કંપનીની કામગીરીથી થતી આવક એટલે કે રેવન્યુ 37,215 કરોડ રૂપિયા રહી હતી. વાર્ષિક ધોરણે તેમાં 75%નો વધારો થયો છે. ગયા વર્ષની સમાન ત્રિમાસિક ગાળામાં કંપનીનો રેવન્યુ 21,248 કરોડ રૂપિયા રહ્યો હતો.

પરિણામો અનુસાર, બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીની આવક તો વધી છે, પરંતુ તેનો નફો ઘટ્યો છે. તેનું કારણ એ છે કે કંપનીનો ખર્ચ પણ વાર્ષિક ધોરણે વધ્યો છે.

અદાણી એન્ટરપ્રાઈઝિસના પરિણામો માર્કેટ નિષ્ણાતોના અનુમાન મુજબ નબળા માનવામાં આવી રહ્યા છે.

આનું કારણ એ છે કે કંપનીનો નફો બજાર નિષ્ણાતોની અપેક્ષાઓ કરતાં ઘણો ઓછો છે.

આવકમાં વધારો થયો હોવા

છતાં ખર્ચમાં વધુ વૃદ્ધિને કારણે કંપનીના પ્રોફિટ માર્જિન પર અસર પડી છે.

પરિણામો જાહેર થયા બાદ NSE પર શેરમાં ઘટાડો થયો, જે દર્શાવે છે કે રોકાણકારો આ આંકડાઓથી સંતુષ્ટ નથી.

Q2ના પરિણામો બાદ નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર લગભગ 1%ના ઘટાડા સાથે 2474ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે.

જોકે, આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધી (YTD) કંપનીના શેરમાં લગભગ 10%નો વધારો થયો છે. કંપનીનું માર્કેટ કેપ 2.85 લાખ કરોડ છે.

વૃદ્ધિ પર વિશ્વાસ: કંપની મેનેજમેન્ટનું કહેવું છે કે આવકમાં 75%નો મજબૂત વધારો દર્શાવે છે કે કોર ઈન્ક્યુબેશન પોર્ટફોલિયો શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યો છે.

લાંબા ગાળાના મૂલ્ય પર ધ્યાન: કંપનીનું માનવું છે કે ખર્ચમાં વધારો નવા અને મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં મૂડી રોકાણને કારણે થયો છે, જે ભવિષ્યમાં મોટો લાભ આપશે.

એરપોર્ટ્સ અને ઈન્ફ્રા વિસ્તરણ: કંપની પોતાના એરપોર્ટ્સ (જેમ કે મુંબઈ T1Bનું પુનર્વિકાસ) અને રોડ પ્રોજેક્ટ્સના ઝડપી વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ગ્રીન એનર્જી અને ડેટા સેન્ટર: આવનારી ત્રિમાસિક ગાળામાં ગ્રીન હાઈડ્રોજન, સોલર મેન્યુફેક્ચરિંગ અને ડેટા સેન્ટર સેગમેન્ટના વ્યાવસાયિક સંચાલનને ઝડપથી વધારવાની યોજના છે.

અદાણી એન્ટરપ્રાઈઝિસ લિમિટેડ અદાણી ગ્રુપની કંપનીઓનો એક ભાગ છે. 1988માં ગૌતમ અદાણીએ એન્ટરપ્રાઈઝિસની સ્થાપના કરી હતી. કંપનીના ચેરમેન ગૌતમ અદાણી, મેનેજિંગ ડિરેક્ટર રાજેશ અદાણી અને CEO વિનય પ્રકાશ છે.

કંપની એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર કામ કરે છે. અદાણી એન્ટરપ્રાઈઝિસ દેશનું સૌથી મોટું બિઝનેસ ઈન્ક્યુબેટર છે. આ કંપની એનર્જી એન્ડ યુટિલિટી, ટ્રાન્સપોર્ટેશન એન્ડ લોજિસ્ટિક્સ, કન્ઝ્યુમર ગુડ્સ અને પ્રાઈમરી ઈન્ડસ્ટ્રીના ક્ષેત્રમાં કામ કરે છે.

અમદાવાદની સ્કૂલો, કોર્ટ અને સ્ટેડિયમને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી પાછળ પાકિસ્તાન-બાંગ્લાદેશનું કાવતરું હોવાનું ખૂલ્યું

અમદાવાદ, તા.29

અમદાવાદની શાળાઓ, મેયર ઓફિસ, ગુજરાત હાઈકોર્ટ, વિવિધ કોર્ટ સંકુલો અને નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ સહિતનાં સ્થળોને બોમ્બ બ્લાસ્ટથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈમેઈલ મળવાના મામલે પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે જોડાણ સામે આવ્યું હોવાનો ખુલાસો સાયબર ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં થયો છે. આ મામલે સાયબર ક્રાઈમે બે અલગ-અલગ ગુના નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં હેક થયેલા જૂના Gmail એકાઉન્ટનો ઉપયોગ કરીને ટેલિગ્રામ અને વોટ્સએપ મારફતે ધમકીભર્યા ઈમેઈલ મોકલવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.

તપાસ મુજબ, 7 તારીખે Denise Long અને wj ken નામની ખોટી ઓળખ ઊભી કરીને bonnieebanks49@gmail.com અને kwajlds@gmail.com પરથી ધમકીભર્યા ઈમેઈલ મોકલવામાં આવ્યા હતા. ઈમેઈલમાં શાળાઓને નિશાન બનાવવાની ધમકી સાથે ખાલિસ્તાની લખાણોનો પણ ઉલ્લેખ હતો. આ ધમકીમાં શહેરની 10 શાળાઓ, મેયર ઓફિસ, ગુજરાત હાઈકોર્ટ, સોલા કોર્ટ, મેટ્રો કોર્ટ, અન્ય કોર્ટ સંકુલો અને નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ સહિત કુલ 16 સ્થળોને નિશાન બનાવવાની વાત કરવામાં આવી હતી.

આ મામલે તપાસ કરી રહેલી ટીમોએ અલગ-અલગ શાળાઓ અને કોર્ટ સંકુલોની મુલાકાત લઈને ઈમેઈલના હેડર મેળવ્યા હતા. પ્રાથમિક તપાસમાં ઈમેઈલ એકાઉન્ટ બાંગ્લાદેશ સાથે જોડાયેલા હોવાનું અને ધમકીભર્યા ઈમેઈલ બાંગ્લાદેશ તેમજ પાકિસ્તાનના રાવલપિંડીથી ઓપરેટ થયા હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ 27 ઓક્ટોબર, 2026ના રોજ reduak079@gmail.com પરથી ફરી ધમકીભર્યો ઈમેઈલ આવ્યો હતો. તેમાં અમદાવાદની 14 શાળાઓ, મેયર ઓફિસ દાણાપીઠ, ગુજરાત હાઈકોર્ટ, મેટ્રો કોર્ટ, ઘીકાંટા કોર્ટ, સિટી સિવિલ કોર્ટ અને નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ સહિત 19 સ્થળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ મામલે પણ સાયબર ક્રાઈમે ગુનો નોંધી તપાસ કરતાં ઈમેઈલનું કનેક્શન બાંગ્લાદેશના રંગપુર અને પાકિસ્તાનના લાહોર સાથે જોડાયેલું હોવાનું સામે આવ્યું હતું.

અગાઉ ખાલિસ્તાની સંગઠનના નામે મળેલી ધમકીઓની તપાસ દરમિયાન પશ્ચિમ બંગાળમાંથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછમાં તેણે હેક થયેલા Gmail એકાઉન્ટ બાંગ્લાદેશના એક શખ્સને વેચ્યા હોવાની કબૂલાત આપી હતી. ત્યારબાદ આ એકાઉન્ટ પાકિસ્તાનના શખ્સ સુધી પહોંચ્યા હતા અને તેના બદલામાં ક્રિપ્ટોકરન્સી મારફતે ચુકવણી કરવામાં આવી હતી. તપાસમાં આ એકાઉન્ટનો ઉપયોગ ભારતમાં તહેવારો અને મહત્ત્વનાં આયોજનો દરમિયાન ભયનો માહોલ ઊભો કરવા માટે કરવામાં આવતો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. સમગ્ર મામલે સાયબર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

અમદાવાદમાં નારોલ-નરોડા હાઈવે પર ખારીકટ કેનાલમાંથી બે દિવસની નવજાત બાળકીનો મૃતદેહ મળ્યો

અમદાવાદ, તા.29

અમદાવાદ શહેરના નારોલ-નરોડા નેશનલ હાઈવે નંબર-8 પર એક્સપ્રેસ હાઈવે નજીકથી ગોરના કુવા તરફ જતી ખારીકટ કેનાલમાંથી બે દિવસની નવજાત બાળકીનો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. સ્થાનિક નાગરિકોએ કેનાલમાં તરતો મૃતદેહ જોતાં તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમ અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી બાળકીના મૃતદેહને બહાર કાઢ્યો હતો. પ્રાથમિક તપાસમાં બાળકીના શરીર સાથે નાળ જોડાયેલી હોવાનું સામે આવ્યું છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, બપોરના સમયે કેનાલ પાસે લો કોની નજર પાણીમાં પડેલા નવ જાત શિશુ પર પડી હતી. જોતજોતામાં કેનાલ કિનારે લોકોનાં ભારે ટોળેટોળાં એકત્ર થઈ ગયાં હતાં. ફાયર બ્રિગેડના જવાનોએ કેનાલમાંથી આશરે બે દિવસની બાળકીનો મૃતદેહ બહાર કાઢ્યો ત્યારે તેના શરીર પર નાળ જોડાયેલી હતી. આ હકીકત જોતાં બાળકીનો તાજો જ જન્મ થયો હોય અને કોઈ કારણોસર જન્મ બાદ તરત જ તેને કેનાલમાં ફેંકી દઈ ત્યજી દેવાઈ હોવાની પ્રબળ આશંકા છે. જોકે બાળકી જીવિત અવસ્થામાં કેનાલમાં ફેંકાઈ હતી કે તેના મોત બાદ ફેંકવામાં આવી, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે. હાલ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આસપાસના વિસ્તારોમાં તપાસ શરૂ કરી છે.

બાળકીના શરીર સાથે હજુ નાળ જોડાયેલી હોવાથી આ પ્રસુતિ 24 થી 48 કલાક પહેલાં જ થઈ હોવાનું સ્પષ્ટ થાય છે. પ્રાથમિક ત પા સમાં આશંકા છે કે કોઈ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ લીધા બાદ અથવા તો પાપ છુપાવવા ગેરકાયદે રીતે કરાયેલી ડિલિવરી બાદ નવજાત બાળકીને કેનાલમાં ફેંકી દેવાઈ છે. બાળકી હોવાના કારણે સામાજિક દૂષણ કે દીકરી પ્રત્યેની નકારાત્મક માનસિકતાથી આ કૃત્ય આચરાયું હોવાની દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.

અમદાવાદના ખોખરામાં IITRAM કોલેજમાં પાર્કિંગ મુદ્દે NSUI દ્વારા તાળાબંધી, ઉગ્ર દેખાવ

અમદાવાદ, તા.29

ખોખરા વિસ્તારમાં આવેલી IITRAM કોલેજમાં વિદ્યાર્થીઓના વાહન પાર્કિંગના મુદ્દે વિવાદ ઊભો થયો છે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને પોતાનાં ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો કોલેજની અંદર પાર્ક કરવા પર પ્રતિબંધ હોવા છતાં પ્રોફેસરોને વાહન પાર્કિંગની મંજૂરી આપવામાં આવતી હોવાનો આક્ષેપ NSUIએ કર્યો છે. આ મુદ્દે સંગઠનના કાર્યકરોએ કોલેજમાં વિરોધ પ્રદર્શન કરીને મુખ્ય ગેટ પર તાળાબંધી કરી હતી. સાથે જ પાર્કિંગની સમસ્યાનો ઉકેલ લાવવા માટે સત્તાધીશોને 24 કલાકનું અલ્ટિમેટમ આપ્યું છે.

મળતી માહિતી પ્રમાણે, IITRAM કોલેજની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને પોતાનાં વાહનો કોલેજની અંદર પાર્ક કરવાની મંજૂરી આપવામાં આવતી નથી. તેના કારણે વિદ્યાર્થીઓને વાહનો ગેટની બહાર પાર્ક કરવાની ફરજ પડે છે. બીજી તરફ, કોલેજના પ્રોફેસરોને વાહન પાર્કિંગ માટે ખાસ મંજૂરી આપવામાં આવતી હોવાનો NSUIએ આક્ષેપ કર્યો છે. સંગઠને આ વ્યવસ્થાને વિદ્યાર્થીઓ સાથેની બેવડી નીતિ ગણાવીને વિરોધ નોંધાવ્યો છે. વિદ્યાર્થીઓને પડતી પાર્કિંગની સમસ્યા અંગે NSUIના કાર્યકરોએ બે દિવસ પહેલાં પણ કોલેજ ખાતે ધરણાં કરીને રજૂઆત કરી હતી. જોકે, રજૂઆત બાદ પણ સમસ્યાનો ઉકેલ ન આવતાં કાર્યકરોએ ફરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. વહેલી સવારે કોલેજ પહોંચેલા NSUIના સભ્યોએ મુખ્ય ગેટ પર લોખંડની સાંકળ લગાવી તાળાબંધી કરી હતી. આ દરમિયાન વિદ્યાર્થીઓના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરીને કોલેજના સત્તાધીશો સામે રોષ વ્યક્ત કર્યો હતો. વિરોધ દરમિયાન NSUIએ કોલેજના એક વોર્ડન પર પોલીસની હાજરીમાં ઉદ્ધત વર્તન અને દાદાગીરી કરવાનો પણ આક્ષેપ કર્યો હતો. NSUIએ ચીમકી આપી છે કે આગામી 24 કલાકમાં વાહન પાર્કિંગના પ્રશ્નનો યોગ્ય ઉકેલ નહીં આવે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. વિદ્યાર્થીઓને ન્યાય નહીં મળે તો દરરોજ કોલેજમાં તાળાબંધી કરવાની ચેતવણી પણ સંગઠન દ્વારા આપવામાં આવી છે. વિદ્યાર્થીઓને પડતી પાર્કિંગની સમસ્યા અંગે NSUIના કાર્યકરોએ બે દિવસ પહેલાં પણ કોલેજ ખાતે ધરણાં કરીને રજૂઆત કરી હતી. જોકે, રજૂઆત બાદ પણ સમસ્યાનો ઉકેલ ન આવતાં કાર્યકરોએ ફરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. વહેલી સવારે કોલેજ પહોંચેલા NSUIના સભ્યોએ મુખ્ય ગેટ પર લોખંડની સાંકળ લગાવી તાળાબંધી કરી હતી.

લગ્ન ટાણે પ્રેમિકા ફિયોન્સેને નાઈટ ડ્યુટીનું કહી હોટલમાં પ્રેમીને મળવા પહોંચી, લોકેશન ટ્રેસ કરી સાસરિયાં હોટલે પહોંચતાં હોબાળો

અમદાવાદ, તા.29

અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં લગ્નના એક મહિના પૂર્વે જ 26 વર્ષીય યુવતી પોતાના પ્રેમી સાથે હોટલમાં રોકાઈ હોવાની જાણ થતાં સાસરી પક્ષ પહોંચી જતાં ભારે હોબાળો મચી ગયો હતો. યુવતીએ નાઈટ ડ્યુટીનું બહાનું કાઢી ફોન બંધ કરી દેતાં શંકાના આધારે ફિયોન્સે અને તેના પરિવારે લોકેશન ટ્રેસ કરી હોટલ બહાર ધામા નાખ્યા હતા.

પોતાનો જીવ જોખમમાં મુકાયો હોવાનું જણાતાં ગભરાયેલી યુવતીએ વહેલી સવારે '181' અભયમ મહિલા હેલ્પલાઈન પર કોલ કરી મદદ માંગી હતી. અભયમની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી બંને પક્ષોનું કલાકો સુધી કાઉન્સિલિંગ કર્યું હતું, જેમાં યુવતીએ પિતાના ઘરેલુ ત્રાસથી માતાને બચાવવા અનિચ્છાએ સગાઈ કરી હોવાની કેફિયત રજૂ કરી હતી. આખરે બંને પક્ષોની સહમતિથી સગાઈ ફોક કરી યુવતી પ્રેમી સાથે લગ્ન કરશે તેવો સુખદ અંત આવ્યો હતો.

સાઉથ બોપલ વિસ્તારની એક હો ટલમાંથી વહેલી સવારે 26 વર્ષીય યુવતીએ 181 હેલ્પલાઈન પર ફોન કરી મદદ માંગી હતી કે તે પોતાના પ્રેમી સાથે હોટલમાં છે અને તેના ફિયોન્સે તથા પરિવારજનો તેને મારવા માટે હોટલ બહાર આવી પહોંચ્યા છે. અભયમની ટીમ તુરંત ઘટનાસ્થળે દોડી ગઈ હતી. હોટલની બહાર યુવતીનો ફિયોન્સે અને તેના માતા-પિતા ઉભેલા હતા, જ્યારે યુવતી ડરના કારણે રૂમમાંથી બહાર નીકળતી નહોતી.

અભયમ ટીમે બહાર ઉભેલા યુવક અને તેના પરિવાર સાથે પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે, તેમની સગાઈને 6 મહિના થયા હતા અને આવતા મહિને લગ્ન લેવાના હોવાથી તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ હતી. જોકે, આ 6 મહિના દરમિયાન યુવતી ક્યારેય મળવા આવતી નહોતી કે ફોન પર પણ સરખી વાત કરતી નહોતી. ગત રાત્રે યુવતીએ 'હું નાઈટ ડ્યુટીમાં જાઉં છું એટલે રાત્રે વાત નહીં થાય' તેમ કહ્યું હતું. શંકા જતાં ફિયોન્સેએ તેનું લોકેશન ટ્રેસ કરતાં તે બોપલની હોટલનું નીકળ્યું હતું. આખી રાત ફોન કરવા છતાં યુવતીએ કોલ ન ઉપાડતાં પરિવારજનો આખી રાત હોટલ બહાર નજર રાખીને બેઠા રહ્યા હતા.

અભયમની ટીમે સમજાવટ કરી યુવતી અને તેના પ્રેમીને સુરક્ષિત રીતે હોટલ બહાર લાવ્યા હતા. યુવતીએ રડતાં રડતાં કબૂલાત કરી કે, તેના પિતા અવારનવાર તેની માતા પર ઘરેલુ હિંસા આચરે છે. જો પોતે પ્રેમી સાથે ભાગી જાય તો પિતા માતા પર વધુ અત્યાચાર ગુજારે તેવા ડરથી તેણે મરજી વિરુદ્ધ આ સગાઈ સ્વીકારી હતી. અગાઉ પણ તેની એક સગાઈ તૂટી ચૂકી હતી અને પિતા જાણતા હોવા છતાં પ્રેમી સાથે લગ્ન કરાવવા માંગતા નહોતા. પ્રેમી વિના જીવવું શક્ય ન હોવાથી તે છેલ્લી વાર તેને મળવા આવી હતી અને લગ્ન પછી પણ પ્રેમ નિભાવવાનું વચન આપ્યું હતું.

અભયમ ટીમે યુવતીને કાયદાકીય માર્ગદર્શન આપતાં સમજાવ્યું કે, માતાને બચાવવા માટે પણ 181, મહિલા પોલીસ સ્ટેશન અને કાયદાકીય જોગવાઈઓ ઉપલબ્ધ છે. કોઈના દબાણમાં આવીને લગ્ન કરવાથી બંને પરિવારોનું જીવન બરબાદ થાય છે. 5 વર્ષના પ્રેમ ખાતર બે સગાઈ તૂટે અને ભવિષ્ય જોખમાય તેના કરતાં યોગ્ય નિર્ણય લેવો જરૂરી છે. ત્યારબાદ ફિયોન્સેને પણ વાસ્તવિકતા સમજાવતાં તેણે સહાનુભૂતિપૂર્વક યુવતીને માફ કરી હતી. બંને પક્ષોએ પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય કર્યો હતો. યુવતીએ પ્રેમી સાથે જ લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો અને ભવિષ્યમાં પિતા માતાને ત્રાસ આપશે તો માતાને પોતાની સાથે રાખી લેશે તેવી ખાતરી આપતાં મામલો થાળે પડ્યો હતો.

યુવતી છેલ્લા પાંચ વર્ષથી યુવકના પ્રેમમાં હતી. અગાઉ પણ તેના લગ્ન અન્યત્ર નક્કી થયા હ તા પરંતુ પ્રેમસંબંધના કારણે પ્રથમ સગાઈ તૂટી હતી. પિતાના ક્રોધ અને અમાનવીય મારપીટનો ભોગ માતા ન બને તે માટે યુવતીએ લાગણીઓ દબાવીને બીજી સગાઈ સ્વીકારી લીધી હતી. જોકે, લગ્નની તારીખ નજીક આવતાં જ પ્રેમીને ગુમાવવાનો ડર અને ખોટા સંબંધમાં જોડાવાની મજબૂરી વચ્ચે યુવતી ભાંગી પડી હતી. આખરે 181ના હસ્તક્ષેપથી એક ખોટો સંબંધ બંધાતા અટક્યો હતો.

યુરોપ અને દુબઈમાં વર્ક પરમિટ અપાવવાની લાલચે અમદાવાદના યુવક સાથે 11.65 લાખની ઠગાઈ

અમદાવાદ, તા.29

યુરોપ અને દુબઈમાં વર્ક પરમિટ સાથે ઊંચા પગારની નોકરી અપાવવાની લાલચ આપીને નારણપુરાના 37 વર્ષીય યુવક સાથે 11.65 લાખ રૂપિયાની ઠગાઈ થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. વિઝા એજન્ટ દેવલ હેમંતકુમાર જોષીએ નોર્વેની સેમસંગ કંપનીમાં નોકરી અપાવવાના નામે નકલી ઓફર લેટર મોકલ્યો હતો. ત્યારબાદ યુવકને વર્ક વિઝાના બદલે 60 દિવસના ટુરિસ્ટ વિઝા પર દુબઈ મોકલી શારજાહમાં રઝળતો મૂકી દીધો હોવાનો આક્ષેપ છે. આ મામલે યુવકે આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

નારણપુરામાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા ચિંતનભાઈ શાહની માર્ચ 2024માં તેમની દીકરીની સ્કૂલના પ્રિન્સિપાલ મારફતે દેવલ જોષી સાથે મુલાકાત થઈ હતી. દેવલે પોતાને વિઝા અને એલઆઈસી એજન્ટ ગણાવી યુરોપના દેશોમાં વર્ક પરમિટ અપાવવાની ખાતરી આપી હતી. આ માટે તેણે 15 લાખ રૂપિયાની માગણી કરી હતી. ફરિયાદ મુજબ, ચિંતનભાઈએ વિશ્વાસમાં આવીને ઓનલાઈન ટ્રાન્સફર અને રોકડ સહિત અલગ-અલગ હપ્તામાં કુલ 16.65 લાખ રૂપિયા ચૂકવ્યા હતા. દેવલે શરૂઆતમાં પોલેન્ડમાં અને ત્યારબાદ નોર્વેની સેમસંગ કંપનીમાં નોકરી અપાવવાની વાત કરી હતી. તેણે નોર્વેના નામે કંપનીનું નામ બ્લર કરેલો નકલી ઓફર લેટર મોકલ્યો હતો. નોકરી મળવાની આશાએ ચિંતનભાઈએ પોતાની હાલની નોકરીમાંથી રાજીનામું પણ આપી દીધું હતું.

જોકે, મુંબઈમાં નોર્વેની એમ્બેસીમાં ગયા બાદ પણ વિઝાની પ્રક્રિયા આગળ ન વધતાં તેમને શંકા ગઈ હતી. ત્યારબાદ દેવલે દુબઈમાં ઊંચા પગારની નોકરી અને વર્ક પરમિટ અપાવવાની ખાતરી આપી હતી. જાન્યુઆરી 2026માં દેવલ ચિંતનભાઈને લઈને દુબઈ ગયો હતો. જોકે, વર્ક વિઝાના બદલે 60 દિવસના ટુરિસ્ટ વિઝા પર લઈ જવામાં આવ્યા હતા. દુબઈ પહોંચ્યા બાદ દેવલ પોતે હોટલમાં રોકાયો હતો, જ્યારે ચિંતનભાઈને શારજાહમાં એક લેબર કોન્ટ્રાક્ટરના ક્વાર્ટરમાં રહેવા મોકલ્યા હતા. ત્યાં પહોંચ્યા બાદ દેવલે તેમને જાતે ઈન્ટરવ્યુ આપીને નોકરી શોધી લેવા કહ્યું હતું. આથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની ચિંતનભાઈને જાણ થઈ હતી. તેઓ બહાનું કાઢીને અમદાવાદ પરત ફર્યા હતા.

ચિંતનભાઈના જણાવ્યા મુજબ, તપાસ કરતાં વિઝા પ્રક્રિયા અને દુબઈના ખર્ચ બાદ આશરે 11.65 લાખ રૂપિયા દેવલે પોતાની પાસે રાખી લીધા હોવાનું જાણવા મળ્યું હતું. વારંવાર માગણી કરવા છતાં રૂપિયા પરત ન મળતાં તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી છે. હાલ સમગ્ર મામલે પોલીસે ફરિયાદ દાખલ કરીને તપાસ આદરી છે.

અમદાવાદના ગોતામાં ગ્રેનાઈટના ગોડાઉનમાં વિકરાળ આગ, 5 ફાયર બ્રિગેડના વાહનો ઘટનાસ્થળે

અમદાવાદ, તા.29

અમદાવાદના ગોતા માં આવેલા એક ગ્રેનાઈટના ગોડાઉનમાં વિકરાળ આગ લાગી છે. આ આગની ઘટનાને પગલે ચારથી વધુ ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી ગયા છે અને આગ ઓલવવા ભારે જમાત હાથ ધરી છે. આ આ કેવી રીતે અને ક્યારેય લાગી તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી.

ગોડાઉનમાં અચાનક ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. ગ્રેનાઈટમાં આગ લાગી હોવાની પ્રાથમિક માહિતી મળી છે. ફાયર બ્રિગેડની પાંચથી વધુ ગાડીઓ સ્થળ ઉપર પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુલમાં લેવાના પ્રયત્ન શરૂ કર્યા હતા. આગ એટલી વિકરાળ હતી કે થોડા જ સમયમાં આખા ગોડાઉનમાં આગ લાગી ગઈ હતી.

ગોડાઉનમાં આગ લાગી હોવાને પગલે પોલીસની ટીમ પણ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. આગ લાગતા લોકોના ટોળેટોળા ઘટના સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને તેઓને સ્થળ પરથી દૂર કરવાની કામગીરી પણ પોલીસ દ્વારા કરવામાં આવી હતી.

અમદાવાદમાં જબરો ફ્રોડ, વેપારીનો મોબાઈલ અચાનક ઓટો-અપડેટ થવા લાગ્યો અને 3 ખાતામાંથી રૂ. 2.33 લાખ ઉપડી ગયા

અમદાવાદ, તા.29

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલા રજનીગંધા ટાવરમાં રહેતા અને નવરંગપુરામાં રોડ મટિરિયલનો વેપાર કરતા 48 વર્ષીય વેપારીનો સ્માર્ટફોન વાઈરસ કે દૂષણ નાખી હેક કરી અજાણ્યા સાયબર ગઠિયાએ તેમના, તેમના ધંધાના તથા તેમની દીકરીના મળીને કુલ 3 બેંક ખાતામાંથી રૂ. 2.33 લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા. 24 ઓક્ટોબરના રોજ બપોરે 1થી 2 વાગ્યાના ગાળામાં આ ફ્રોડ આચરાયો હતો. ફોન હેક થતાં જ વેપારીએ તાત્કાલિક સિમકાર્ડ કાઢી હેલ્પલાઈન 1930 પર કોલ કર્યો હતો, જેના આધારે શાહીબાગ પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

શાહીબાગ સુજાતા ફ્લેટ પાસે રજનીગંધા ટાવરમાં રહેતા અને નવરંગપુરા ધ્રુવ હાઉસ ખાતે 'એસ.એસ. એન્ટરપ્રાઈઝ' નામે રોડ બનાવવાનો સામાન વેચતા કુલદીપ રાજેન્દ્રકુમાર શર્માએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ એચડીએફસી બેંકની જિલ્લા સેવા સદન શાખામાં વેપારનું કરન્ટ એકાઉન્ટ તેમજ પોતાનું સેવિંગ એકાઉન્ટ ધરાવે છે. આ ઉપરાંત તેમની દીકરી ધ્રુવી રાજ પટેલનું પણ તે જ બેંકમાં સેવિંગ ખાતું છે. આ ત્રણેય એકાઉન્ટમાં કુલદીપભાઈનો મોબાઈલ નંબર રજિસ્ટર્ડ હતો અને તેમના ફોનમાં ગૂગલ-પે સાથે આ ત્રણેય ખાતા લિંક હતા.

ગત 24 ઓક્ટોબરના રોજ બપોરે તેઓ ઘરે હાજર હતા ત્યારે વેપારીને ફોન કરવા ખિસ્સામાંથી મો બાઈલ કાઢતાં ફોન અચાનક પો તાની મેળે અપડેટ થવા લાગ્યો હ તો . શંકા જતાં તેમણે ફોન સ્વિચઓફ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ફોન બંધ થયો નહોતો. તે દરમિયાન ફોનમાં ઉપરાઉપરી ઓટીપી આવવા લાગ્યા હતા અને મોબાઈલનું એક્સેસ તેમના હાથમાંથી જતું રહ્યું હતું. સાયબર ગઠિયાએ તેમના ફોનનું રિમોટ એક્સેસ મેળવી કરન્ટ એકાઉન્ટમાંથી રૂ. 89,999, તેમના પર્સનલ એકાઉન્ટમાંથી રૂ. 83,332 તથા દીકરીના એકાઉન્ટમાંથી રૂ. 60,000 મળીને કુલ સાત ટ્રાન્ઝેક્શન મારફતે રૂ. 2.33 લાખ ઉપાડી લીધા હતા. આ મામલે શાહીબાગ પોલીસે આઈ ટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પાણીની તંગીને પહોંચી વળવા AMCનો નિર્ણય, 1000 ફૂટ ઊંડા 12 બોરવેલ તૈયાર કરાશે

અમદાવાદ, તા.29

અમદાવાદ શહેરમાં પાણીની પેદા થઈ રહેલી ગંભીર સ્થિતિ વચ્ચે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ ભલે બધું બરાબર હોવાની વાતો કરી રહ્યા હોય, પરંતુ સંભવિત કટોકટી સામે તંત્ર અંદરખાને દોડતું થઈ ગયું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરના ચાર ઝોનમાં એક હજાર ફૂટ (310 મીટર) ઊંડાઈ ધરાવતા કુલ 12 બોરવેલ બનાવવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે.

ગુરુવારે મળનારી મ્યુનિસિપલ કોર્પોરેશનની વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટીની બેઠકમાં આ અંગેની ખાસ દરખાસ્ત મૂકવામાં આવી છે. જેમાં ચાર જુદી જુદી એજન્સીઓને કુલ રૂ. 3.99 કરોડના ખર્ચે 12 બોરવેલ બનાવવાનું કામ સોંપવા માટેની મંજૂરી માંગવામાં આવી છે. 350 બાય 250 એમએમ ડાયા અને 310 મીટર ઊંડાઈ ધરાવતા એક બોરવેલનો અંદાજિત ખર્ચ રૂ. 33.30 લાખ નક્કી કરવામાં આવ્યો છે. આ ખર્ચમાં ડ્રિલિંગ ઉપરાંત ડેવલપિંગ, પાઈપ એસેમ્બલી અને મટિરિયલ સહિતની તમામ બાબતોનો સમાવેશ થાય છે. આગામી દિવસોમાં શહેરના બાકી રહેતા અન્ય ત્રણ ઝોન માટે પણ આ જ પ્રકારે બોરવેલ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

પશ્ચિમ ઝોન, મધ્ય ઝોન, ઉત્તર-પશ્ચિમ ઝોન અને દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં ચોક્કસ જરૂરિયાત વાળા સ્થળોએ આ બોરવેલ બનાવવામાં આવશે. જે સ્થળો પર નવા બોરવેલ બનશે તેમાં વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન (WDS)થી પાણી પહોંચતું ન હોય તેવા છૂટાછવાયા વિસ્તારો. જે વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનના કમ્પાઉન્ડમાં હાલમાં કોઈ બોરવેલ ઉપલબ્ધ ન હોય. જ્યાં હયાત બોરવેલ ફેલ થઈ ગયા હોય અથવા બંધ પડી ગયા હોય તેવા સ્થળો. તંત્ર દ્વારા નક્કી કરવામાં આવેલી નવી જગ્યાઓ.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599